બાળસ્નેહી



પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવ પ્રકાશન
પ્રમુખસ્વામી મહારાજ ગ્રંથ શ્રેણી : ૧૮

બાળસ્નેહી

(નાનાં નાનાં ભુલકાંઓ ઉપર વરસતી પ્રમુખસ્વામી મહારાજની
દિવ્ય સ્નેહ-સરવાણીનું એક દર્શન)

લેખક
સાધુ આનંદજીવનદાસ
સાધુ વિવેકપ્રિયદાસ

પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ -૪

બાળસ્નેહી

(નાનાં નાનાં ભુલકાંઓ ઉપર વરસતી પ્રમુખસ્વામી મહારાજની
દિવ્ય સ્નેહ-સરવાણીનું એક દર્શન)

પ્રથમ આવૃત્તિ :
ડિસેમ્બર, ૧૯૯૫.

પ્રત :
૧૫,૦૦૦

આવરણ છબિ :
સાધુ યોગીચરણદાસ

મૂલ્ય :
૯.૦૦

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ-૪.

હૃદયોર્મિ...

સ્વામી !
આપ સ્વયં અમૃત છો.
આપના અમૃત સભર અમૃત મહોત્સવે,
સૌ અમૃત સંતાનો,
અમૃત સાથે રસબસ થશે, અમૃતરૂપ (બ્રહ્મરૂપ) થશે.

સ્વામી ! બે-એક વર્ષ પહેલાંનો એ દિવસ અમને યાદ છે.
આપના અમૃત મહોત્સવની ઊજવણીની દરખાસ્ત લઈને અમે
આપની પાસે આવ્યા'તા ! રસાકસી જામી'તી !
'શાનો અમૃત મહોત્સવ ? શું છે આ બધું ? કંઈ નથી ઊજવવું. બધું ઉજવાઈ ગયું....'
આપની નારાજ મુખાકૃતિ અને આ ઉદ્ગારો અમને યાદ છે.
આપ સંમતિ આપતા જ નહોતા !
છેવટે સાક્ષાત્ શ્રીહરિ અમારા પક્ષે ભળ્યા ને આપ હાર્યા !
આપને હરાવવાનું અમે આપની પાસેથી જ શીખ્યા છીએ ને !
ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને ગુરુ યોગીજી મહારાજના
જયંતી મહોત્સવની ઊજવણી વખતે
આપે એમને આમ જ હરાવ્યા'તા ને !

સ્વામી !
જીવપ્રાણીમાત્રમાં ભગવાન રહ્યા છે પણ આપનામાં ભગવાન સિવાય બીજું કંઈ જ નથી !
આપ કોઈના ઠરાવ્યા ઠર્યા નથી.
સ્વયંસહજ ભગવાનના ધારક છો.
કોઈનું ઠરાવ્યું, કોઈમાં ઠરાવ્યું નથી ચાલતું.
ઠરાવેલું કેટલું ચાલે ?
સિંહણનું દૂધ સુવર્ણપાત્ર જ માંગે !
એટલે જ ,
આ એક અમૃત મહોત્સવ તો શું ?
અનેકાનેક આવા અમૃત મહોત્સવો ઓછા પડે
એવું આપનું વ્યક્તિત્વ છે,

એવું આપે અમારા માટે, જીવપ્રાણીમાત્ર માટે કર્યું છે.
ભક્તો જ આપનું જીવન, ભક્તો જ આપના શ્વાસોચ્છ્વાસ !

આપના અમૃત મહોત્સવે
આપની સદા વહેતી દિવ્યતા અને કાર્યધારા,
અનેક આધ્યાત્મિક, સામાજિક પ્રવૃત્તિઓમાં નવતરરૂપે વહેશે.
તેમાં, લેખન દ્વારા,
આપના અમૃત વ્યક્તિત્વનાં આરાધન, ચિંતન, મનન
અને અનુભવપૂત નિદિધ્યાસનની છોળો ઊડશે.
જો કે અહીં ફરી પાત્રતાનો, ક્ષમતાનો ગજાનો સવાલ આવે છે.
આપના માટે લખવું એટલે
આકાશનો પરિચય કરાવવો.
ગુરુત્વાકર્ષણની બહાર ગયેલા અવકાશયાત્રીઓને
જે અનુભવ થયો તેનું વર્ણન પૃથ્વી પર રહેલાથી કઈ રીતે થાય ?
એ વર્ણવવા જાત-અનુભવ જ લેવો પડે. તેમ,
આપ માયાથી પર, દેહના ભાવોથી રહિત, અખંડ ભગવાનમય.
આપ દેહાતીત નરતનુધારી અને અમે સામાન્ય દેહધારીઓ.
કઈ રીતે આપને શબ્દોમાં મૂકવા ?
છતાં, કંઈક ગુરુઋણ અદા કર્યાનો સંતોષ લેવા માટે,
'હાં હાં ગડથલ' રૂપે કંઈક કરવાનો ઊમળકો છે.
વળી, આપની દૃષ્ટિ વિશાળ છે.
અણુ જેટલી અમારી સેવાને આપ મેરુતુલ્ય માનો છો,
તેથી અમે વિશેષ ફાવ્યા છીએ. અહીં જે કાંઈ ગુણગાન લખ્યા છે તેમાં,
લાભ-અલાભની પરવાહ નથી,
કોઈને દેખાડવાના અભરખા નથી,
માત્ર હૃદયોર્મિ ઠાલવી છે.
આ હૃદયોર્મિઓ સ્વીકારશોને સ્વામી ?

પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવ સમિતિ વતી
સાધુ કેશવજીવનદાસ
(મહંત સ્વામી)

આમુખ

પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અમૃત મહોત્સવના ઉપક્રમે, તેઓશ્રીનાં દિવ્ય જીવન-કાર્યને અર્ઘ્ય આપતી પ્રકાશન શ્રેણી આપના હાથમાં મૂકતાં હર્ષ થાય છે.

મહાપુરુષના જીવનને ક્યારેય શબ્દોના બાંધેલા કિલ્લા વચ્ચે પૂરી શકાતું નથી - એ એક નક્કર વાસ્તવિકતા છે. પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વ્યક્તિત્વને જુદા જુદા દૃષ્ટિકોણથી મૂલવતા આ પ્રત્યેક પ્રકાશન શ્રેણીના લેખકને, એનો અનુભવ અવશ્ય થયો છે.

માનવદેહમાં વિચરતી અસાધારણ દિવ્ય વિભૂતિ સમા પરમ પૂજ્ય સ્વામીશ્રીના એ વ્યક્તિત્વને સમજવા માટે જુદાં ચક્ષુ, જુદી દૃષ્ટિ જોઈએ. જ્યાં શબ્દોનું સામ્રાજ્ય અત્યંત વામણું પુરવાર થાય છે એવા સ્વામીશ્રીના વ્યક્તિત્વને અહીં શબ્દોમાં મૂકવાનો પ્રયાસ કર્યો છે, એ ગુરુભક્તિનું એક પુષ્પમાત્ર છે.

ભગવાન સ્વામિનારાયણે ચીંધેલા રાહે, માનવ માત્રના સર્વાંગી ઉત્કર્ષ માટે પોતાના જીવનની ક્ષણે ક્ષણનું બલિદાન દેનાર સ્વામીશ્રી માટે, આ પુસ્તિકા એ માત્ર એક પરિચયાત્મક રજૂઆત જ છે. અહીં વિષયને સમ્યક્પણે મૂલવવાની અક્ષમતા સ્વીકારી લઈને આ પુસ્તિકા આપના હાથમાં મૂકીએ છીએ.

પરમ પૂજ્ય સ્વામીશ્રીની એક લાક્ષણિકતા રહી છે કે એમનું વાત્સલ્ય નાનાં નાનાં ભુલકાઓથી માંડી વૃદ્ધો સૌ કોઈ પર વરસતું રહ્યું છે. એમાંય બાળકો સાથેની એમની સ્નેહ ગોઠડી કંઈક ન્યારી છે. ક્યારેક બાળકો સાથેની એમની ગોઠડી જોઈને મોટા મોટાને પણ બાળક બનવાનું મન થાય એવી એમની બાળકો સાથેની નિરાળી પ્રીતિ છે. આ પુસ્તિકામાં એ નિરાળી પ્રીતિને રજૂ કરવાનો પ્રયત્ન કરીએ છીએ. આ પુસ્તિકાના લેખક પૂજ્ય આનંદજીવન સ્વામી તથા પૂજ્ય વિવેકપ્રિય સ્વામીનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

આશા છે, આ પુસ્તિકા સ્વામીશ્રીને કંઈક વધુ સમજવામાં આપની મદદ કરી શકશે.

- પ્રકાશન સમિતિ
સ્વામિનારાયણ અક્ષરપીઠ

ક્રમિકા

પ્રસ્તાવના

બાળક એ ઈશ્વરનો પ્રેમપત્ર છે.

માનવજાત પર પરમાત્માને હજુએ વિશ્વાસ છે, અને તેથી જ તે પોતાના દૂતોને બાળકરૂપે મોકલી રહ્યો છે.

અખૂટ વિસ્મય, અપાર જિજ્ઞાસા,

પારદર્શક નિર્દોષતા અને નિરાળું નિર્દંભપણું એ બાળકની ઓળખ છે. આવો બાળક જ્યારે એવી જ નિર્દોષતાની સાથે ગોઠડીએ વળગે છે, એ જ નિર્દંભ, સરળ, નિખાલસ, હેતાળ અને ફૂલ જેવા હળવા વ્યક્તિત્વનો સ્પર્શ પામે છે, ત્યારે વિશ્વના તમામ મોટેરાઓ બાળપણ પામવા ઝંખી રહે છે...

કારણ કે એ વ્યક્તિત્વ એક નિર્મળ સંતપુરુષનું છે...

સહજ-આનંદના ધારક, લાખોના જીવનપ્રાણ પ્રમુખસ્વામી મહારાજનું છે.

એક બાજુ વિશ્વના સીમાડાઓને બાથમાં લેતી એમની વિરાટ પ્રતિભા... બીજી તરફ આવતી કાલના ધોરી એવા બાળક સાથે તન્મય થવાની સાલસતા...

એક તરફ વિરાટ કાર્યભાર વહન કરતી આધ્યાત્મિક-સામાજિક સંસ્થાનું વડપણ, બીજી તરફ હળવા ફૂલ સમું બાળક સાથે વિલસતું એમનું ભોળપણ...

એક તરફ વિશ્વશાંતિના પ્રયત્નો, બીજી તરફ આવતી કાલની ખીલતી કળીઓનું રક્ષણ અને પોષણ...

એક તરફ અધ્યાત્મની જ્ઞાનગંભીરતા, બીજી તરફ વાત્સલ્યનો ઊછળતો ધોધ!

સ્વામીશ્રી બંને ધ્રુવ ઉપર સમતોલ છે.

કારણ કે તેઓ દરેક બાળકમાં 'યોગીબાપાનાં દર્શન' કરે છે...

દરેક બાળકમાં એમને 'જગતનો તાત' દેખાય છે...

દરેક બાળકમાં 'આવતીકાલના સમાજઘડવૈયા' દેખાય છે...

અને એટલે જ આ જીવંત પયગંબરોની એમણે વાત્સલ્યથી માવજત કરી છે, સંસ્કરોથી ઘડતર કર્યું છે, પ્રવૃત્તિઓથી વ્યક્તિત્વ વિકાસ કર્યો છે, સમૂહમાં રાખી આત્મવિશ્વાસ સીંચ્યો છે. એમણે બાળકોમાં ભગીરથનું સ્થાપન કર્યું છે...

અને એવા અનેક બાળ ભગીરથોએ સંસ્કારગંગાની દિશા પોતાના દ્વારા માતા-પિતા સુધી વહાવી છે! 'અવળી ગંગા'નો શબ્દપ્રયોગ અહીં સફળ અને સાર્થક લાગ્યો છે...

ભવિષ્યની આશા અને આશાઓનું ભવિષ્ય એવાં બાળકોને સ્વામીશ્રીએ જાતે પોષ્યા છે. ફોન, પત્ર, મુલાકાત કે અન્ય માધ્યમો તો ખરાં જ, પણ એમાંય પોતાનું હૃદય રેડ્યું છે. સ્વામીશ્રી હૃદયથી મળે છે. બાળકોનાં હૈયાં કૉળી ઊઠે છે.

સ્વામીશ્રીની વાત્સલ્યસરિતા, સંસ્કારઘડતરની શૈલી, જિજ્ઞાસા સંતોષવાની ધીરજ, પ્રેમ-પ્રોત્સાહનનાં અમૃત આ પુસ્તિકામાં અમીછાંટણાંની જેમ છંટાયેલાં છે. ક્યાંય ગોઠવણ નથી... બસ, સહજતાને કિનારે આંખોને ભીની કરે તેવા તરલ સંબંધો શબ્દોમાં ઝીલાયાં છે... જે વિશ્વવંદનીય સંતપ્રતિભાની અલગ બાજુને નિહાળવાનો હુંફાળો-નિરાળો અનુભવ આપે છે... આવો, બાળસનેહીની નિર્દોષતા નિહાળી નિર્દોષ થવાના પગલે પગલે...

૧. સ્નેહ સંજીવની

'હલ્લો, સ્વામીબાપા, જય સ્વામિનારાયણ, હું મિતેશ...'

'જય સ્વામિનારાયણ મિતેશ, કેમ મજામાં છે ને!'

'હા, પણ હમણાં એક્ઝામ (પરીક્ષા) છે. ને આપ પધાર્યા છો તેથી માઈન્ડ વાંચવામાં જામતું નથી. હું ત્યાં મંદિરે આવી જાઉં?'

'જો મિતેશ, પહેલો અભ્યાસ કરી લેવો. એક્ઝામ હોય ત્યારે ભજન-ભક્તિ થોડાં ઓછાં થાય, પણ મહારાજ-સ્વામીને પ્રાર્થના કરીને પેપર લખી નાખવું. ભગવાન આવીને લખી જાય. આપણે ટેન્શન ન રાખવું. ઓ.કે.? જો આપણે મળી લીધું ને! (ફોન પર!) હવે પરીક્ષામાં ફર્સ્ટ કલાસ ફર્સ્ટ લેવો. પછી મળીશું. ભગવાન ભજવામાંય ફર્સ્ટ કલાસ ફર્સ્ટ...'

ફોન મૂકીને બાળક નાચવા લાગે છે! મનનો બોજો ક્યાંય ગાયબ થઈ જાય છે. માતા-પિતા કે કુટુંબીઓની હૂંફથી જે ટેન્શન-બોજો ખસતો નથી, તે સ્વામીશ્રીની વહાલપના બે બોલથી દૂર સરી જાય છે...

હા, બાળક તો પ્રેમનો વ્યસની છે. સ્નેહ પાયા કરીએ અને જીવંતતા આપ્યા કરીએ ત્યારે બાળકોમાંથી અદ્‌ભુત કૃતિઓનું સર્જન થાય છે. જે દેશ-દુનિયાને રાહ ચીંધનારા રાહબર બની જાય છે... સ્વામીશ્રીની સ્નેહ સરવાણી આજ હેતુથી બાળકો પર અખંડ-અવિરત વહેતી રહે છે.

લંડનમાં પ્રાતઃપૂજા પછી રોજ સ્વામીશ્રી આશીર્વાદ આપતા હોય ત્યારે બાળકો પણ લાઈનમાં આવે ને પૂછેઃ 'બાપા! હાઉ આર યૂ?' 'કેમ છે?'

સ્વામીશ્રી બાળકોને ભાવથી કહે, 'ક્વાઈટ વેલ... વેરી ફાઈન!' અને બાળકો આનંદમાં ઝૂમી ઊઠે.. આટલો સંવાદ તેના અંતરમાં ચિરંજીવ બની જાય.

એક વાર સ્વામીશ્રી આસ્ટનમાં હતા. રમણભાઈનો નાનકડો પુત્ર

સ્વામીશ્રી સુધી પહોંચી ન શક્યો તેથી ઊંચો થઈને પોતાનો હાથ બતાવતાં કહે, 'બાપા! મારા હાથમાં કેવું છે? જુઓને!'

સ્વામીશ્રીએ તેનો હાથ પકડી તેની હથેળીમાં પોતાની હથેળી ઘસતાં કહ્યું : 'તારા હાથમાં તો ખરેખરું છે! સરસ છે...!'

બાળક ગેલમાં આવી ગયો.

એક વાર પ્રાતઃપૂજા દરમ્યાન મંચ ઉપર જ ત્રણ શિશુઓ એક સાથે જઈ ચડ્યા. સ્વામીશ્રી માળા કરી રહ્યા હતા. બાળકો ઊંચું જોતાં ઊભા રહ્યા. તેમને કંઈક કહેવું હતું. સ્વામીશ્રી જરા નીચે નમ્યા એટલે ત્રણે સ્વામીશ્રીના કાનમાં કહે, 'બાપા! તમે અમારે ઘરે આવશો?'

સ્વામીશ્રી પ્રેમથી માથે હાથ મૂકતાં કહેઃ 'આવશું હોં, આવશું!'

સ્વામીશ્રીનાં આ વચનો-ભાવનાઓ, પ્રેમ-આત્મીયતા એ ઠાલાં વચનો નથી હોતાં....

* * *

સ્વામીશ્રી પંચમહાલમાં દેવગઢ બારિયા ગામે બિરાજ્યા હતા. આખું ગામ ખુશખુશાલ હતું. સ્વામીશ્રી ઉતારે હતા ત્યાં બાજુના નાનકડા મલાવ ગામનો ચારેક વર્ષનો શંભુ સ્વામીશ્રી પાસે આવીને ઊભો રહ્યો. આંખમાં નરી નિર્દોષતા વસી રહી હતી.

'જય સ્વામિનારાયણ...' સ્વામીશ્રીએ કહ્યું.

શંભુની આંખમાં ચમકાર થયોઃ 'જય સ્વામિનારાયણ!' તેણે કાલી બોલીમાં કહ્યું ને પૂછ્યુંઃ 'બાપા! મારા ઘરે આવશો? આવોને!'

સ્વામીશ્રીએ તેનો પરિચય મેળવ્યો. પછી હેતથી માથે હાથ મૂકતાં કહે : 'ટાઈમ મળે એટલે આવીશું હોં!'

બાળક ખુશ થઈને દોડી ગયો. બીજે દિવસે સ્વામીશ્રી રાબોડ પધાર્યા હતા. એક હરિભક્તના લગ્નપ્રસંગે આશીર્વાદ આપી સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા બિરાજ્યા ત્યાં જ શંભુ આવીને ઊભો રહ્યો. સ્વામીશ્રી દિવ્યસ્વરૂપ સ્વામીને કહેઃ 'જો, આ શંભુ આવી ગયો!' પછી સૂચના આપી કે આપણે તેના ઘરે જવાનું વચન આપ્યું હતું. એનું આમંત્રણ હતું. આપણે ત્યાં જવું પડશે...'

'... પણ સ્વામી,' તેમણે દલીલ કરી કે 'આપનું સ્વાસ્થ્ય સારું નથી ને એ

રસ્તો પણ સાવ ધૂળિયો ને કાચો છે.'

સ્વામીશ્રીએ એક જ વાક્ય ઉચ્ચાર્યું: 'અત્યારે આપણે ઘોઘંબા તો જઈએ જ છીએ, તો વચ્ચે જ ગામ આવે છે. માટે જઈ આવીશું...!'

સંતો મૌન રહ્યા. સમય થયો અને સ્વામીશ્રી ઉપડ્યા. રાત્રે ૧૦ના સુમારે મલાવ ગામને પાદર ગાડી ઊભી રહી. અશ્વિનભાઈ મિસ્ત્રી પોતાના બાળક શંભુ સાથે માત્ર દર્શનની આશાએ ઊભા હતા. પણ સ્વામીશ્રી કહે: 'ચાલો, ઘરે!' બાળક અને એ કુટુંબ ધન્ય બન્યું. સૌએ પ્રેમથી સ્વામીશ્રીને સત્કાર્યા. પૂજન-આરતી થયાં પણ સ્વામીશ્રીની નજર શંભુની શોધમાં હતી. આરતી પૂરી થઈ ત્યાં શંભુને જોયો એટલે સ્વામીશ્રી કહે, 'ક્યાં ગયો હતો? આ ઉતારી?'

'ના.' તેણે કહ્યું.

સ્વામીશ્રીએ હાથમાં ઠાકોરજી લીધા તેને માટે ફરીથી આરતી પ્રગટાવી ને એ બાળકે આરતી કરી ત્યાં સુધી પ્રેમથી તેની ભક્તિ નિહાળતા રહ્યા... શંભુ પણ સ્વામીશ્રીના આ વાત્સલ્ય ધોધને ઝીલી રહ્યો હતો...

* * *

લંડન મંદિરમાં હજુ હમણાં જ સભા પૂરી થઈ હતી. સ્વામીશ્રી આશીર્વાદ આપી રૂમમાં પધાર્યા. ત્યાં દિનેશ સામાણીનો નાનકડો રવિ હાથમાં રફ નોટબુક લઈ રૂમમાં દોડી આવ્યો. હજુ ભણવા પણ ન બેઠો હોય, તેની નોટબુકમાં 'ચીતરડા-ભમરડા' સિવાય બીજું શું હોય? સ્વામીશ્રીને ઉત્સાહથી નોટ બતાવી. રવિ કહે: 'મારી નોટ!'

સ્વામીશ્રીએ પ્રેમથી નોટબુક લીધી. પાનાં ઉથલાવ્યાં. ત્યાં તે બોલ્યો: 'મને આશીર્વાદ લખી આપો.'

સ્વામીશ્રી મલક્યા. રવિએ એક ચિત્ર દોર્યું હતું તે પાનું કાઢી તરત બે લીટી લખી આપી : 'આપણે સારું ભણવું. માતાપિતાને પગે લાગવું. સત્સંગ કરવો... શા. નારાયણસ્વરૂપદાસના આશીર્વાદ, ૨૭-૯-૯૦, લંડન.' પછી કહે, 'લે, બસ!'

રવિ આનંદથી નાચી ઊઠ્યો. રફ નોટબુકના રફ કાગળ સાથે સ્વામીશ્રીને મતલબ ન હતો. કારણ કે આ અક્ષરો બાળકના હૃદય પર અંકાતા હતા...

બાળકોને જુએ ને સ્વામીશ્રી પણ તેના જેવડા બની જાય. અટલાદરામાં

ગિરીશભાઈ પટેલનો હરિ દર્શને આવ્યો. સ્વામીશ્રીએ એકદમ તેની સામે પ્રસાદનાં બે બોક્સ ધર્યાં. એક નાનું ને બીજું મોટું. કહેઃ 'લે, નાનું જોઈએ કે મોટું?'

આ ચાલાક બાળક વિચારમાં પડી ગયો, પછી ધીરેથી કહે, 'નાનું!' તેની ભાવના જોઈ સ્વામીશ્રી હસી પડ્યા. ને નવી રમત આદરી. કહેઃ 'જો, એક બોક્સમાં પંજરી છે, ને બીજામાં લાડુડી...બોલ, હવે કયું જોઈએ?'

તડાક દઈને હરિ બોલી ઊઠયોઃ 'બંને!'

સૌ હસી પડ્યા. સ્વામીશ્રી ખડખડાટ હસતાં કહે, 'બેન, કોદરો આપું કે કોદરી? તો કહે, 'બંને!' એવો છે આ!!'

તેને બંને બોક્સ આપી સ્વામીશ્રીએ રાજી કર્યો.

ગંભીરતાના વિરાટ ઊંબરાને વટાવવો સ્વામીશ્રી માટે કેટલો સહજ છે!

* * *

સ્વામીશ્રી ન્યૂયોર્ક મંદિરે એક બપોરે ઠાકોરજી જમાડી સોફા પર બિરાજ્યા હતા. ઘનશ્યામભાઈનો નાનકડો પુત્ર માર્કંડેય આવી ચડ્યો. સીધો સ્વામીશ્રીની બાજુમાં જઈને ઊભો રહ્યો. સ્વામીશ્રી પ્રેમથી તેની પીઠ થાબડવા લાગ્યા. તો માર્કંડેય સ્વામીશ્રીની પીઠ થાબડવા લાગ્યો!

યોગીચરણ સ્વામી કહેઃ 'માર્કંડેય, સ્વામીબાપા તો તને આશીર્વાદ આ છે, આપણે આશીર્વાદ ન અપાય. ભૂલ કરી. તે હવે દંડવત્ (પ્રણામ) કર.'

તેણે દંડવત્ પ્રણામ કર્યા પણ સ્વામીશ્રી તેની સામે જોતાં પ્રેમથી કહે, 'ના હં, આશીર્વાદ અપાય....'

એટલે માર્કંડેય ફરી સ્વામીશ્રી પાસે પહોંચ્યો ને એમની પીઠ થાબડવા લાગ્યો. યોગીચરણ સ્વામી કહે, 'ફરી કેમ આશીર્વાદ આપ્યા?'

તે કહે, 'મેં આશીર્વાદ ક્યાં આપ્યા છે?'

તરત સ્વામીશ્રીએ તેનું વાક્ય પૂરું કરી આપ્યું, 'આ તો મિત્રતા છ કેમ ?'

સિત્તેર વર્ષના વયોવૃદ્ધ - વિશ્વવંદ્ય વ્યક્તિત્વના પ્રેમ-સૌહાર્દમાં સાત વર્ષના બાળકની મિત્રતા માણવાનું હૈયું છે! આ દશ્ય જેણે જોયું તેના હૈયે ચિરંજીવ બની ગયું. કોઈ પણ બાળક એમની સાથે કોઈ જ અંતરાય કે ક્ષોભ વિના એમનો સખાભાવ પામી શકે છે, એ બાળક સમી નિર્દોષતા સિવાય

કઈ રીતે શક્ય છે?

સ્વામીશ્રી લીંબડીમાં ઠાકોરજી જમાડી રહ્યા ત્યાં ઘનશ્યામભાઈ પોતાના ૬ માસના કુણાલને તેડીને લાવ્યા. સ્વામીશ્રીએ તેને જોતાં જ કંસાર મગાવ્યો. પૂછી લીધું કે ખાય છે ને? ઘનશ્યામભાઈએ હા પાડી એટલે સ્વામીશ્રીએ એક ચપટી કંસાર લઈ કુણાલના મોંમાં મૂક્યો! એ શિશુએ ગળે ઊતારી ફર્ર પહોળું કર્યું! સ્વામીશ્રીએ બીજી ચપટી મૂકી... બાળકની શ્રદ્ધા ખૂટે તેમ નહોતી, ત્રીજી... ચોથી... પાંચમી... સામે સ્વામીશ્રી પણ વરસ્યે જતા હતા! .નો આસ્વાદ આમ ગળથૂથીમાંથી પામેલાં આવાં અસંખ્ય બાળકો જ દશના ભવિષ્યને ઉજ્જવળ કરશે ને!

* * *

અમેરિકા રહેતા ભાયલીના કૌશિકભાઈ પોતાના છ માસના પુત્ર ‍શને સ્વામીશ્રી પાસે પગે લગાડવા આવ્યા હતા. તેમણે તે બાળકને સાધો સ્વામીશ્રીના ખોળામાં જ મૂકી દીધો. સ્વામીશ્રી તેને રમાડતાં બોલવા લાગ્યા : 'ભગવાનની જિજ્ઞાસા રાખજે. જગતની નહીં. મોટો થઈને ભગવાન ભજજે હં, અમેરિકાનો રંગ ન લાગે...' આ બાળક સાથે જાણે સ્વામીશ્રીએ આત્મિક ગોઠડી માંડી હતી. બાળકે પણ આજે સ્વામીશ્રીનો પૂરો લાભ ઊઠાવ્યો. સૂતાં સૂતાં જ તેણે સ્વામીશ્રીનો હાથ ઝાલી લીધો. પહેલી આંગળી પકડીને સીધી મોંમાં! સ્વામીશ્રીએ પણ આંગળી પાછી ખેંચી ન લીધી. બાળક ચૂસણીની જેમ ચૂસવા લાગ્યો.

'આને કયો રસ આવતો હશે?' પ્રિયદર્શન સ્વામીએ પૂછ્યું.

સ્વામીશ્રી સહજભાવે કહે: 'ભગવાનનો રસ આવે છે, કેમ જિજ્ઞેશ?' આ બાળક બ્રહ્મ-અમૃતને લૂંટી રહ્યો હતો, તે તેના મોં પર થતાં ખિલખિલાટ હાસ્યથી અનુભવાતું હતું. આ બ્રહ્મરસ પીનારા ભૂલકાંઓ મોટા થશે, ત્યારે તેમના ધબકારે ધબકારે પણ ભગવાનનો જ રસ વહેતો રહેશે ને!

* * *

ગોંડલમાં સ્વામીશ્રીના નાદુરસ્ત સ્વાસ્થ્યને કારણે મુલાકાતો બંધ હતી. પરંતુ એકવાર સ્વામીશ્રી ઠાકોરજી જમાડવા બિરાજ્યા, ત્યાં પાંચ-સાત બાળકો અંદર આવી ગયા. મુલાકાત-દર્શન બંધ હોવાથી એક સંતે કહ્યું : 'ચાલો બધા...'

સ્વામીશ્રીની નજર પડી. તરત બોલાવ્યાઃ 'આવો બધા... આવી ગયા છો તો આશીર્વાદ લેતા જાવ... એમ ને એમ ન જવાય...' બાળકો ખુશ થઈને દોડી આવ્યા. દરેકને સ્વામીશ્રીના પ્રેમભર્યા ધબ્બા મળ્યા..

બાળકોનું મન ભાંગે નહીં, તે સતત પ્રોત્સાહિત થાય તેવો અભિગમ એમના અંતરમાં સ્વાભાવિક રહે છે.

ગુરુકુળ હોય કે છાત્રાલય સ્વામીશ્રીએ હંમેશાં બાળકોના પ્રશ્નો ઉકેલવા અગ્રતાક્રમ રાખ્યો છે.

ગોંડલ ગુરુકુળના બાળકો માટે એકવાર સ્વામીશ્રીએ કહેલું કે દરેકને સારું દૂધ આપવું. ભોજન વ્યવસ્થિત-પૌષ્ટિક આપવું. ભલે આપણે ફી ઓછી લઈએ. એમને માટે અમે બે ગામડાં વધારે ફરીશું પણ છોકરાઓને સારી રીતે જ રાખવા...'

ઉકાઈમાં સંસ્થા દ્વારા ચાલતા આદિવાસી છાત્રાલયમાં સ્વામીશ્રીએ રૂમે રૂમે પગલાં કર્યાં. દરેક પ્રશ્નો સાંભળ્યા, પ્રશ્નો પૂછી ચોખવટ મેળવી. સંતોષ ન થયો ત્યાં સુધી વ્યવસ્થા અને સગવડો બાબતે પૂછતા રહ્યા.

વાતવાતમાં જાણવા મળ્યું કે બાળકોને રોજ પાઉડરનું દૂધ આપવામાં આવે છે.

સ્વામીશ્રીએ તરત પૂછ્યું, 'બધાને ભાવે છે? બધા પીએ છે?

'કોઈને ન ભાવે તો ન પણ પીએ.' વ્યવસ્થાપકે કહ્યું.

સ્વામીશ્રીને ગ્લાનિ થઈ આવી. કહેઃ 'તમે સમજો, છોકરાનું ચડતું લં કહેવાય. આપણે ગાય કે ભેંસનું દૂધ આપવું. જેથી કોઈ પીધા વિના રહી ન જાય.' પછી રૂમોમાં પલંગ પર મૂકેલા ગરમ ધાબળા જોયા ને કહે, 'આ ધાબળા તો ટાઢ હરે એવા ફક્કડ છે પણ તેનાં ખોળિયાં કરાવી દેવાં... ં બાળકો ઓઢે ત્યારે ગાલે વાગે નહીં!!'

માતાની મમતા અને અંતરના વાત્સલ્ય વિના આવો સૂક્ષ્મ વિચાર ક્યાંથી ઉદ્ભવે?

* * *

બાળકો સૌ પવઈ(મુંબઈ)ની 'અક્ષરવાડી'માં શિબિર માટે ગયા હતા. એ સુંદર શિબિરનો અહેવાલ સ્વામીશ્રી પાસે બે બાળકો - ધવલ અજમેરા અને મુકુલ ઝવેરીએ આપ્યો. સ્વામીશ્રી એકચિત્તે સાંભળી રહ્યા હતા. પછી કહે,

'અત્યારે શિબિર કરીને આવ્યા તે મોટાં ભાગ્ય કહેવાય. આપણા ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને યોગીબાપાએ ઠેલ માર્યો તે અત્યારે તમને ધબ્બા મળે છે... એ વખતે તો ગામમાં કોઈ પૂછે નહીં, ને પટેલને ઘેર ઊનાં પાણી.' એના જેવું હતું...' એમ કહી આપણી અક્ષરપુરુષોત્તમ સંસ્થાની સ્થાપનાનો રસાળ ઈતિહાસ સ્વામીશ્રી બાળકોને ધ્યાનમાં રાખીને કહેવા લાગ્યા. થોડીવારે વાત પૂરી થઈ ત્યાં કોઈ બોલ્યું, 'મુકુલને તો ત્યાં (શિબિરમાં) મચ્છરે ફોલી ખાધો.'

સ્વામીશ્રી વ્યવસ્થાપક સંતની સામું જોઈને કહે, 'દવા છાંટી નહોતી? દવા છાંટી દેવી જોઈએ...'

તેઓ કહે, 'બાપા! ધૂણી તો કરી જ હતી.'

સ્વામીશ્રીએ ફરી કહ્યું, 'એ બરાબર, પણ કાચબા અગરબત્તી પણ રાખવી... છોકરાનું ધ્યાન રાખવું. નહીં તો માંદા પડે...'

કલકત્તાથી હર્ષદભાઈ વળિયા આવ્યા હતા. તેમનો દૌહિત્ર ચાર-પાંચ માસનો જ હતો. હર્ષદભાઈએ પ્રણામ કરતા એ શિશુને સ્વામીશ્રીના ખોળામાં જ મૂકી દીધું! સ્વામીશ્રી પ્રસન્નતાથી તેની સામું જોઈ રહ્યા. બાળકની આંખો બંધ હતી. સ્વામીશ્રી જરા ઉઘાડતાં કહે, 'મહાત્મા, જાગો...'

બાળક આ પ્રેમની ભાષા સમજી ગયો હોય તેમ તેણે આંખો ઉઘાડી. સ્વામીશ્રી બોલી ઊઠ્યા, 'મહાત્મા જાગ્યા ખરા... બરાબર સત્સંગ રાખજો હોં, શું નામ?'

'રાજ.' હર્ષદભાઈએ કહ્યું.

સ્વામીશ્રી કહે, 'વાહ! આપણે તો ભગવાનની ભક્તિ થાય એ મોટું રાજ...!'

સૌ આ નિર્દોષ ગોઠડીને માણી રહ્યા હતા. સ્વામીશ્રીના નિર્મળ પ્રેમ પ્રવાહમાં પેલો બાળક ખોળામાં ઊછળતો ગેલમાં આવી ગયો!

* * *

ભાદરાની સીમમાં ઊંડ નદી તરફ સ્વામીશ્રીની પાછળ પાછળ સંત-હરિભક્તોને સમુદાય વહેતો થયો હતો. પ્રસાદીસ્થાનોનાં દર્શનનો સ્વામીશ્રીને ઘણો ઈશક. સ્વામીશ્રી પહોંચ્યા ત્યારે ઊંડને કિનારે આવેલા આંબાવાડિયામાં કેટલાક આંબા પર ઘણી કેરીઓ ઝૂલતી જોઈ. સ્વામીશ્રી આવો સરસ પાક જોઈ રાજી થયા. એક નાનકડો બાળક સ્વામીશ્રી પાસે

થઈને એક આંબા નીચે દોડી ગયો. નીચે પડેલી એક કાચી કેરી ઉપાડી સીધો વામીશ્રી પાસે આવ્યો.

સ્વામીશ્રી કહે, 'ક્યાંથી લાવ્યો?'

'અહીં નીચે પડી હતી.' બાળકે નિખાલસતાથી કહ્યું.

સ્વામીશ્રી રાજી થયા. કેરી લઈ બાળકને સાવ નજીક બોલાવી સ્વામીશ્રીએ તેના શર્ટના ઉપરના ખિસ્સામાં કેરી ખોસી આપી. કહે, 'ખાજે હોં! લે.' કહી તરબૂચની પ્રસાદી પણ આપી.

બાળક આનંદથી નાચતો આંબાવાડિયામાં દોડી ગયો...

બસ, અમસ્તો જ - નિઃસ્વાર્થ પ્રેમ વરસાવ્યા કરવાનો આ પુરુષના ીનો લય છે.

* * *

ગોંડળમાં ઘણીવાર અક્ષરદેરીમાં માનતા પૂરી કરવા આવનાર લોકો ાના બાળકની પેંડાથી કે સાકરથી તુલા કરતા હોય છે. આ તુલા થઈ રહે ે સ્વામીશ્રીને સૌ પ્રથમ ગુરુકુળના બાળકો સાંભરે. સ્વામીશ્રી કહી રાખે કે બાળકોની સંખ્યા પ્રમાણે પેંડા ત્યાં મોકલી દો. વધે તો સભામાં આપજો...

* * *

સ્વામીશ્રી મુંબઈમાં બિરાજતા હતા. છ વર્ષનો રાકેશ મકવાણા સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યો. તેના પિતાના આકસ્મિક અવસાનથી તે સૂનમૂન થઈ ગયો હતો. સંતો સ્વામીશ્રી પાસે લાવ્યા. ત્યારે અત્યંત અનુકંપાથી સ્વામીશ્રી તેને પૂછવા લાગ્યા. તે કહે, 'મારા પપ્પા સ્વર્ગમાં ગયા. એટલે મનમાં યાદ આવ્યા કરે છે. ભણવાનું ગમતું નથી.'

સ્વામીશ્રીએ એ નાનકડા બાળકને નજીક લીધો. પ્રેમથી માથે-બરડે હાથ ફેરવતાં આશ્વાસન આપવા લાગ્યા. કહે, 'ચિંતા ન કરવી. ધીરે ધીરે દુઃખ ઓછું થઈ જશે. ભણવામાં ધ્યાન રાખવું. અને જો, ગયા તે કાંઈ પાછા આવવાના છે? માટે આપણા સાચા માતાપિતા ભગવાન શ્રીજીમહારાજને યોગીબાપા છે, એ તારા દેહના પિતા હતા. આ આત્માના છે. તેને સંભા હિંમત રાખજે... સંભારીને દુઃખી ન થવું... કાંઈ જરૂર હોય તો કહી દેવું.... બધી વ્યવસ્થા થઈ જશે...'

સ્વામીશ્રીની વાણીમાં આર્દ્રતા હતી. અનુકંપા હતી. અપાર વાત્સલ્યનો

નિઃસ્વાર્થ મહાસાગર ઘુઘવતો હતો. બાળકને 'પરમ સમીપે' હોવાનો અનુભવ થયો. સ્વામીશ્રીએ પ્રસાદી આપી તેને રાજી કર્યો.

* * *

સ્વામીશ્રી અહીં એકવાર જમવા બિરાજ્યા હતા. થાળ આવ્યો. આજુબાજુ નાના નાના બાળકો ટોળે વળી સ્વામીશ્રીની સાથે ગોઠડી કરી રહ્યા હતા. અચાનક સ્વામીશ્રીએ સેવક કૃષ્ણવલ્લભ સ્વામીને પૂછ્યું, 'તું (નાનો હતો ત્યારે) જોગીબાપાની સેવામાં બેસતો હતો ને?'

'હા.'

'શેના માટે?' સ્વામીશ્રીએ પૂછ્યું.

તેઓ કહે, 'પ્રસાદ મળે એટલા માટે.'

સ્વામીશ્રી કહે, 'એમ આ બધા છોકરાઓ પણ એટલા માટે બેઠા છે, કાંઈ પ્રસાદી મગાવ...' એમ કહેતાં બાળકો સામે જોઈ મર્મમાં મલકી રહ્યા. બાળકોએ તાળીઓ પાડી આ પ્રસ્તાવને વધાવી લીધો. ને અડદિયાનો પ્રસાદ સ્વામીશ્રીએ સ્વહસ્તે બાળકોને આપ્યો!

મોટાનું મન પારખવું અઘરું હશે, પણ બાળકોનું મન પારખવા તો બાળક જ થવું પડે. સ્વામીશ્રી પોતાની વિરાટ પ્રતિભા સંકેલે છે તેને તળિયેથી આવી કંઈ કેટલી સહજ ક્ષણો બાળકોને સાંપડી રહે છે.

* * *

અમદાવાદમાં બાળકો મંચ ઉપરથી સુંદર રાગ ઢાળ સાથે કીર્તન આરાધના રજૂ કરી રહ્યા હતા. બાળકોના તાલે સ્વામીશ્રી પણ તાલ પુરાવતાં આંખોમાં અમી ભરીને નિહાળી રહ્યા હતા. એવામાં એક અક્ષર નામે ત્રણેક વર્ષનો બાળક સ્વામીશ્રીની સામે જ આવીને ઊભો રહ્યો. સવારે પૂજા સમયે પણ તે આવેલો ત્યારે સ્વામીશ્રીએ તેને જાતે જ તિલક-ચાંદલો કરી આપ્યા હતા. અત્યારે ઊંચા થઈને તેણે સ્વામીશ્રીના ચરણ સ્પર્શી લીધા. પછી પોતાના ખાલી હાથને જોતો મૂંઝવણમાં ઊભો રહ્યો. સ્વામીશ્રી તેની આ ચેષ્ટા અને ભાષા સમજી ગયા. કહે, 'એને પ્રસાદ જોઈએ છે...' તરત ડૉક્ટર સ્વામીએ પાંચ-સાત બદામ સ્વામીશ્રીને આપી. તેના હાથમાં સમાઈ તેટલી સ્વામીશ્રીએ આપી દીધી. તે રાજી થઈને દોડી ગયો...

* * *

ગોંડલના અજમેરા ફાર્મ હાઉસમાં સ્વામીશ્રીને ખાસ નાનકડા પિન્ટુનું આમંત્રણ હતું. સ્વામીશ્રી ત્યાં પધાર્યા. પોતાના સ્વીમીંગપુલમાં સ્વામીશ્રી સ્નાન કરે તેવી પિન્ટુને ખૂબ ઇચ્છા હતી. સવારે સ્વામીશ્રીએ સ્નાન કરવાની ઇચ્છા દર્શાવેલી પરંતુ વાતાવરણ ઘણું ઠંડું હતું. વળી મર્યાદા સચવાય તેમ પણ ન હતું. તેથી સ્નાન રદ કરવું પડ્યું. અગાશીમાં જ ભ્રમણ કરીને સ્નાન પછી સ્વામીશ્રી પૂજા કરવા પધાર્યા. સ્વામીશ્રીએ સ્વીમીંગપુલ પાવન ન કર્યો તેથી તે મૂડલેસ થઈ ગયો હતો. સ્વામીશ્રીને તેનો અણસાર આવી ગયો હતો. એક બાળકનો ભાવ પૂરો કરવા જ સ્વામીશ્રી પૂજા પછી વ્યક્તિગત લાભ આપી સ્વીમીંગપુલ પાસે પધાર્યા. ઠાકોરજીનાં પ્રાસાદિક પુષ્પો છાંટ્યાં. પછી પોતાનો એક પગ પાણીમાં પખાળતાં કહે, 'બસ, પિન્ટુ? અહીં આવ, લે, તારા માથા પર જળ ચડાવું...'

એમ કહેતાં તેને માથે જળ ચડાવ્યું. પિન્ટુ રાજી થઈ ગયો. છતાં ભાવથી બોલ્યો, 'સ્વામી! ફરીથી ના'વા પધારજો.'

બાળમનને તોડ્યા વિના તેને હેતના તાંતણે જોડી રાખવાનું મનોવિજ્ઞાન સ્વામીશ્રીના આત્મીયભાવનો આવિષ્કાર છે. સૌને આવા ઘણા પ્રસંગે તેનો અનુભવ થાય છે.

* * *

મુંબઈ, દાદરમાં અક્ષરભુવનની અગાશીમાં સ્વામીશ્રી સાયંભ્રમણ કરી રહ્યા હતા. બે બાળકો નીલકંઠ અને તેજસ્ પગથિયાં ચડતાં એક સંતને ઉત્સુકતાથી પૂછવા લાગ્યાઃ 'બાપા ક્યાં હશે?'

એ સંતે જવાબ આપવાને બદલે આદેશ આપ્યોઃ 'સભામાં બેસો. હમણાં આવશે.'

નીલકંઠ કહેઃ 'અરે ભાઈ, આ છે ને ઠેઠ અમદાવાદથી આવે છે. ને મારો ભાઈ છે. તેને હમણાં અમદાવાદની ટ્રેન છે. એટલે સ્વામીબાપાની રજા લેવા જવું છે... ને આશીર્વાદ અપાવવા છે... બરાબર ભણે... સ્વામીબાપાને યાદ કરે...' તે એકશ્વાસે બોલી ગયો.

હૈયું ભીંજવી દે તેવો ભાવ જોઈ સંતે કહ્યુંઃ 'સ્વામીશ્રી અગાશીમાં વૉકીંગ કરે છે. ડીસ્ટર્બ ન કરશો.'

'અરે, જોજોને, એ આશીર્વાદ તો આપશે જ...' નીલકંઠ અને તેજસ્ એક

શ્વાસે ૬ દાદરા ચડીને અગાશીમાં પહોંચ્યા, ભ્રમણ થંભાવી સ્વામીશ્રીએ બંનેને માથે હાથ મૂક્યા. આશીર્વાદ આપ્યા. બંનેએ વધુ સમય ન લીધો. ચરણ સ્પર્શ કરી સડસડાટ દાદર ઊતરી ગયા...

* * *

સ્વામીશ્રી વાનકુવર (પશ્ચિમ કેનેડા)માં વિરાજમાન હતા. અહીં ૩૦૦ થી ૧૨૦૦ માઈલનું અંતર કાપીને ઘણા મુમુક્ષુઓ આવ્યા હતા. તેમાં પાંચેક કલાકનું ગતિ અંતર કાપી ડૉ. કાન્તિભાઈ તેમના બે બાળકો નિકુંજ અને નિર્મળને સાથે લઈને આવ્યા હતા. આ બંને બાળકોએ ઘર આંગણે જતન કરીને મકાઈ વાવીને તૈયારી કરી હતી. તેનો કૂણો કૂણો પહેલો ફાલ સ્વામીશ્રી જમે તેવી ઇચ્છા તે બંનેને હતી બપોર દરમ્યાન બંને ભાઈઓએ મકાઈ શેકી અને તેના દાણા કાઢ્યા. ઠાકોરજીને ધરાવી સ્વામીશ્રીને મકાઈ ધરી. માઈલો દૂર વવાયેલા બે હૃદયોના ભાવ સ્વામીશ્રી આરોગી રહ્યા હતા.

આવો છે બે નિર્દોષતા વચ્ચેનો પારદર્શક પ્રેમસંબંધ! હૈયાનો ઊમળકો છે, અંતરનો ભાવ છે. સ્વામીશ્રી પ્રાણથીયે પ્યારા છે. અને હા, આ રીતે બાળકોનો પ્રેમ જીતવો એ કપરામાં કપરી કસોટી છે અને મોટામાં મોટી સિદ્ધિ પણ!

રાજકોટમાં બાળકોએ તથા બાલિકા મંડળે પોતાના ખીસાખર્ચના પૈસા બચાવી ચૉકલેટ-પીપરમીંટનો હાર ગૂંથ્યો હતો. બાળકોએ તે હાર સ્વામીશ્રીને પહેરાવ્યો ત્યારે સ્વામીશ્રી બાળકો સાથે આત્મીયતાથી વાતો કરવા લાગ્યાઃ 'તમે અહીં આવ્યા, મજા આવી કે નહીં?'

'હા, બહુ મજા આવી.'

સ્વામીશ્રીએ વિશિષ્ટ પ્રશ્ન પૂછ્યોઃ 'અહીં તો ટી.વી. કે સિનેમા કાંઈ નથી. અહીં શેની મજા આવી?'

બાળકોએ તરત કહ્યુંઃ 'આપનાં દર્શન થયાં તેની મજા!!'

સ્વામીશ્રી પણ પળ-બેપળ આશ્ચર્યથી જોઈ રહ્યા. કહેઃ 'ઓહો! મહારાજનાં દર્શન થયાં, ભક્તોનાં દર્શન થયાં એ જ મજા છે. મંદિરમાં પણ એની જ મજા લેવાની.'

બાળકોના ઉત્તરમાં સ્વામીશ્રી પ્રત્યેનો જ નિર્મળપ્રેમ છલકે છે, એ એક વિરલ સિદ્ધિ જ કહેવાય ને!

લક્ષાધિપતિ માતા-પિતાનો એકનો એક લાડકવાયો ૧૧ વર્ષનો મિતેશ લંડન મંદિરના પ્રાંગણમાં મિત્રો સાથે ઊભો હતો. એક સંતે પૂછ્યું: 'Why do you love Swamibapa?' (સ્વામીશ્રી તમને શા માટે ગમે છે?')

તરત જ મિતેશે ઉત્તર વાળ્યો: 'What he can give me, nobody gives me...' સ્વામીશ્રી મને જે આપી શકે છે, તે મને કોઈ આપી શકતું નથી... Even my dady and mom! હા, મારાં માતા-પિતા પણ નહીં! It is pure love and divine God...' નિઃસ્વાર્થ પ્રેમ અને દિવ્ય ભગવાન...

સ્વામીશ્રીની આસપાસ કિલ્લોલતા બાળકોમાં આવી સ્નેહની સૂરાવલિઓ કેવી રીતે ગૂંજતી થઈ હશે, તે ક્યારેય ન શમે તેવું આશ્ચર્ય છે. સ્વામીશ્રી આ ભૂલકાંઓ વચ્ચે ક્યારેય ઉપદેશક કે ધર્મગુરુ તરીકે નહીં, એક પ્રેમપુરુષ તરીકે ઉપસ્થિત રહે છે. એમની નિર્દોષતા બાળકોની નિર્દોષતા સાથે ગોઠડી માંડે છે.... અને નિર્મળ પ્રેમસંબંધોની શાશ્વત રચના સહજ રચાઈ રહે છે.

કોઈ જ જાતના કૌટુંબિક કે લૌકિક સંબંધો વિના વિશ્વના હજારો ભૂલકાંઓને નિઃસ્વાર્થ પ્રેમ આપી શકે તેવું હૈયું એ સ્વામીશ્રીની આગવી મિરાંત છે. જેથી બાળકો દોડી દોડીને એમની આસપાસ કિલ્લોલતા રહે છે. એમનો ખોળો ખૂંદે છે... સ્વામીશ્રી ત્યારે દરેકને નામ દઈ દઈને બોલાવે છે... વહાલ વરસાવે છે.... આટલું અમૃત પાયાં પછી થોડા દિવસો લાભ આપી પોતાના વિચરણ માટે વિદાય લેવાના હોય છે ત્યારે? ત્યારે બાળકોની આંખોમાં સ્વામીશ્રી પણ જોઈ શકતા નથી... એ તગતગતાં આંસુઓનો અભિષેક સ્વામીશ્રીની આંખોને તરલ બનાવે છે...

૧૯૮૮માં અમેરિકાના સવા ચાર માસના વિચરણ દરમ્યાન ઘણા ...ો સ્વામીશ્રીની વાત્સલ્યગંગામાં સ્નાન કરી ચૂક્યા હતા. વિદાયવેળા આવી. સભામાં પાંચ વર્ષનો બાળક યોગી હાથમાં માઈક લઈને ઊભો થયો. તેના વાક્યે વાક્યે ભક્તોનું અંતર રડી રહ્યું, આંખો ભીંજાઈ રહી... યોગી તો બસ સ્નેહવશ બોલતો રહ્યો હતો:

'સ્વામીબાપા, બસ, હવે તમે જશો? ભલે, ભલે તમે જાઓ સ્વામીબાપા, તમારે તો આખું બ્રહ્માંડ છે. બધે જવાનું હોય! ત્યાં રહેલા બાળકોને પણ સુખ આપવાનું હોય પણ હવે અહીં અમને બહુ સૂનું સૂનું લાગશે. મનમાં થાય છે કે બાપા, હવે અમે કોની પાસે 'સ્વામીની વાતો' બોલીશું? અમારી

કાલીઘેલી વાત કોણ સાંભળશે? અમારાં નૃત્યો અને કીર્તનો - બધું કોની રજૂ કરીશું? અમને કોણ રમાડશે? અને પ્રસાદ આપશે? બસ, હવે તો તમ જશો જને! પણ સ્વામીબાપા, અમારા હૃદયમાંથી ક્યારેય ન જતા હોં...'

ધીમે ધીમે... નીરવ શાંતિમાં હૃદયનું અમૃત ટપકતું હોય તેવા સ્વરે યોગીએ ઘણું ઘણું કહી નાખ્યું... હૈયાં વલોવાઈ રહ્યાં હતાં. વિદાય સમારંભનાં આ વચનો ખુદ સ્વામીશ્રી પણ ન સાંભળી શક્યા! જો બે જ વાક્ય વધુ બોલાયા હોત તો એમની આંખો નીતરી પડી હોત... સ્વામીશ્રીનાં આંસુ આંખોને કિનારે અટકી ગયાં હતાં... મન બીજે પરોવવા સેવક પાસે પેડ માગી સ્વામીશ્રીએ પત્ર વાંચવામાં મન જોડી દીધું...

આ સાધુતાના સુમેરુ સમી, જ્ઞાનગંભીર વિશ્વવંદ્ય વિભૂતિએ ફૂલશાં નિર્મળ બાળકોનાં હૈયા પર કેવળ પ્રેમ દ્વારા કામણ કર્યાં છે. વાત્સલ્યની ઝડીઓ વરસાવી છે.. ક્યાંય કોઈ ભેદ નથી. બસ, એમના સ્નેહ અને સૌહાર્દના ઝરણામાં વહીને હજારો બાળકોએ 'પરમસમીપે' પહોંચ્યાનો અનુભવ માણ્યો છે... સૌ કૃતાર્થ થયા છે...

૨. બે નિર્દોષતાની આત્મીયતા...

આજ સચરાચર સ્વામીના રૂપમાં,
જાણે આખું આકાશ નાના કૂપમાં!

આપણા ઘરઆંગણાના કૂવામાં આખું આકાશ આવીને સમાય તો આશ્ચર્યથી ગાંડા બની જવાય!

સ્વામીશ્રી વિરાટ સ્વરૂપે આ સંપ્રદાયનાં તમામ અંગોમાં વ્યાપી રહ્યાં છે. સામર્થ્ય અને સદ્‌ગુણોથી, પ્રવૃત્તિ અને પુરુષાર્થથી... અને છતાં ફૂલ સમી હળવાશ સાથે આપણા નાનાં નાનાં ભૂલકાંઓ સાથે તન્મય બની જાય.... એક નિર્દોષતા સાથે બીજી નિર્દોષતા ગોઠડી માંડે... જાણે 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે...' આ આશ્ચર્ય નથી?

'આ બધાં બાળકો યોગીબાપાનાં સ્વરૂપો છે...' એકવાર એક બાળ સંચાલક શિબિરમાં સ્વામીશ્રીએ ઉચ્ચાર્યું હતું.

જે પુરુષ બાળકોનું આટલું ગૌરવ કરતા હોય, તેમને બાળક સાથે બાળક થવા પ્રયાસ નથી કરવો પડતો...

જેમને બાળકોની શક્તિમાં અને ભવિષ્યમાં પૂરો વિશ્વાસ અને શ્રદ્ધા છે, તેમને બાળક સાથે ઓતપ્રોત થવા ગોઠવણી કે એડજસ્ટમેન્ટ નથી કરવું પડતું...

સ્વામીશ્રી પોતાની વિરાટ પ્રતિભાને કોરે મૂકીને બાળક બની જાય છે, ત્યારે એમાંથી નિર્દોષતા જ વિરાટ બનીને વ્યાપી રહે છે.

આવો, એ ક્ષણોનું સ્મરણ કરી લઈએ... બાળકો સાથે વર્તવાની વાત એક અલગારીના વર્તનમાંથી શીખીએ...

* * *

'લે તું ય લે.' સ્વામીશ્રીએ નાનકડા તિલકને પ્રસાદ આપવા હાથ

લંબાવ્યો. તે નજીક આવ્યો ત્યાં સ્વામીશ્રીએ હાથ ઊંચે લઈ લીધો. હાથમાં આવેલો પ્રસાદ છટકી ગયો એટલે તેણે કૂદકા મારવા માંડ્યા. એકાદ મિનિટ રમત ચાલી અને હસતાં હસતાં સ્વામીશ્રીએ પ્રસાદ આપી દીધો... આજુબાજુ ઊભેલા સંતો-ભક્તો બાળક સાથે તન્મય એવા સ્વામીશ્રીની આ છબિ અંતરમાં ઉતારી રહ્યા.

* * *

બોચાસણમાં સભામાંડપમાં પૂજા કરી સ્વામીશ્રીએ સૌને વ્યક્તિગત લાભ આપ્યો. ગામના જ બે નાના બાળકો લાઇનમાં દર્શને આવ્યા. એક કહે, 'સ્વામી! આ મારો ભાઈ રોજ મારી કંઠી ખાઈ જાય છે!'

સ્વામીશ્રી આ નિર્દોષ ફરિયાદ સાંભળી હસી પડ્યા. કહેઃ 'લે, નવી પહેરી લે...' પછી જાતે જ નવી કંઠી પહેરાવી, ઠાકોરજીનાં દર્શન કરી સ્વામીશ્રી પુરુષોત્તમ સ્વામીની દેરીએથી પાછા વળતા હતા, ત્યાં પેલો બાળક આવી પહોંચ્યો. સ્વામીશ્રીની આગળ જ પીઠ રાખીને સ્કુટર ચલાવતો હોય તેમ હાથ પહોળા કરી મોમાંથી ઘરઘરાટી કરતો એકદમ દોડ્યો અને આંટો મારી સ્વામીશ્રી પાસે ઊભો રહી ગયો. સ્વામીશ્રી કહેઃ 'વાહ! તારું 'કૂટર' તો ચાલ્યું!' બાળક આ પ્રેમ ભર્યા પ્રતિભાવથી હૃદય ભરીને દોડી ગયો...

* * *

મુંબઈના વડીલ સત્સંગી સાધુરામભાઈના ચારેક વર્ષના પૌત્ર ઋષભને જાણ થઈ ગઈ હતી કે સ્વામીબાપા આજે ઘરે આવવાના છે. તે સવારથી જીદ લઈને બેઠો હતો કે બાપા આવે તો મારે એમની સાથે ક્રિકેટ રમવું છે...'

સ્વામીશ્રી પધાર્યા, પૂજનવિધિ થયો. સ્વામીશ્રી સોફા ઉપર બિરાજ્યા કે તરત ઋષભ પોતાનું નાનકડું બેટ લઈને આવી ગયો. સ્વામીશ્રીને કહેઃ 'લો, રમો...'

સ્વામીશ્રીએ બેટ લીધું ને તે દડો નાખવા મંડી પડ્યો. સ્વામીશ્રી પણ તેના જેવડા થઈને રમવા લાગ્યા. પછી થોડીવાર બોલીંગ પણ કરી. ઋષભ આનંદ વિભોર થઈને રમી રહ્યો હતો. સૌ આ આત્મીયતામાં ખોવાઈ ગયા હતા.

* * *

સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય નાદુરસ્ત હતું. બોચાસણમાં આરામ માટે રોકાયા હતા. વિદ્યાનગરથી બે બાળકો હેમંત અને કેતન દેવતાઈ વેશ ધારી

સ્વામીશ્રી પાસે આવ્યા. હાથમાં ડૉક્ટરની બેગ અને ગળે સ્ટેથોસ્કોપ. સ્વામીશ્રીને કહે: 'જય સ્વામિનારાયણ. અમે દેવોના વૈદ્ય અશ્વિનીકુમારો છીએ. આપની તબિયત જોવા આવ્યા છીએ...'

'જુઓ, લો...' સ્વામીશ્રીએ હાથ ધર્યો. આજુબાજુ ઊભેલા સંતો-ભક્તોમાં કુતૂહલની લાગણી ફરી વળી હતી. બંનેએ સ્વામીશ્રીની છાતી પર સ્ટેથોસ્કોપ મૂક્યું... પછી ઠાવકાઈથી કહે: 'આમ તો બધું સારું છે, પણ આરામ કરતા રહેજો. બહુ વિચરણ ના કરશો.' સ્વામીશ્રી બંનેની નિર્દોષતાથી હસી પડ્યા ને કહે, 'તમે અહીં આયા એટલે દર્શનથી જ મટી ગયું!!'

આખો ખંડ નિર્દોષ હાસ્યથી ઊભરાઈ ગયો....

* * *

ગોંડળમાં સ્વામીશ્રી બાળઅધિવેશનના બાળકોને સદાચારના પાઠ ભણાવી રહ્યા હતા. ત્યાં દોઢેક વર્ષનો મહેન્દ્ર હુંબલ દોડતો-ઉતાવળો સ્વામીશ્રી પાસે આવી ગયો. જાણે મોટો શાહુકાર હોય તે રીતે ધીરેથી સ્વામીશ્રીનો ચરણસ્પર્શ કર્યો. સ્વામીશ્રી સહિત સૌ હસી પડ્યા. મહેન્દ્ર 'આવજો...' કહીને દોડી ગયો. ને તેની મમ્મી પાસેથી માળા લઈ આવ્યો. સ્વામીશ્રીને આપી. સ્વામીશ્રી ફેરવવા લાગ્યા. પણ એ શિશુની ધીરજ ન રહી. તેથી માળા પાછી લેવા પ્રયત્ન કરવા લાગ્યો. સ્વામીશ્રીએ તેને માળા આપી ખરી, પણ પોતે મજબૂત રીતે પકડી રાખી. બાળક ખેંચવા લાગ્યો. દોરડું ખેંચતો હોય તેટલું જોર કર્યું પણ માળા ચસકતી ન હતી. શરૂઆતમાં તો એ સૌની સાથે હસ્યો, પણ માળા ન મળી, એટલે છેલ્લું શસ્ત્ર ચલાવ્યું. મોટેથી ભેંકડો તાણ્યો... સ્વામીશ્રીએ માળા છોડી કે તરત તે દોડ્યો. આખી યે સભા ૭૦ વર્ષના અને દોઢ વર્ષના બાળકની લીલા જોવામાં લીન થઈ ગઈ હતી... કોઈ પણ ભાષાને ન જાણતા આવા શિશુઓ પણ પ્રેમની ભાષાને તો જાણતા જ હોય છે. તે વિના આટલું બધું આકર્ષણ કેવી રીતે શક્ય બને? સ્વામીશ્રીની શિશુસમી નિર્દોષતાએ જ બાળક સાથે ગોઠડી બાંધી આપી હશે ને!

* * *

આજે અન્નકૂટનો દિવસ હતો. સ્વામીશ્રી ગોંડળ અક્ષરમંદિરમાં બિરાજ્યા હતા. દરેક મંદિરોમાંથી અન્નકૂટની પ્રસાદીના વિવિધ બોક્સ ઠાકોરજી ફરતે ગોઠવાયા હતા. બોચાસણથી આવેલું બોક્સ ઇલેક્ટ્રિકની કરામતથી ગોળ

ફરી રહ્યું હતું. તેની સ્વીચ સ્વામીશ્રીના હાથમાં આપી. સ્વામીશ્રીએ ચાર-પાંચ વાર ટ્રાયલ કરી. ગોંડળ નરેશ શિવરાજસિંહના પૌત્રો ક્યારના આ ફરતા બોક્સને ટગર ટગર જોઈ રહ્યા હતા. સ્વામીશ્રીએ બંનેને નજીક બોલાવ્યા. સ્વીચ તેમના હાથમાં આપી. કહે: 'આ સ્વીચ દાબો...' બાળકોને મજા પડી ગઈ. સ્વીચ ઓન-ઑફ કરે ને બોક્સ ફરવા લાગે ને ઊભું રહી જાય તે જોઈ બંને એટલા ખુશ થતા હતા કે બંનેને જોઈ સ્વામીશ્રી પણ હસ્યા વિના રહી ન શક્યા... પછી બંનેને માથે હાથ મૂકી પ્રેમથી મંદિરે દર્શને આવવા આદેશ આપ્યો... અને અન્નકૂટની આરતીના ડંકા પડ્યા...

* * *

મુંબઈમાં બાળકોની વિશિષ્ટ સભા રાખવામાં આવી હતી. ૧૧૦૦ બાળકો એક નજરે કાર્યક્રમોનો આસ્વાદ માણી રહ્યા હતા. સ્વામીશ્રી સ્નાન કરીને બહાર પધાર્યા કે તરત સિંહ અને સસલાના વેશધારી બે બાળકો છલાંગ મારી સ્વામીશ્રી પાસે આવી પહોંચ્યા. બંને જણા હાથ પકડીને સ્વામીશ્રીને સભાસ્થળે લઈ આવ્યા. સ્વામીશ્રી પણ બાળકોના ઉલ્લાસ સાથે આનંદ વ્યક્ત કરી રહ્યા હતા. એક પછી એક સુંદર કાર્યક્રમો ચાલવા લાગ્યા.

આવી બાળસભાઓ હોય કે બાળકાર્યકર્તાઓ સાથેની મુલાકાત હોય, સ્વામીશ્રી બાળકોના કાર્યક્રમો જોવામાં તલ્લીન બની જાય. બાળમંડળોનો અહેવાલ અપાતો હોય કે કાલીઘેલી બોલીમાં બાળકો સ્વામીશ્રીને વધાવતા હોય, આ બધાં દૃશ્યો મન-હૃદયને ભરી દે તેવાં હોય છે.

સ્વામીશ્રી પોતે પણ સહજ સરળતાથી 'એક હતું જંગલ....' એમ વાર્તા શરૂ કરે... બાળકો એમના વાતપ્રવાહમાં લીન થઈ જાય.. કીર્તનો ગાય ને ગવડાવે. સ્વામીની વાતોના અર્થ સમાજવે અને શ્લોકો કે આરતી-થાળનો મર્મ પણ કહે... એમાંય જ્યારે સ્વામીશ્રીની ચોપાસ વીંટળાઈને બેઠેલા બાળકો શ્લોકો-સાખીઓ-વચનામૃત- વાતોની પંક્તિઓ ધાણી ફૂટે તેમ બોલવા લાગે ત્યારે ઉપનિષદ્કાળના ઋષિકુળનું વાતાવરણ સર્જાઈ જાય... ભલે તે સ્થળ મુંબઈ હોય, અમદાવાદ હોય, લંડન હોય કે ભાદરા ને સારંગપુર...

બાળકો રાસ કે નૃત્ય, સંવાદ કે કીર્તનભક્તિ રજૂ કરે ત્યારે એકીટશે પોતાને નિહાળી રહેલાં સ્વામીશ્રીને જોઈ ઓર ખીલે. અંતે સ્વામીશ્રી અવશ્યપણે

દરેકને આશિષ આપે. પ્રસન્નતાનાં ફૂલો વરસાવે. જો હાર આજુબાજુ પડ્યો ા તો બે-ત્રણ બાળકોને એક સાથે પહેરાવે અને ત્રણેને રાજી કરી દે... કોઈક બાળક નૃત્ય કે રાસ દરમ્યાન સ્વામીશ્રીને કરતાલ કે દાંડિયા આપી જાય ત્યારે સ્વામીશ્રી તાલ અને લય સાથે મુજરા શરૂ કરે... બાળકો-હરિભક્તોની આખી સભા સ્વામીશ્રીના તાલે તાલે આનંદના હિલોળે ચડે....

આજે આવું જ વાતાવરણ અમદાવાદમાં જામ્યું હતું. અંતે સ્વામીશ્રીએ આશીર્વાદનો પ્રારંભ કર્યો: 'બાળમંડળની પણ જય...! બાળકો બહુ જ ઉત્સાહમાં છે. કાર્યક્રમ જોઈને ખૂબ આનંદ થયો. કીર્તનમાં પણ સરસ કર્યું. અધિવેશનમાં તૈયારી કરી છે તે ભૂલી નથી ગયા. તની પ્રતીતિ થઈ...' આ પ્રશંસા બાળકોના તાળીઓના ગડગડાટમાં ડૂબી ગઈ. અને બાળસહજ કોલાહલ શરૂ થઈ ગયો. સ્વામીશ્રી કહે: 'ચાલો બધા, અ...પ...ટ!!' - કુશળ બાળ સંચાલનની અદા ઊભરી રહી હતી.

સ્વામીશ્રી કહે: 'અદબ, પલાંઠી, ટટ્ટાર કહે છે ને! એમ બધા શાંત થઈ જાવ...' બહુ સરળતાથી સભામાં શાંતિ પથરાઈ ગઈ. સ્વામીશ્રી કહેવા લાગ્યા: 'આપણા ભગવાન કોણ છે?'

'શ્રીજીમહારાજ...' બાળકો બોલ્યા.

સ્વામીશ્રી કહે: 'હં... એવા સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ આપણને મળ્યા છે. તેમનો રંગ ચઢ્યો છે. તે હવે ઊતરવો ન જોઈએ... જોગીબાપાએ આપણને આ ભક્તિ-ભજનનો રંગ આપ્યો. તે આપણને સુખી કરે... મા-બાપ રાજી થાય. વિદ્યા સારી આવે... સિનેમા, બજારનું ખાવું - એ કરવા મંડીએ તો એ રંગ ધોવાઈ જાય. માટે ધ્યાન રાખવું...' બાળકોમાં રહેલી દેવતાઈને સ્વામીશ્રી સંકોરી રહ્યા હતા.

સોળમી સદીમાં થઈ ગયેલા ચિંતક-તત્ત્વજ્ઞાની જહોન લૉકે લખ્યું છે : 'બાળકોનાં મગજ જાતજાતની વસ્તુઓ ઠાંસવાનો ઘડો નથી એ સદા પ્રજ્વલિત રાખવાની અગ્નિશિખા છે.'

હા, બાળકોના મન-મગજ અગ્નિશિખા હોય તો તેનાં હૂતદ્રવ્યો છે: પ્રેમ અને પ્રોત્સાહન! સ્વામીશ્રી બંને હોમે છે અને બાળકને તેજસ્વિતા-ઓજસ્વિતા આપે છે... સ્વામિનારાયણીય સમાજ આ જ રીતે સંસ્કારના અજવાળે તરતો થયો હશે....

3. પ્રોત્સાહનનાં પીયૂષ...

'હવે નાગપૂજાનો યુગ ગયો છે... પ્રેતપૂજાનો યુગ ગયો છે. પથ્થરપૂજાનો યુગ ગયો છે અને માણસપૂજાનો યુગ પણ ગયો છે. હવે તો બાળપૂજાનો યુગ આવ્યો છે...'

બાળ મનોવિજ્ઞાનના ગુજરાતના સાક્ષર સ્વ. ગિજુભાઈ બધેકાએ બાળકોનો મહિમા આ શબ્દોમાં ગયો છે....

નવા યુગને કોણ ઘડશે?

આગામી યુગનો સ્વામી કોણ છે?

ભૂતકાળની સાંસ્કૃતિક સમૃદ્ધિ અને વર્તમાનની વિભૂતિ ભવિષ્યને ખોળે કોણ ધરશે?

બાળક! - આ પ્રશ્નોનો કેવળ આ જ ઉત્તર હોઈ શકે. બાળકની શક્તિઓને વામણી સમજનારા લોકોને કદાચ ઈશ્વરની તાકાત ઉપર જ ભરોસો નહીં હોય... બાળકોને સાચા સંજોગોમાં કોઈ ખભો થાબડનાર મળે છે, કદર-પ્રશંસા અને પ્રોત્સાહનનું ટૉનિક પાનાર મળે છે, ત્યારે એમની શક્તિમાં સહસ્રગણી ગતિ આવી જાય છે. ભાવિના આ ઘડવૈયાઓનું ઘડતર કોણ કરે? વિશ્વવ્યાપી યંત્રયુગનો અને હવે કોમ્પ્યુટર યુગનો આ મહાન કોયડો છે...

સ્વામીશ્રી સ્વયં આ કોયડાનો ઉકેલ બન્યા છે. પ્રોત્સાહન ને પ્રેમનાં ટૉનિક પાઈ એમણે ભાવિ પેઢીનું વર્ષોથી ઘડતર શરૂ કરી દીધું છે. પરિણામ શું આવ્યું છે?

આવતીકાલની પ્રતિભાઓ આજે સ્વામીશ્રીના ખોળે પાંગરતી રહે છે.

સંસ્થાના બાળમહોત્સવો, બાળસંસ્કાર કેન્દ્રો, બાળનગરીઓ, સાંસ્કૃતિક કાર્યક્રમો, સંસ્કારઘડતરની તાલીમ શિબિરો... આ બધા સ્વામીશ્રીની

પ્રેરણામાંથી સર્જાયેલાં વર્તુળો છે. જેમાં બાળકો ખીલી ઊઠે છે - તેજથી, પ્રતિભાથી, સુપ્તશક્તિઓના વિકાસથી..

કારણ એટલું જ કે બાળકોની પૂરી કદર અને તેમના પુરુષાર્થને પૂરું પ્રોત્સાહન સ્વામીશ્રીના પ્રેમમય વ્યક્તિત્વમાંથી સહજ મળતું રહે છે...

સ્વામીશ્રી અમદાવાદ પધાર્યા હતા. સાંજે ઠાકોરજીનો પ્રસાદ લેતા હતા ત્યાં ચારેક વર્ષનો બાળક ગુંજન આવી પહોંચ્યો. કહે, 'બાપા! વચનામૃત બોલું?'

'બોલને!' સ્વામીશ્રીએ સ્નેહભર્યા સ્વરે કહ્યું.

તે સ્વાભાવિક મસ્તીથી બોલવા લાગ્યો. કંઠસ્થ કરેલું તેનું વચનામૃત પૂરું થયું ને સ્વામીશ્રી રાજી થઈ ગયા.

'લે...' સ્વામીશ્રીએ તેને નજીક બોલાવી પ્રસાદથી ખોબો ભરી દીધો. તેણે ભક્તચિંતામણિના ૬૪માં પ્રકરણમાં આપેલી પ્રાર્થના શરૂ કરીઃ 'મહાબળવંત માયા તમારી...'

કાલીઘેલી વાણીમાં હૃદયને સ્પર્શે તેવો ભાવ હતો. સ્વામીશ્રીએ બીજીવાર કાગળના કટકામાં પ્રસાદી ભરી આપી. આંખોમાંથી રાજીપો વરસતો હતો. છેલ્લે તેણે નજીક જઈને પૂછ્યુંઃ 'બાપા! રાજી થયા ને!' સ્વામીશ્રી પ્રેમથી ધબ્બો આપતાં કહેઃ 'રાજી... રાજી... બહુ રાજી થયા...' એમ કહી ત્રીજીવાર પ્રસાદી આપી દીધી! સંતો આ બાળકની ધન્યતાનો વિચાર કરી રહ્યા હતા. ઘડીભર બાળક બની જવાની-સ્વામીશ્રીનો આ પ્રેમ પામી લેવાની ઇચ્છા થઈ આવે એવું વહાલ કદર રૂપે વહી રહ્યું હતું...

લંડનમાં સ્વામીશ્રી રાત્રે ઠાકોરજી જમાડતા હતા. અરવિંદભાઈ મિસ્ત્રીનો ત્રણેક વર્ષનો બાળક જલકમલ રમતો રમતો આવી પહોંચ્યો. કહે, 'અક્ષરધામના વાસી' બોલું?' એણે તરત શરૂ કર્યું. 'વહાલા અક્ષરધામના ...' તેનાં અંગ્રેજી છાંટવાળા ગુજરાતી ઉચ્ચારોની મીઠપ સ્વામીશ્રી અકધ્યાસ માણી રહ્યા હતા. તેણે ધૂન ઉપાડી 'જય અક્ષરપતિ....' સ્વામીશ્રી ખૂબ પ્રસન્ન થયા. આ ધરતી પર સંસ્કૃતિના તેજરશ્મિ બાળકોના અંત અજવાળે તેથી કેમ રાજી ન થાય? તે માટે પોતે જ હરહંમેશ પુરુષાર્થી રહ્યા છે, સ્વામીશ્રીએ આ બાળકને કેરીનો રસ આપ્યો. પ્રસાદની ડીશ ભરી દીધી. પૂછ્યું, ' કોણે શીખવાડ્યું?' 'મમ્મીએ....' તે બોલ્યો. સ્વામીશ્રીએ તેને માથે

વ્હાલથી હાથ ફેરવ્યો....રાજીપો સહજ વહી રહ્યો હતો... આવા નાનકડાં ભૂલકાંઓ આટલી સહજતાથી સ્વામીશ્રી સાથે ભળી શકે છે એ ઘણા માટે આશ્ચર્યજનક ઘટના બની રહે છે.

'મારે કીર્તન ગાવું છે.' પાંચ વર્ષનો અમર સ્વામીશ્રીને કહેવા લાગ્યો. સ્વામીશ્રીને ઉતાવળ હતી, સેંકડો હરિભક્તો વ્યક્તિગત દર્શન માટે ઊભા હતા. ચાલુ લાઈનમાં આ બાળક સ્વામીશ્રી આજ્ઞા આપે તેની રાહ જોઈને ઊભો રહ્યો... સંતો કહે, ' અહીં ઊભો ઊભો ગાઈ લે...' સ્વામીશ્રીએ પ્રેમથી તેના બંને હાથ પોતાના હાથમાં લીધા. જરા નજીક ખેંચી બાજુમાં ઊભો રાખી કહે, 'હવે ગા...' તે ગાવા લાગ્યો, 'ઘનશ્યામ ઘનશ્યામ મારી સાથે રમવા ...' સ્વામીશ્રી ચાલુ દર્શને હરિભક્તોને મળતા જાય અને બાળકને અન્યાય ન થાય તેમ સાંભળતા જાય. એવામાં બાળકે પંક્તિ ગાઈઃ 'દડો ઉછાળશું, ફુદરડી ફરશું...' સ્વામીશ્રી કહે, 'આમ ઊભા ઊભા ન ગવાય. આમ એક્શન કર!' બાળકે આવડ્યું તેમ ભક્તિ નૃત્ય કર્યું, તેના મુખ પર ખુશાલી ચમકતી હતી. અતિ હેત કરી એ માસૂમ બાળકની ભક્તિને સ્વામીશ્રીએ સંકોરી આપી... 'બાળકને સો વાર 'હા' પડાવી સારી, પણ એકવારની ના તેના મન ઉપર એક ઉઝરડો પાડતી જાય છે.' મનોવિજ્ઞાનનાં આ સિદ્ધાંતને સ્વામીશ્રી ક્યાંથી શીખ્યા હશે? આટલી વ્યસ્તતા છતાં સ્વામીશ્રીને નાનકડા દિલની પણ આવી દરકાર છે....

* * *

સ્વામીશ્રી સારંગપુર બિરાજ્યા હતા. લ્યુટન (યુ.કે.)થી આવેલા બાળક મિતુલે સુંદર શૈલીમાં સંતમહિમા વર્ણવ્યો. આવા વિષય ઉપર પણ સડસડાટ અંગ્રેજીમાં આવતી તેની વાક્છટાથી સ્વામીશ્રી ખૂબ રાજી થયા. ધબ્બો આપતાં કહ્યું: 'વેરી ગુડ! વેરી ગુડ સ્પીચ!'

બાળક હરખાઈ રહ્યો હતો. અંતરમાં પડેલી સુપ્ત શક્તિઓ, ખોરવાઈ ગયેલો આત્મવિશ્વાસ, કરમાઈને તૂટી પડવા આવેલી પ્રતિભા કદરના આવા બે જ શબ્દોથી જીવંત બની જાય છે - નિખરી ઊઠે છે. બાળકના જીવનની એ મંગલ ઘડી હોય છે કે જ્યારે કોઈ તેની શક્તિનો સ્વીકાર કરે છે. સ્વામીશ્રીએ આ રીતે હજારો બાળકોને જીવન રસ પાયો છે.

સ્વામીશ્રી અમદાવાદમાં અક્ષરપીઠના નવા સંકુલમાં મહાપૂજામાં પધાર્યા

હતા. આરતી બાદ ભોંયરામાં પણ પગલાં કર્યાં. બહાર આવ્યા ત્યારે એક નાનકડા બાળકે જોરથી જય બોલાવવાની શરૂ કરી. સ્વામીશ્રી સંતો સાથે વાતમાં હતા. બે-ચાર વાર જય બોલાવ્યા પછી પણ સ્વામીશ્રીએ નોંધ ન લીધી તેથી એ બાળક નિરાશ થઈ ગયો. તેના પપ્પા ને કહે: 'બાપા તો મારી સામું જ નથી જોતા...'

સ્વામીશ્રી ત્યાં થઈને જ પસાર થયા, નીકળતી વખતે સીધા જઈને તેની પાસે જ આવીને ઊભા! હાથમાં રાખેલાં પ્રાસાદિક પુષ્પો બાળકના માથા પર છાંટ્યાં! એ ધન્ય બન્યો! ને સ્વામીશ્રી કહે: 'અરે! સંતો, આને પ્રાસાદ આપજો!!' બાળક તો ઠીક, તેના પિતા પણ ગદ્ગદ બની ગયા.

આ પુરુષે અકારણ કરુણા વરસાવી અબૂધ ગણાતા બાળકમાં જ્ઞાનની જિજ્ઞાસા જગાડી છે. સ્કેટીંગ કે કરાટે, સ્વીમીંગ કે ચિત્રકામ-આવી કોઈપણ કળા બાળકો પાસે જુએ, ત્યારે સ્વામીશ્રીનું મુખ મલકાઈ ઊઠે. બાળકોને વધુ આગળ આવવા આશીર્વાદ આપે. પુરુષાર્થ કરવાની પ્રેરણા આપે. ઇનામ કે પ્રસાદ આપે...

જન્માષ્ટમી કે શ્રીહરિજયંતી જેવા પવિત્ર દિવસોમાં નાના નાના બાળકો પણ 'બાપાને રાજી કરવા' નિર્જળ ઉપવાસ કરે... સેંકડોની સંખ્યાનો આંકડો સાંભળી સ્વામીશ્રી હર્ષ ભરી આંખે તાળીઓ પાડી એ તપસ્વી બાળકોને વધાવી લે...

અમદાવાદમાં આવા એક અવસરે કહેલું, 'બાળકોને ધન્યવાદ છે. નાના છે, પણ યોગીબાપાની રુચિ પ્રમાણે કર્યું છે, મોટાના મસ્તક પણ નમી જાય, એવી વાત છે...'

સાંસ્કૃતિક કાર્યક્રમ-વક્તવ્ય-અભિનય કે મુખપાઠ બાળકો દ્વારા સરસ રીતે રજૂ થતાં હોય ત્યારે સ્વામીશ્રી અનિમિષ નજરે એ બાળકને પ્રસન્નતાથી વધાવ્યા કરે... એક કાર્યક્રમ જોઈને સ્વામીશ્રી આશીર્વાદમાં બોલી ઊઠ્યા હતા: 'અદ્ભુત.... અદ્ભુત..... અદ્ભુત! બાળકોએ આજે અદ્ભુત કાર્યક્રમો બતાવ્યા. કેવી નાની ઉંમર છે, આપણને એમ કે શું ખબર પડે? પણ આ કાર્યક્રમ મોટાને ય મુશ્કેલ પડે. યોગીબાપા બહુ રાજી થયા છે!...'

અમદાવાદ-મુંબઈ જેવા મોટા શહેરોમાં રાત્રિની મુખ્ય સભામાં બાળકો પણ એક તરફ બેઠા હોય, વિવેકસાગર સ્વામી જેવા વિદ્વાન સંતોનાં વક્તવ્યો

ચાલુ હોય ને છતાં આ ચંચળ ને તોફાની બાળકો શાંત થઈને કથા સાંભળતા રહે, તે જોઈ ઘણીવાર આશીર્વાદના પ્રારંભે જ સ્વામીશ્રીને ધન્યવાદ આપવાને ઉમળકો આવી જાયઃ 'બાળકોનો બહુ ઉપકાર... કથા, વાર્તા, શાંતિથી સાંભળે છે... દર્શનમાં શાંતિથી બેસે છે... આવો ને આવો જ રસ રાખવો હોં...'

સ્વામીશ્રી કહે અને બાળકો તરત આ વાતનો હોંકારો આપે. સ્વામીશ્રી કહેઃ 'હં બરાબર... છોકરાં જમીને આવ્યા લાગે છે.... જવાબ તાણીને આપે છે...' અને બાળમંડળ તાળીઓના ગડગડાટ સાથે આનંદ વિભોર બની ઊઠે...

વિદ્યાનગરમાં સ્વામીશ્રીને પ્રસન્ન કરવાના જ કેવળ શુદ્ધ ભાવથી હજારો બાળકોએ 'વચનામૃત' 'સ્વામીની વાતો', શ્લોકો, કીર્તનો અને પ્રવચનો તૈયાર કર્યાં હતાં. સ્પર્ધાના ભાવથી નહીં, પ્રસન્નતાના ભાવથી....

આ મહોત્સવની અંતિમ સભામાં સ્વામીશ્રીએ ગદ્ગદભાવે કહ્યું હતું, 'તમે બધાએ જે તૈયારી કરી છે. તે (સાધના) અષ્ટાંગયોગ કરતાં ય અધિક છે...'

સ્વામીશ્રીએ બાળકોમાં ઋષિઓ નિહાળ્યા છે... અરે, ઋષિઓના આરાધ્ય એવા પરમાત્મા નિહાળ્યા છે...

દેશની સંપત્તિ નિહાળી છે...

સમાજની શાંતિ નિહાળી છે...

અને સાંસ્કૃતિક સમૃદ્ધિ નિહાળી છે...

આ જ કારણે તેઓ બાળકોને વાઙ્મય અંજલિ આપવાનું, પ્રોત્સાહનનાં પીયૂષ પાવાનું અને પ્રેમનાં પુષ્પો ચડાવવાનું ચૂકતા નથી.... કારણ કે સ્વામીશ્રી પણ અંતરથી માને છેઃ 'હવે તો બાળ પૂજાનો યુગ આવ્યો છે...'

૪. જિજ્ઞાસાપૂર્તિ

'પપ્પા, દૂધનો વરસાદ પડે?'

'મમ્મી, ભગવાનનું ઘર ક્યાં છે?'

'કાકા, મોટરગાડીને કેમ પાટા નથી, ખાલી ટ્રેનને જ કેમ?'

* * *

'પપ્પા, સૂરજમાં ખૂબ ગરમી છે?'

'હા, બેટા, ખૂબ ગરમી. આગનો ગોળો છે.'

'તે રોજ સાંજે મુંબઈના દરિયામાં ડૂબી જાય છે? અમારા ટીચર કે'તા'તા.'

'હા. ડૂબી જાય તો જ રાત પડે ને!'

'તો પછી તે પાણીમાં પડે ત્યારે 'છમ્મ્' એવો જ અવાજ કેમ નથી આવતો?'

* * *

આ પરંપરા છે પ્રશ્નોની. કુતૂહલમાંથી ઊઠતા સવાલોની...

વિસ્મય એ બાળકનું બીજું નામ છે.

તેને અપાર જિજ્ઞાસા છે. તે પૂછ્યા જ કરે છે, અને મોટેરાઓ કંટાળીને તેને તરછોડી મૂકે છે: 'બેસ છાનો માનો. એટલું યે ભાન નથી?' 'તું તો ભાઈ ભારે લપિયો!' 'ક્યારનું તે વળી કચકચ શું?'

આ શબ્દો શબ્દો નથી, બાળમાનસમાંથી ફૂટતા જિજ્ઞાસાના ફુવારા ઉપર મૂકાયેલા પથ્થરો છે...

વિખ્યાત નાટ્ય લેખક અને ચિંતક જ્યોર્જ બર્નાડ શૉએ કહ્યું છે: 'આપણે એ જોવું છે કે બાળક જ્ઞાનની પાછળ જાય... એ નથી જોવું કે જ્ઞાન બાળકની પાછળ દોડે!'

જ્ઞાનની પાછળ દોડવાનો માર્ગ છેઃ વિસ્મય-કુતૂહલ-જિજ્ઞાસા.... જેને સ્વામીશ્રી પ્રેમથી આવકારે છે... બાળકોના સાવ સામાન્ય જણાતા પ્રશ્નો ઉકેલતા એમને હંમેશાં ઉત્સાહમાં જોયા છે...

આપણે 'ધાર્યું' શિક્ષણ આપવા બાળકની પીઠ પર પુસ્તકોનો ગાંસડો બાંધીને શાળાએ મોકલીએ ત્યારે જ્ઞાન બાળકની પાછળ પડી ગયું હોય તેવો અનુભવ થાય છે.

સ્વામીશ્રીના સાંનિધ્યમાં આવું નથી બનતું. સહેજે સહેજે કુતૂહલ સંતોષાયા કરે, નિખાલસ-હળવી પ્રશ્નોત્તરીમાં બાળક આદર પામતો રહે... તેને સમજાય તેવી ભાષામાં-સરળ વિચારોમાં સ્વામીશ્રી બાળકને જ્ઞાનના વિશ્વમાં તરતો મૂકી દે... ઉપનિષદ્ કાળનું વાતાવરણ સર્જાય... નિર્દોષતાની એવી છાલકો છલકે કે બાળકો પ્રેમભીના બને... રમતગમત કરતાં કરતાં સાંસ્કૃતિક ચેતના ઝીલાઈ જાય... આસ્તિકતા આ બાળકોના અંતર-મનમાં ઘુંટાઈ જાય.. આવો, એ પ્રશ્નોત્તરીના કલકલતા ઝરણામાંથી કંઈક આચમન કરીએ...

* * *

'બાપા! અક્ષરધામમાં રમવાનું મળે?'

સ્વામીશ્રીઃ 'મહારાજનું અક્ષરધામ ગુણાતીત છે. મહારાજનાં દર્શન કરીએ એ રમવાનું...

* * *

'સ્વામીબાપા! તમને બધા બાપા કેમ કહે છે?'

'યોગીબાપાના આશીર્વાદ મળ્યા એટલે બાપા થઈ ગયા!'

* * *

'બાપા, અમે તિલક-ચાંદલો કરીએ તેથી બધા ખીજવે છે, તો શું કરવું?'

'બીજા ગમે તેમ બોલે, તો પણ તિલક ચાંદલો કરવો. કોઈ કહે કે તમે કપડાં પહેરશો નહીં, જમશો નહીં, તો તેમ કરશું? માટે ભલે આપણને ભગતડાં કહે, પણ ગભરાવું નહીં.'

* * *

'બાપા! તમને શું વધારે ગમે?'

'તમે બધા ભજન કરો ને અમારે ભજન કરવું એ આપણને ગમે.

બાળમંડળમાં સૌ આવો. કીર્તન કરો. પ્રાર્થના કરો. શાળામાં બરાબર અભ્યાસ કરો તે ગમે... તને શું ગમે?'

'સેવા કરવાનું!'

'એ સરસ, ભગવાન ને સંતની સેવા કરવી...

* * *

'સ્વામી, તમને રજા પડે?'

'ભગવાનના ભજનમાં રજા તો હોય નહીં, ખાવામાં જેમ રજા ન પડે, તેમ ભજન કરવામાં રજા હોય જ નહીં...'

* * *

સ્વામીશ્રી કોઈ બાળકનો પ્રશ્ન ટાળ્યા વિના કે કોઈનાય પ્રશ્નોમાં કંટાળ્યા વિના બાળકને સુલભ એવા ઉત્તરો આપતા રહે છે...

'બાપા, આપણે ગાયનું દૂધ તો પીએ જ છીએ તો માંસ પણ ગાયનું જ છે ને! બંનેમાં શું ફેર?' ન્યુજર્સીમાં ઊજવાતા મહોત્સવ દરમ્યાન એક બાળકે મુલાકાતમાં પૂછ્યું.

સ્વામીશ્રી કહે: 'દૂધ આપવામાં ગાયને ત્રાસ થતો નથી. આમાં થાય છે. કોઈને ત્રાસ થાય એ આપણાથી થાય?'

બાળક આશ્ચર્યથી સાંભળી રહ્યો ને સંમત થઈ ગયો...

* * *

'બાપા! સંતો પત્તરમાં કેમ જમે છે?' મુંબઈમાં નીલકંઠે પૂછ્યું.

સ્વામીશ્રી કહે: 'મહારાજે આજ્ઞા કરી છે ને, એટલે. પછી બંને હાથ
તાં કહે, 'અમારે તો થાળી-વાટકા ગોતવા જ ન પડે!'

* * *

'બાપા! તમે આટલા બધા મોટા છો, ને બધા માન આપે છે. છતાં અભિમાન કેમ નથી આવતું?' નીલકંઠે પૂછ્યું. ક્યારેક આવા ગહન-અર્થ સભર પ્રશ્નો પૂછીને બાળકો સત્સંગને કેટલો પચાવ્યો છે, તેનો પરિચય આપતા હોય છે.

સ્વામીશ્રી કહે, 'દાસ થયા એને માન શું? ને અપમાન શું? દુનિયામાં માણસો આપણે ઓછા માને છે? બધા ભગવાનને માને છે. આપણે તો

સેવક છીએ...'

* * *

શિકાગો બાળમંડળ સાથે ગોષ્ઠિમાં પૂજાની વાત નીકળી. સ્વામીશ્રી કહેઃ 'સવારે નાહીને પૂજા કરવી. પૂજા કરવાથી મન શાંત રહે. પછી દૂધ પીને સ્કૂલે જઈએ તો યાદશક્તિ વધે. મન સ્થિર રહે ને અભ્યાસ સારો થાય...'

પછી શાકાહાર ઉપર વાતો કરતા હતા ત્યાં એક બાળક કહે, 'બાપા! આપણે આરતી-થાળ વગેરે કરીએ છીએ તેને શું કારણ છે?'

સ્વામીશ્રીએ કહ્યુંઃ 'આપણા ઉપર ભગવાનના અનંત ઉપકાર છે. તેને 'થેંક યુ કહેવું પડે ને! આપણું કોઈ કામ કરી આપે તેને આપણે 'થેંક યુ' કહીએ છીએ, તેમ આરતી-થાળ-ધૂન વગેરે કરીએ તે ભગવાનને 'થેંક યુ' છે. એ કરીએ તો આપણે મહાન થઈએ. બધું ભગવાનનું આપેલું છે તો તેમને ધરાવીને જમીએ. એ એમનો આભાર માન્યો કહેવાય.'

* * *

બીજા બાળકે પ્રશ્ન કર્યોઃ 'આ મંદિરો બનાવવાનું શરૂ કોણે કર્યું?'

સ્વામીશ્રી કહેઃ 'ભગવાનના ભક્તોને ભગવાનમાં પ્રેમ છે. એટલે એ પ્રેમના પ્રતીકરૂપે મંદિર બાંધ્યું ને પછી શરૂઆત થઈ.'

* * *

'સ્વામી બાપા! મંદિરમાં મૂર્તિ કોણ બનાવે?'

'પહેલાં તો કારીગર મૂર્તિ બનાવે. પછી સંત તેમાં આરાધના (પ્રતિષ્ઠા) કરે એટલે ભગવાન તેમાં પધારે.'

* * *

'આપણે કંઠી પહેરીએ છીએ તે કંઠી શું છે?'

'કંઠી તો શરણાગતિની નિશાની છે.'

નાનકડા માનસમાં ઘૂમતા આવા કેટલાય પ્રશ્નોનાં સમાધાન બાળકોની ભાષામાં થયાં ને એમને સંતોષ થયો.

આ નાનાં નાનાં ભૂલકાઓ ખુલ્લા દિલથી સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરી કરી રહ્યા હતા ત્યારે એમના ચહેરા પર લીંપાતા સંતોષને માણવાની મજા કંઈક ઓર હતી.

* * *

'સ્વામી! બ્રહ્મનો મતલબ શું?' એક બાળકે પૂછ્યું.

સ્વામીશ્રી કહે: 'બ્રહ્મનો મતલબ એટલે એ કે આપણામાં કોઈ દુર્ગુણ ન રહે, વાસના ન રહે. ભગવાનની ભક્તિ થાય, સુખિયા થવાય. આપણને દુનિયાની વસ્તુઓ જોવી સારી લાગે છે. એ બધું પછી સારું ન લાગે. દુનિયાનાં દુઃખ ટળી જાય. ને ભગવાનનું સુખ આવે...'

* * *

'આપણે આત્મા કહીએ છીએ, તો આત્માનો મતલબ શું?'

સ્વામીશ્રી કહે: 'શરીરમાંથી કંઈક તત્ત્વ ચાલ્યું જાય છે, ને મડદું રહે છે. જે જાય છે, તેને જોઈ શકતા નથી, પણ તેનાથી હાલીએ છીએ, ચાલીએ છીએ... એ તત્ત્વ આત્મા. સત્પુરુષ આપણો આત્મા. એને જોઈને ચાલીએ.'

સહજભાવે સ્વામીશ્રી સામે બાળકો આવી ઉપનિષદ્ વાણીનો લાભ પામતા રહે છે... બાળકોની જ્ઞાનભૂખનો ઉઘાડ આવતો રહે છે.

* * *

'બાપા! આપ દેરીમાં આરતી ઉતારો છો, ત્યારે ભગવાનનો કેવો અનુભવ થાય છે?' બે બાળકો ગોંડળમાં સ્વામીશ્રીની રૂમમાં આવીને પૂછવા લાગ્યા. સ્વામીશ્રી ઉતાવળમાં હતા. પણ બાળકને કેમ ઠેલાય?

તેથી કહે: 'ભગવાન સાક્ષાત્ બેઠા હોય તેવાં દર્શન થાય. તમે જેમ સામે બેઠા છો ને, ને વાતો થાય છે, એ રીતે!'

સ્વામીશ્રીએ અદ્ભુત વાત કરી. બાળકોની નિખાલસતાનો પડઘો સ્વામીશ્રીના ઉત્તરમાં પણ પડઘાઈ રહ્યો હતો.

બીજા બાળકે પૂછ્યું, 'આપનામાં ને શ્રીજીમહારાજમાં ફેર શું?'

આવા તાત્ત્વિક પ્રશ્નો આ બાળકોના મનમાં કોણ મૂકી જતું હશે?

સ્વામીશ્રી સ્મિત કરતાં બોલી ઊઠ્યા: 'મહારાજ તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે, ને આપણે તો એમના દાસ-સેવક છીએ...'

* * *

સ્વામીશ્રી વેલીંગબરો (યુ.કે.) બાળમંડળ સાથે ગોષ્ઠિ કરવા બિરાજ્યા. બાળકો ધાણી ફૂટે તેમ પ્રશ્નો પૂછતા હતા. સ્વામીશ્રી વિશે કેટકેટલું ય જાણી લેવાની ઉત્કંઠા પ્રશ્નોમાં ઊછળી રહી હતી. સ્વામીશ્રી પણ નિરાંતની પળોમાં

બાળકો સાથે આત્મીય ગોઠડીને લાભ આપતા અત્યંત હળવાશથી ઉત્તરો આપતા જતા હતા...

'બાપા! તમને કઈ ગાડી ગમે? ગાડી ચલાવેલી ખરી?'

સ્વામીશ્રીઃ 'સારંગપુરના મંદિરનું કામ ચાલતું, ત્યારે પથ્થર લાવવા તે ઘડીએ ગાડી શીખેલા. ટ્રક ચલાવતા. નાની ગાડી તો મંદિરમાં હતી જ નહીં! લોરી રાખેલી તે ચલાવતા...

'બાપા! તમને તબલાં રમતા આવડે?' અહીં 'વગાડવા' ને બદલે 'રમવું' એમ પ્રયોગ થાય છે.

સ્વામીશ્રી કહેઃ 'તબલાં તો શીખ્યો જ નથી. ત્યારે તો સંગીતનું કશું (શીખવાનું) ચાલતું નહીં.'

'સ્વામી! તમારા કેસરી કપડાં કેમ?'

સ્વામીશ્રીઃ 'આ કેસરી નહીં, ભગવાં કપડાં છે. તે ભગવાનનો રંગ છે. આ રંગ ત્યાગભાવના બતાવે છે. સંસાર છોડી દઈ ભગવાન ભજવા એટલે ભગવો રંગ...' સ્વામીશ્રી બાળકોને સમજાય તે રીતે કહી રહ્યા હતા.

'બાપા! આટલા બધા પ્રવાસમાં તમને થાક નથી લાગતો?'

સ્વામીશ્રીઃ 'પ્રવાસ ભગવાન માટે કરીએ છીએ એટલે થાક લાગવાનો હોય નહીં. ભગવાનનું કામ ગુરુઆજ્ઞાથી કરવાનું એટલે થાક ઊતરી જાય. મનસ્વી રીતે કરીએ તો થાક લાગે. બાકી મંદિરના કામ માટે ગામોગામ ફરવાનું થાય તેમાં થાક ન લાગે.'

* * *

'સ્વામી! તમે નાના હતા ત્યારના તમારા મિત્રોનાં નામ આપશો?'

સ્વામીશ્રીઃ 'શંતિલાલ અને શંકરલાલ. એમાં શાંતિલાલ નિકટના હતા.'

'તમારા પર કેવા પત્રો આવે છે?'

સ્વામીશ્રીઃ 'ઘણું ખરું તો સૌની મુશ્કેલીના પત્રો આવે. સાંસારિક પ્રશ્નો-ધંધો - કુટુંબના પ્રશ્નો... એવા બધા...'

'અમને અક્ષરધામમાં લઈ જશો?'

સ્વામીશ્રી ખીલી ઊઠ્યા. કહેઃ 'ભક્ત થઈએ અને આજ્ઞા પાળીએ તો ભગવાન લઈ જ જાય. જોગી બાપાની આજ્ઞાથી બાળમંડળમાં નિયમિત આવવું. વેજીટેરીયન રહેવું. એગ્ઝ-ચીકન પણ નહીં. (એગ્ઝ અને ચીકનને

ઘણા મીટમાં ગણતા નથી.) પૂજા કરવી અને પ્રાર્થના કરવી કે બુદ્ધિ આપજો તો વિચાર સારા આવે. વડીલો અને મા-બાપની સેવા કરવી. મંદિરોમાં જવું. સત્સંગીઓને આદર આપવો. આમ વર્તન રાખીએ અને સંતોની સેવા કરીએ તો ભગવાન પ્રસન્ન થઈ જાય અને ધામમાં લઈ જાય.'

આમ, અક્ષરધામનો બાળસુલભ સરળ માર્ગ ચીંધી સૌને આશીર્વાદ આપતા કહ્યું કે 'તમે સૌ નિયમિત આવતા થશો તો તમારો અભ્યાસ સારો થશે પણ તમારે સ્કૂલમાં બરાબર ધ્યાન આપવું. ઘરમાં મા-બાપનું કામ કરવું ને મંદિરનું કામ પણ પ્રેમથી કરવું.' પછી ગુજરાતી શીખવાડવા માટે ગુજરાતી ભાષાના વર્ગો શરૂ કરવા આદેશ આપ્યો.

ત્યાં તો બાળક ભાવિન પૂજારાએ અચાનક પ્રશ્ન પૂછ્યો, 'સ્વામી, તમને સાધુ થવાનો વિચાર કેવી રીતે આવ્યો?'

સ્વામીશ્રી એકદમ હસી પડ્યા. પછી કહે: 'શાસ્ત્રીજી મહારાજ (અમારે) ત્યાં આવતા, સંતો આવતા તે સંતો વાતો કરે ને? શાસ્ત્રીજી મહારાજે વાત કરી. શાસ્ત્રીજી મહારાજની ઇચ્છા છે એથી નક્કી કર્યું. એટલે સાધુ થવાનું થયું. વળી જોગી મહારાજ પણ બધાને વાત કરતા ને ત્યાં રોકાતા ત્યાં મંદિર હતું. સત્સંગ હતો. તેથી સાધુ થવાનું થયું.'

સ્વામીશ્રીએ આનંદથી બાળકોની જિજ્ઞાસાને સંતોષી બાળકોએ તાળીઓના ગડગડાટથી સ્વામીશ્રીને વધાવી લીધા.

* * *

'બાપા! તમે આટલું બધું વિચરણ કર્યા કરો છો, તે બહાર તો કાળા પડી જવાય. આપ ગોરા કઈ રીતે રહો છો?'

'એ તો ભગવાન સારું રાખે છે...' સ્વામીશ્રીએ એ વાતને સ્વાસ્થ્યમાં ઘટાવીને કહ્યું. પછી કહે: 'ભજન કરવા માટે ભગવાન શરીર સારું રાખે ને!'

સ્વામીશ્રી બાળશિબિર માટે અમેરિકાથી આવેલા ત્રણ બાળકોને સાથે લઈ ગોંડળમાં ઠાકોરજીનાં દર્શને પધાર્યા. અમને ઠાકોરજી સામે ઊભા રાખી પૂછ્યું, 'આ કોણ?'

'સહજાનંદ સ્વામી.' બાળકો તમામ મૂર્તિઓનાં નામ ફટાફટ બોલી ગયા. સ્વામીશ્રી ખુશ થઈ ગયા.

સુખશય્યા પાસે આવ્યા ત્યારે દસેક વર્ષના યોગીએ પૂછ્યું, 'તમને પહેલાં

ઘનશ્યામ મહારાજનાં દર્શન અહીં થયાં હતાં?'

વર્ષો જૂનો સ્વામીશ્રીનો ઐતિહાસિક પ્રસંગ અમેરિકાના બાળકોના ભંડોળમાં હોય તે સ્વામીશ્રીને પણ આશ્ચર્યકારી લાગ્યું ને કહે, 'હા, અહીં જ થયેલા...'

'તે વખતે મહારાજ શું કરતા'તા?'

'અહીં સૂઈ ગયા હતા.' સ્વામીશ્રીએ સુખશય્યા બતાવીને કહ્યું.

'સાધુ રૂપે હતા?!' બાળકોનું આશ્ચર્ય શમતું ન હતું.

સ્વામીશ્રી સ્મિત કરીને કહે, 'હા, એ જ રૂપે...'

બાળકોની જિજ્ઞાસા અને તત્પરતા જોઈ સ્વામીશ્રીએ ત્રણેની પીઠ ઠાબડી આશિષ આપ્યા...

* * *

'બાપા! સારા કામમાં સો વિઘ્ન હોય તો ખરાબ કામમાં હજાર વિઘ્ન કેમ નથી હોતા?' વિદ્યાનગરમાં હેમંતે પૂછ્યું.

સ્વામીશ્રી કહેઃ 'ખરાબ કામ તો વિઘ્નવાળું જ હોય, એટલે તેની કહેવત હોય જ નહીં ને!'

એક બાળક સંતો પાસે ક્યારનો જીદ કરતો હતોઃ 'તમે બધા સ્વામી પાસે જાવ છો, તો મને કેમ જવા ન મળે?'

એક દિવસ તેની જીદનો વિજય થયો. સંતો તેને સ્વામીશ્રી પાસે લઈ આવ્યા. સ્વામીશ્રી તેને કંઈ પૂછે તે પહેલાં તે પૂછવા લાગ્યોઃ 'તમે સ્વામી કેમ થયા?'

'ભજન-ભક્તિ થાય, ને બધાની સેવા થાય, બધા ધર્મને માર્ગે વળે એ માટે...'

'આપને પ્રેરણા કોણે આપી?'

'અમારા ગુરુ શાસ્ત્રીજી મહારાજે...' પછી આશિષ આપીને કહેઃ 'તને પણ સારી પ્રેરણા થઈ છે, તો સંતોનો યોગ રાખજે. જીવનમાં ઉત્કર્ષ થશે. ને સારાં કાર્યો કરી શકીશ...'

સ્વામીશ્રીની કરુણા અકારણ વરસી રહી હતી.

'શીખવું' એ આજે બાળકો માટે પણ બોજ બની રહ્યું છે, જ્યારે આવી આત્મીય ગોઠડીમાં સ્વામીશ્રી બાળકમાં પ્રાણ રેડી દે, ત્યારે બાળકો માટે એ

બોજ મટી જઈને મોજ બની જાય છે... બાળકો દોડતા રહે છે - જ્ઞાનની પાછળ.... જેનો માર્ગ છે વિસ્મય-જિજ્ઞાસા! સ્વામીશ્રી આ વિસ્મયની વાટ સંકોરતા રહી ભાવિના સુકાનીઓની સંસ્કારવાટ ઘડી રહ્યા છે....

૫. સંસ્કાર ઘડતર

'કુળનો દીવો' 'આંગણાની શોભા' 'ઘરનું ઘરેણું' આ બધા બાળકને વધાવવા માટે લખાયેલા શબ્દો છે.

વધામણી કરવાથી બાળક આનંદિત થશે, પણ સંસ્કારી થવાની ગેરંટી નથી. 'કુળનો દીવો' જણાતો બાળક કુલાંગાર પાકે છે એ સંસારની બલિહારી છે. 'આંગણાની શોભા' જણાતા બાળકે કુટુંબની ખાનદાની ગટર ભેગી કરી હોય એવાં ઉદાહરણો ઓછાં નથી...

શા માટે આ પ્રશ્નો સર્જાય છે?

માટીના પિંડ જેવા બાળકને આપણે રમકડાંને હવાલે કર્યાં. આધુનિક શિક્ષણ, માત્ર બૌદ્ધિક અભિગમો અને આયાઓ કે બેબીસીટર્સના શરણે ધર્યાં. ટી.વી. અને સિનેમાના નટોએ કુમળાં હૃદયોને કબજે લીધાં... પ્રેમનું સિંચન અટક્યું. અસ્મિતા અને સંસ્કારિતાનાં જળ ન મળ્યાં. અને પિંડમાંથી કૃતિ ન સર્જાઈ... એક બાળકની સાંસ્કૃતિક હત્યા એ દેશના આત્મા પરનું કલંક છે એ વાત સ્વામીશ્રી બરાબર જાણે છે. એક બાળકનો સાંસ્કૃતિક વિકાસ એ દેશ-કુટુંબ અને બાળકના આત્મામાં ફેલાતી સંજીવની છે તે પણ એમને ખબર છે.

આથી જ એમની વાણી બાળકના હૃદયને સ્પર્શે છે... એમના આત્માને સાદ કરે છે... સ્વામીશ્રીની વાણીમાં બાળકોના સંસ્કાર જતનની ચિંતા છે. આહાર-વિહાર-વર્તનશુદ્ધિનો આગ્રહ છે. ભાષા-વતન-હિન્દુત્વ અને સત્સંગની પ્રણાલીઓ પળાવવાની અસ્મિતા છે. આવતીકાલે જેઓ પ્રજાના પયગંબરો બનવાના છે. તેવા બાળકોના આધ્યાત્મિક ઉત્કર્ષની ઉત્કંઠા છે.

કોઈએ બાળક માટે લખ્યું છે: 'બાળક કુદરતની સુંદરમાં સુંદર કૃતિ છે.'

સ્વામીશ્રી આ સુંદર કૃતિમાં રંગો પૂરી આપે છે - સંસ્કારિતાના અને આધ્યાત્મિકતાના... અને સમાજને ચરણે એ કૃતિ ધરી દે છે. ત્યારે એ શબ્દો

સાકાર થાય છે કે 'બાળક એ સમાજનો આત્મા છે...' અને 'બાળક એ ભાવિ પેઢીનો પ્રકાશ છે...'

આવો, સ્વામીશ્રીનો સાદ એમનાં ચરિત્રો દ્વારા સાંભળી લઈએ...

* * *

સ્વામીશ્રી વરખેડા (મહારાષ્ટ્ર) પધાર્યા હતા. શાસ્ત્રીજી મહારાજના સમયથી અહીં સંતો સત્સંગ કરાવવા આવતા. અહીંની નવી પેઢીને સત્સંગનો સંપર્ક ઘણો ઓછો થઈ ગયો છે. સ્વામીશ્રી આ પેઢીના વડીલોને મળી રહ્યા હતા. સૌ બેઠા એટલે સ્વામીશ્રીએ વાત માંડીઃ 'તમારા વડીલો દોલત પાટીલ, ગજમલ બધા દર વર્ષે ગુજરાતમાં આપણાં મંદિરોમાં આવતા. તમે પણ આવતા થઈ જાવ. તમારું જોઈને બાળકો પણ આવશે. એ બધાને ખબર પડવી જોઈએ ને કે આપણાં ગુરુસ્થાનો આવાં છે... એમ છોકરાંઓને નાનપણથી હેત થાય. સત્સંગ દૃઢ થઈ જાય...' પછી કહે, 'આ સત્સંગ પણ મિલ્કત છે. આ વારસો પણ બરાબર સાચવવો. આ મિલ્કત વધારીશું તો ધન-સંપત્તિની મિલ્કત પણ વધશે જ. કારણ કે છોકરાં સંસ્કારી બનશે.' પછી નવી પેઢીના જે પ્રતિનિધિઓ બેઠા હતા તે દરેકને માળા ફેરવવા સ્વામીશ્રીએ આદેશ આપ્યો...

* * *

ગોંડળમાં સંતો સાથે હળવી ગોષ્ઠિ ચાલતી હતી. એક સંતે કહ્યુંઃ 'આ હરિભક્તનો દીકરો ગાળો બોલતાં શીખી ગયો છે...'

સ્વામીશ્રી આકળા થઈ ગયા. કહેઃ 'તમે લોકો શું કરો છો? આટલા બધા છો! આ કામ હરિભક્તથી નથી બની શકતું. કારણ કે છોકરાંય ન માને. 'ઘરકી મુર્ગી દાલ બરાબર...' માટે તમારે સંતોએ આ વાત કરવી...' એમ સંતોને બાળકો માટે જાગૃત રહેવા આદેશ આપી દીધો. એમની વાણીમાં ભાવિ પેઢી અંગે ચિંતા જણાતી હતી.

સ્વામીશ્રી મુંબઈ બિરાજ્યા હતા. માર્કંડભાઈનો પુત્ર પાર્થેય અહીંની શ્રેષ્ઠ શાળામાં અભ્યાસ કરે છે. તે શાળામાં તિલક-ચાંદલો કરીને જવા લાગ્યો. ત્રણેક દિવસ થયા ત્યાં શાળાના સંચલકોએ નોટિસ મોકલીઃ 'આ શાળામાં તિલક કરવું નહીં... કાલ ઊઠીને મુસ્લિમો નમાજ પઢવા લાગે તો અમારે શું કરવું?'

સ્વામીશ્રીને આ વાત મળી. સાંભળીને ખૂબ નારાજ થઈ ગયા. કહે: 'બધા ખોટા છે, તિલક કરતા હોય તેમાં વાંધો શું આવવાનો? સ્કૂલમાં આરતી-પૂજા કરતા હોય તો બરાબર.' પછી કહે: 'લોકસભાના સ્પીકર આયંગર પાર્લામેન્ટમાં તિલક કરીને જતા, એમાં કોઈને વાંધો નહોતો. ને અહીં છોકરા કરે તેમાં શું થઈ જવાનું હતું? નમાજને અને આને શું લેવા દેવા છે?...'

સ્વામીશ્રી બાળસંસ્કાર પર થતા પ્રતિબંધોથી, શિક્ષણ સંચાલકોના ગુલામીભર્યા અને ધર્મવિમુખ માનસથી ખિન્ન બની ઊઠે છે.

જો કે પાર્થેયની દૃઢતા અને પ્રામાણિક લડતથી સ્કૂલમાં તેનો વિજય થયો અને તેનો તિલક-ચાંદલો કાયમ રહ્યો...

* * *

સ્વામીશ્રી ભરૂચમાં બિરાજ્યા હતા. અહીંની ૧૨ માધ્યમિક શાળાઓના આચાર્યો તથા શિક્ષકો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેમને આશીર્વાદ આપતાં સ્વામીશ્રીના મનમાં ભારતની એ ભાવિ પેઢી તરવરી રહી હતી. બાળકોનાં હિત માટે સ્વામીશ્રીએ કહ્યું: 'આપ બધા બાળકોને કેળવણી આપી રહ્યા છો, તે પાયાનું કામ કરી રહ્યા છો. છોકરાઓનું ઘડતર પણ થાય... જ્ઞાન મળે, આગળ ઉપર તે જીવનમાં સેટ થાય.

'આ બધાની સાથે જીવનઘડતરનું પણ કંઈક થાય તો કરવું જોઈએ. ધર્મની રીતે થોડું થોડું આપતા રહીએ તો સંસ્કાર મળે. સ્કૂલમાં સરકારની નીતિ પ્રમાણે ન આપી શકો પણ પ્રવચન દરમ્યાન એ આપી શકાય. નીતિ-નિયમ, ચારિત્ર્ય, આહાર-વિહારના સંયમ વગેરેની વાત કરી શકો. આજે મા-બાપ પૈસા પાછળ પડી ગયાં છે. એટલે બાળકોને જોઈએ એવા સંસ્કાર નથી મળતા. સમાજમાં વ્યસન-દૂષણ પેઠાં છે. એનું આ એક કારણ છે. 'છોટી વયે પડેલી છાપ છેલ્લી વયે પણ ન ભુંસાય' એવી કહેવત છે. છોકરાઓ જે અત્યારથી ચોરી કરવા શીખે તો વડાપ્રધાન થયા પછી પણ ચોરી કરવાની ટેવ જાય નહીં. કારણ કે બહાર મૂળ તો સમાજમાંથી જ ગયેલા છે ને! એટલે અત્યારથી જ સારા સંસ્કાર પડવાની જરૂર છે.'

સ્વામીશ્રી કેળવણીના મર્મજ્ઞોને આ કરુણાભરી અપીલ કરી રહ્યા હતા.

* * *

સ્વામીશ્રી અટલાદરામાં ઉકાળા-પાણી કરવા પધાર્યા ત્યારે સુરેશભાઈ શાહ પોતાના પુત્ર ઘનશ્યામ સાથે દર્શને આવ્યા. ઘનશ્યામ પોતાની શાળાની ચૂંટણીમાં જીત્યો ને જી.એસ. બન્યો છે, આ વાત સાંભળી સ્વામીશ્રીને આશ્ચર્ય થયું. કહે: 'સ્કૂલમાં આ (ચૂંટણી) શું કરવા ઘાલ્યું? અત્યારથી જ છોકરાઓને બનાવટ કરવાની, સાચું-ખોટું શીખવાનું, મારામારી કરીને ચૂંટણીમાં કેમ જીતવું એ જ શીખે! ટંટો ને બખેડા કરે...

સુરેશભાઈએ બચાવ કર્યો, 'લોકશાહીનું પાયાનું શિક્ષણ શીખે ને!'

સ્વામીશ્રી આકળા થયા, 'પાયા-બાયા કાંઈ નહીં, આ તો બધા પાયા ખસી ગયા છે. મારકૂટ કરીને ચૂંટણી જીતવામાં લોકશાહી ક્યાં આવી? જીતે પછી પણ ત્યાં એ જ (મારકૂટ) કરવાનું છે! આ બધાનું દુઃખ જે ન હોય તે ઘાલે. શિક્ષણમાં લોકશાહીની શી જરૂર છે? ધર્મસ્થાનોમાંય ચૂંટણી શું કામની? ભગવાન ભજવા છે ને સેવા કરવી છે, શિક્ષણ આપવું છે, ભણવું છે તેમાં હોદ્દાની શી જરૂર?'

સ્વામીશ્રી બાળકોના નિર્દોષ જીવનને અવળે માર્ગે દોરતી આવી પ્રક્રિયાઓ ઉપર ઘણીવાર દુઃખ વ્યક્ત કરે છે.

ક્યારેક એમના અંતરમાં ઘુંટાતી આ ચિંતા ઓચિંતા જ બહાર આવી જાય છે. એ ક્ષણે એમની આર્ષદૃષ્ટિનાં દર્શન સહેજે થઈ જાય છે.

કલકત્તામાં ગુજરાતી સાહિત્ય મંડળના પ્રમુખ કનુભાઈ ભાલરિયાએ સ્વામીશ્રી પાસે સાહિત્ય પરિષદની સફળતા માટે આશિષ માગ્યા.

સ્વામીશ્રી કહે: 'તમારા પ્રયત્નોથી પરિષદ સફળ થાય તે પ્રાર્થના કરીશું. આજે સારા સાહિત્યમાંથી છોકરાંઓની રુચિ ઘટી ગઈ છે. ટી.વી.-સિનેમા આવી ગયા એટલે છોકરાંઓની બુદ્ધિ એમાં જતી રહી. પહેલાં એની અસર ઓછી હતી. અત્યારે એટલી અસર આવી ગઈ છે, કે આપણે ગમે તેટલું છોકરાને કહીએ તે ટળી જાય છે. ટી.વી. વગેરેમાં સરકાર કંટ્રોલ કરે તો સારું, બાકી આપણી સંસ્કૃતિ અને કુટુંબભાવના બધું જ તૂટી જશે...'

સ્વામીશ્રીના શબ્દોમાં વેદનાની એક ટીસ હતી. બાળકોના વિચિત્ર માનસપરિવર્તન અંગે સ્વામીશ્રી જેટલા ગંભીર છે, તેટલા જ પ્રવૃત્ત પણ છે. ચિંતા પછી એમણે ઉકેલ માટે પણ પુરુષાર્થ સાધ્યો છે. બાળકોને સામે બેસાડીને એમણે ગળથૂથીમાંથી વર્તનનાં ઔષધ પાયાં છે. સમય કાઢ્યો છે.

રસ લીધો છે અને અનેકનાં જીવન અજવાળ્યાં છે.

* * *

'ટીપુ સુલતાન' ટી.વી. શ્રેણીના બાળ કલાકારો ટીપુ અને હૈદરઅલી - ચેતન અને સુનીલ સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. તેઓની ખૂબ પ્રગતિ થાય તેવા આશીર્વાદ આપી સ્વામીશ્રીએ પ્રેમથી આદેશ આપી દીધો: 'તમે આગળ વધો તેનો વાંધો નથી. પણ વ્યસન તો ના જ કરતા. આ લાઈન જ (ફિલ્મ-ટી.વી.) એવી છે. માટે મોટા થાવ તોય દારૂ-તમાકુ એ બધાથી દૂર જ રહેવું. સ્યોર (ચોક્કસ) રહેવું તો ભગવાન તમારી સાથે રહેશે. આપણા સંસ્કાર ન જવા જોઈએ.'

બંને બાળકો ખુશ થઈ ગયા. ચરણસ્પર્શ કરી સ્વામીશ્રીની વાત મસ્તકે ચડાવી...

* * *

અટલાદરામાં સ્વામીશ્રી પત્રલેખન કરી રહ્યા હતા. સામે જ લંડનથી આવેલો રાકેશ બેઠો હતો. આજે એકાદશી હતી. તેથી સ્વામીશ્રીએ પૂછ્યું: 'તારે એકાદશીનું કેમ છે?'

'હું ફરાળ કરું છું...'

'વાહ! તો સારું. એસ. એમ. ને (તેના પિતા) કેમ છે?

'તે હવે એકાદશી નથી કરતા...' બાળકે કહ્યું.

સ્વામીશ્રી કહે: 'કહેજે કે સ્વામીએ કહ્યું છે. એકાદશીના દિવસે ફરાળ જ કરવું. આપણો નિયમ છે. એટલે વ્રત કરવું જ પડે. નહીં તો યોગીબાપાનો ધબ્બો ખાધો છે, તે જતો રહે...'

સ્વામીશ્રીએ બાળ માનસમાં નિયમ-પ્રણાલીની દઢતા કરાવી.

અમેરિકાના બાળકો અનૂપ અને યોગેશને અમદાવાદમાં રાખડી બાંધતાં બાંધતાં કહે: 'હવે તમે બંધનમાં આવ્યા. આ બાંધીએ છીએ, એટલે હવે બહારનું ખાવું પીવું નહીં. ટી.વી. જોવું નહીં. અભ્યાસ અને સત્સંગ બરાબર કરવો.'

ભારતભરની બાળતરણ સ્પર્ધામાં પ્રથમ ક્રમે આવનાર આતપ ઓઝાને ટ્રેનીંગમાં માંસાહાર ફરજિયાત હોવાથી દ્વિધા હતી.

સ્વામીશ્રી કહે: 'આપણે ના જ પાડી દેવી. ઘરેથી ખાવાનો બંદોબસ્ત કરી

દેવો. હિંમતથી વાત કરી દેવી, એટલે વાંધો નહીં આવે. હજુ પ્રગતિ થશે!'

જ્યાં, જેવી સ્થિતિમાં સ્વામીશ્રી ઊભા હોય, ચાલતા હોય, બેઠા હોય ને બાળકો આવી ચડે ત્યાં આવી વાતો સ્વામીશ્રી કરતા જ રહે છે. પોતે જાણે છે કે વાત સબીજ છે, તેની ભવિષ્યમાં અવશ્ય સુંદર ફસલ ઊતરશે...

વર્તન

સ્વામીશ્રી અટલાદરામાં બિરાજ્યા હતા. ભગવત્ અને તિલક બંને ૬-૮ વર્ષના બાળકો રાત્રે સ્વામીશ્રી આરામમાં જાય ત્યાં સુધી રાહ જુએ. સ્વામીશ્રી પધારે એટલે જોરથી જયજયકાર કરે.

એક વાર રાત્રે બંનેએ જોરથી જયકાર કર્યો અને તરત જ કુસ્તી શરૂ કરી. બંનેની આ બાલીશ રમતથી સ્વામીશ્રી ખૂબ હસ્યા. બંનેને પ્રસાદી આપી. પછી નજીક બોલાવી કહેઃ 'કુસ્તી કરી, હવે એકબીજા પગે લાગો!' બંનેએ થોડા સંકોચ સાથે એ આજ્ઞા પાળી, ત્યાં સ્વામીશ્રી કહેઃ 'હવે બેય ભેટી લો! આપણે સંપ રાખવો પડે ને!'

બાળમાનસનું અહં ફંટાઈ ન જાય તે માટેની કેવી સૂક્ષ્મ સૂઝ! બાળકોનાં વર્તનમાં આવા નાના નાના અસંખ્ય પ્રસંગો મોટપણે ઘડતરની ઈંટો બની રહે છે.

* * *

સ્વામીશ્રી આબુમાં સંસ્થાના છાત્રાલયના બાળકોને ત્રણ દિવસ લાભ આપી વિદાય લઈ રહ્યા હતા. મંદિરના હૉલમાં અંતિમ સભા પછી સ્વામીશ્રીએ સૌને પ્રસાદ વહેંચ્યો. પછી કહેઃ 'તો હવે અમે રજા લઈએ!'

'ના! રોકાઓ... રોકાઓ...' બાળકોમાંથી એકધારા સૂરો સંભળાવા લાગ્યા.

સ્વામીશ્રી કહેઃ 'અમે તો ખાસ મળવા જ આવ્યા હતા. હવે મળી લીધું...' ત્યાં તો એક બાળક ઉત્સાહમાં બોલી ઊઠ્યો, 'બધી ગાડીને પંક્ચર જ કરી નાખું... એટલે બાપા જાય કેવી રીતે?'

સ્વામીશ્રીએ સાંભળ્યું, ભલે આ બાલીશ વિધાન હતું, પણ દિશા તો ખોટી હતી જ. ધીરેથી સ્વામીશ્રી કહેઃ 'એવું ન કરવું, ભાવના સારી રાખવી. પણ કોઈનું ખરાબ થાય એવો વિચાર તો કરવો જ નહીં. અત્યારથી આવું ન શીખાય. આદર્શ જીવન જીવવું. અમે ફરીથી જરૂર આવીશું એટલે અત્યારે

રજા આપો. ફરી સૌને રાજી કરીશું, હં...?'

સ્વામીશ્રીને જે કાંઈ કહેવું હોય છે, તે બાળકને બાળકની રીતે જ કહે છે. ક્યારેક સ્વભાવ પર, ક્યારેક વર્તન પર, ભાષા પર, ભાવનાઓ પર સુધારાની રેખા આંકી આપે છે, ત્યારે તેમાં કોઈ ઉપદેશનું ભારેપણું નથી વર્તાતું...

વિદ્યાનગરમાં આંતરરાષ્ટ્રીય બાળમહોત્સવ ઊજવાઈ રહ્યો હતો. પ્રાતઃ પૂજા પછી સ્વામીશ્રીએ 'સ્વામીની વાતો'ના આધારે આશીર્વચન આપવા શરૂ કર્યા 'આપણે તો ભગવાનનાં છીએ, પણ માયાના નથી...' પછી પૂછ્યું, 'આપણે કોના છીએ ...?'

'ભગવાનના!' વીસ હજાર બાળકોમાંથી ઉદ્‌ઘોષ ઊઠ્યો!

'ભગવાનના બાળકોએ કેવા થવું જોઈએ?'

'સારા....' બધાએ કહ્યું.

સ્વામીશ્રી કહે: 'હં, ભક્તિ કરે, બીજાની સેવા કરે, સારા કાર્ય કરે તે ભગવાનના બાળક. ઘણા માણસો બાળકોને ખોટે રસ્તે લઈ જાય છે. આપણે એમાં ન લેવાવું. ભગવાનના બાળક છીએ એટલે ભલે ગરીબ હોઈએ પણ ચોરી ન થાય. આપણે અભ્યાસ સારો કરવો. જેથી ફર્સ્ટ ક્લાસ આવે. અભ્યાસ બરોબર કરીએ અને બાળમંડળમાં જઈએ તો ભગવાનના થયા કે'વાઈએ. જગતમાં સર્વથી મોટા ભગવાન છે. એમણે આપણને બનાવ્યા છે તો શરીરનો સારો ઉપયોગ કરીએ તો ભગવાનના કહેવાઈએ. ભગવાનની અને દેશની સેવા થશે તો ભગવાન રાજી થશે. આ વાત નાની છે પણ સુંદર છે. માટે દૃઢ કરવી. ઘરમાં માતા-પિતા સાથે વિવેકથી રહેવું. કામકાજ અને ભક્તિ કરવી. રોજ સારા વિચારો કરવો. સારા ગુણ કેળવવા તો ભગવાન પાસે બેસાય.

'તમે બધાએ આ અધિવેશનમાં ભાગ લીધો છે તો ભગવાન રાજી થશે. યોગીબાપા અપાર રાજી થશે. તમને બધાને ધન્યવાદ છે. આ વાત લઈ જઈને ઘરે સૂઈ ન જતા પણ બધાને વાતો કરજો. બ્રહ્માંડના બાળકો આ માર્ગે ચાલે એ પ્રયત્ન કરવો.'

* * *

વેકેશનના દિવસો હતા. ગાંધીનગર બાળમંડળ પ્રવાસે જતા ગોંડળ

સ્વામીશ્રીનાં દર્શને આવ્યું હતું. સવારે કથા દરમ્યાન બાળકો સામે જ બેઠા હતા. સ્વામીશ્રીએ વડીલ શ્રોતાઓ કરતાં આ બાળકોને અગ્રિમતા આપીઃ

અહીં આયા, તો બધે દર્શન થયાં જે મંદિરમાં જાઓ ત્યાં કઈ કઈ મૂર્તિ હતી. ચંદનના વાઘા હતા. તે યાદ રાખવું. અહીં અક્ષરદેરીનાં દર્શન થયાં, સભામાં બેઠા હતા. સંતો-ભક્તોનાં દર્શન થયા. આ બધી સ્મૃતિ કરજો. નોંધ રાખીએ તો ભવિષ્યમાં ઉપયોગી થાય. બધા બરાબર અભ્યાસ કરજો.

ાગરીવાળા ક્યાં ગયા? તમે બાળસેવકો કહેવાવ... તમે સેવા કરી તો ત્યા (યોગીશતાબ્દીમાં) આવનાર બધા રાજી થઈ ગયા...'

સ્વામીશ્રી હેતથી-પ્રશંસાથી બાળકોને નવાજી રહ્યા હતા. અંતે સ્વામીશ્રીએ કહ્યું, 'એમ અભ્યાસ કરીને, દેશની, સમાજની, મા-બાપની સેવા કરો તો બધા રાજી થાય. અત્યારે ભણવાનો સમય છે, તો હરવું ફરવું નહીં. ટી.વી.માં ટાઈમ ન કાઢવો. બરાબર ભણવું. પરીક્ષામાં ચોરી ન કરવી. યોગીબાપાના જીવન સામું જોવું. એમના જીવનમાંથી સારી પ્રેરણા મળે. ભગવાન ભજવાની પ્રેરણા મળે...'

કોઈવાર બાળકોને આવી અણધારી સ્મૃતિ મળી જાય ત્યારે આનંદવિભોર બની જાય અને પ્રત્યેક શબ્દ નોટબુકમાં અને સાથે સાથે જીવનમાં આંકી દેવા પ્રયત્ન કરે...

* * *

કુટુંબવ્યવસ્થા અંગેની સ્વામીશ્રીની ચિંતા ખાનગી મુલાકાતોથી માંડી ટી.વી. ઈન્ટરવ્યૂ સુધીના વ્યાપમાં અનેકવાર વ્યક્ત થતી રહી છે.

તેના ઉકેલનાં મૂળ સ્વામીશ્રીએ બાળકોના વર્તનમાં જોયાં છે. સંતાનોનું પ્રામાણિક, વફાદાર, નિસ્વાર્થી અને નમ્ર વલણ માતાપિતાને અને કુટુંબને શાંતિ આપનારું છે. તો વળી માતાપિતાનું બાળકો તરફનું વલણ પણ સમજદારી પૂર્ણ, જવાબદારી પૂર્ણ અને બાળકોના આત્માના અવાજને ઓળખનારું હોય તે સ્વામીશ્રીને વધુ અભિપ્રેત છે. માતાપિતાને તો સ્વામીશ્રી કહે જ છે, પણ બાળકો ઘડવામાં પણ એમણે સહજ રસ લીધો છે.

સ્વામીશ્રી અમદાવાદમાં ઠાકોરજીનાં દર્શન કરી રહ્યા હતા. આજે સંતોએ હરિકૃષ્ણ મહારાજને ચંદનના વાઘામાં નીલકંઠવર્ણી બનાવ્યા હતા. સ્વામીશ્રી પધાર્યા ત્યારે સાથે જ લંડનથી આવેલા બાળકો પણ ઊભા હતા. સ્વામીશ્રીએ

બાળકોને મહિમા સમજાવ્યો. પછી પ્રદક્ષિણામાં સાથે લીધા. મંદિરના પાછળના ભાગે અવતારો અને ભક્તોની પ્રતિમાઓ મૂકવામાં આવી છે, તેમાંથી શ્રવણને બતાવીને કહે: 'જુઓ, આ શ્રવણ. એનાં મા-બાપને લઈને જાય છે... ત્યાં (લંડનમાં) મા-બાપને ક્યાં લઈ જાય?'

'ઓલ્ડ-એજ હોમમાં!' બાળકોએ તરત ઉત્તર આપ્યો!

સ્વામીશ્રી કહે: 'આ શ્રવણ યાત્રા કરાવવા લઈ જાય છે. આપણી ભારતીય સંસંકૃતિ કહે છે કે માબાપની છેક સુધી (અંતકાળ સુધી) સેવા કરવી. આપણે આ ધ્યાન રાખવું. સમજ્યા....?'

બાળકો અડધું-પડધું સમજ્યા હતા. પણ ભાવાર્થ પકડાઈ ગયો હતો. પશ્ચિમની રહેણી અને રંગ તળે ઊછરતી આ ભારતીય બાળપેઢીને આપણા વારસાની અસ્મિતા રહે તે માટે સ્વામીશ્રી અનેકવિધ ક્ષેત્રમાં પ્રયત્નો કર્યા છે...

એકવાર લંડનમાં બાળકોના દીપનૃત્ય પછી આજુબાજુ સૌ આશીર્વાદ લેવા ભેગા થઈ ગયા ત્યારે સ્વામીશ્રીએ કહેલું કે 'આપણે માતા-પિતાને કાયમ પગે લાગવું. સેવા કરવી. નાનપણમાં એમણે આપણને ઊછેર્યા, આપણે લાતો મારી, ઝાડા-પેશાબ કર્યા, એ બધું એમણે સહન કર્યું છે ને! તો આપણે મોટી ઉંમરે તેમનું સહન કરવું... આ બાળકોને ખાસ સૂચના છે...'

* * *

કોઈ વાર સામેથી બાળકોને પૂછી લે. 'ચંદુ, બાબરકાકાને (દાદા) પગે લાગે છે?'

'ના.'

'તો હવે લાગજે....'

કોઈવાર બાળકને જનોઈ આપવાની હોય કે માનતા પૂરી કરવા લાવ્યા હોય, કોઈવાર બાળકો પ્રવાસે આવ્યા હોય, કોઈવાર સાંસ્કૃતિક કાર્યક્રમ કરીને સૌ આશીર્વાદ લેવા આવ્યા હોય, કોઈ જન્મદિવસે આશીર્વાદ લેવા આવ્યા હોય કે કોઈએ પત્ર દ્વારા પોતાની શાળાની પરીક્ષાનું રિઝલ્ટ જણાવી આશીર્વાદ માગ્યા હોય - સ્વામીશ્રી દરેક વખતે બાળકોને આ પ્રકારની વાતો કરી દૃઢતા કરાવ્યા જ કરે છે.

'રોજ માળા ફેરવવી. બાળસભામાં જવું.... સવારે ૬-૦૦ વાગે ઊઠી

જવું, પપ્પા-મમ્મીને કામમાં મદદ કરવી. મસ્તી-તોફાન ન કરવાં. બધું હૃદયમાં લખી રાખવું....'

* * *

એકવાર તો મુંબઈના બે બાળકોને સ્વામીશ્રીએ કહેલું કે 'મોટા થઈને પણ યાદ રાખજો કે મા-બાપને ભૂલવા નહીં. એમ નહીં કહેતા કે બુઢ્ઢા હો ગયા. હવે એક બાજુ બેસો, ડખ ડખ ના કરો... શું યોગેશ, પગે લાગજે પાછો...'

બાળકો એટલા નિર્મળ હોય છે કે જે જુએ તેની ગાઢ અસર દિલમાં ઝીલી લે છે. સમાજમાં ખેલાતા મા-બાપ તથા સંતાનોના ઝઘડાની અસર આ બાળકો ઝીલી ન લે તેની સાવચેતીરૂપે જ સ્વામીશ્રી આવી પાળ બાંધી આપતા હશેને!

આ સાથે વિદ્યાર્થી જીવનમાં જ નહીં પણ આજીવન ભૂષણરૂપ બની રહે તેવા સદ્ગુણોનું સિંચન સ્વામીશ્રીની આગવી લાક્ષણિકતા છે.

સ્વામીશ્રી જાણે છે કે ગમે તેટલી વાર દૃઢતાની વાત કરીશું પણ બાળક એ આખરે બાળક છે. કદાચ સંપૂર્ણપણે દૃઢ ન પણ રહી શકે તેથી જ ઘણીવાર મનની મક્કમતા ચકાસી સ્વામીશ્રી તેને દૃઢ બનાવે છે.

મુંબઈના કાર્તિક ત્રિવેદી અને મિત્ર દવેએ ટી.વી. ન જોવાનો નિયમ લીધો. સ્વામીશ્રી રાજી થયા. ને કહે, 'જોજો, બળ રાખજો. ફસકી ન જતા. કોઈ મિત્ર કહે, કોઈ નિયમ લોપાવવા આવે કે આપણું મન લલચાવે, તો પણ ફસકી ન જવું... '

* * *

સ્વામીશ્રી સાથે પંદર દિવસ વિચરણમાં જોડાઈને મુંબઈનો વિવેક મિસ્ત્રી અમદાવાદથી છૂટો પડી રહ્યો હતો. સ્વામીશ્રી પાસે તે રજા માગવા ગયો. સ્વામીશ્રી કહે 'વિનય ને!'

'ના, વિવેક.' તેણે કહ્યું.

સ્વામીશ્રી કહે: 'એ ખરું. વિવેક. વિવેક આવ્યા પછી વિનય પણ જોઈએ. ના કેમ પાડે છે?'

પ્રિયદર્શન સ્વામી કહે: 'ઘરે જઈને તારા પપ્પાને કહેજે કે મારું નામ વિનય છે.'

સ્વામીશ્રી સ્મિત કરતાં કહે: 'વિવેક તો હતો જ. પણ સ્વામી સાથે ફરીને વિનય શાખીને પણ આવ્યો છું. એમ કહેવું. તોફાન ન કરવું, ક્રોધ ન કરવો. વિનય એટલે નમ્રતા. બધાને નમવું. નમે તે પ્રભુને ગમે...'

સ્વામીશ્રીએ વિદાય વેળાનું ભાથું નમ્રતાના સદ્‌ગુણ સાથે બાંધી આપ્યું.

* * *

સ્વામીશ્રી ગોંડળ બિરાજ્યા હતા, ત્યારે આણંદ-વિદ્યાનગરના બાળકો શશિકાંત, પુનિત, કમલ વગેરે આવ્યા હતા. તેઓ કંઠસ્થ કરેલી સ્વામીની વાતો બોલ્યા. પછી સ્વામીશ્રી કહે: 'વિદ્યાનગર અધિવેશનમાં હતા ને?'

'હા.'

'એમાં જુદા જુદા સાંસ્કૃતિક કાર્યક્રમો થયા, તેમાંથી કયો યાદ રહ્યો?'

'કૂકડદમનો...' એક બાળકે કહ્યું.

'એમાં શું આવે છે?' સ્વામીશ્રી ધીમેધીમે લક્ષ્ય તરફ આગળ વધી રહ્યા હતા.

પુનિત બોલવા લાગ્યો: 'એક હતું શિયાળ...રોજ મીઠાઈની ચોરી કરે...' તે સરસ રીતે વાર્તા કહી ગયો. સ્વામીશ્રી ખુશ થઈ ગયા. કહે: 'વાહ, એકઝેટ બોલ્યો.' પછી કહે, 'એનો સાર શું? શિયાળે ચોરી કરી તો માર પડ્યો. ખોટું કરીએ તો આપણને જ નુકસાન થાય, એ વાત યાદ રાખવી. શિયાળે દંભ કર્યો તો અંતે ઉઘાડો પડ્યો અને માર પડ્યો, મહત્તા મેળવવા દંભ કરે ને અંતે માર જ ખાય.... માટે સ્કૂલમાં ય ચોરી ન કરવી... એથી ફાયદો નથી...'

સ્વામીશ્રી આવતી પેઢીના આ સૂત્રધારોને પ્રામાણિકતાના પદાર્થપાઠ આપી રહ્યા હતા.

ખાંભાના એક હરિભક્તના અચાનક અવસાનને કારણે તેમના કુટુંબ પર ઘણી વિપત્તિ આવી પડી હતી. એ હરિભક્તનો પુત્ર ગોંડળ ગુરુકુળમાં અભ્યાસ કરવા મળે તે હેતુથી સ્વામીશ્રીને મળવા રાજકોટ આવ્યો. સ્વામીશ્રીએ રસપૂર્વક અને પ્રેમથી બધી વાત સાંભળી. પછી તરત જ ગૃહપતિ ઉપર ભલામણપત્ર જાતે જ લખી આપ્યો: 'આવનાર વિદ્યાર્થીને તરત દાખલ કરશો. માફીમાં જ દાખલ કરવાનો છે. આ અંગે જે કાંઈ પૂછવું હોય તો મને પૂછજો, પણ એને દાખલ કરી દેશો...'

અને એ બાળકનો રુંધાયેલો વિકાસમાર્ગ મુક્ત બની ગયો. આવા તો કંઈક બાળકોના અભ્યાસમાં સ્વામીશ્રીએ અંગત રસ લીધો છે. પોતે પહેલાં તો ગામડાંઓમાં વિચરતા, ત્યારે પણ દરેક ગામડાંની પ્રાથમિક-માધ્યમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને પ્રેરણા આપી છે. એકાગ્રતા-ધ્યાન, પુરુષાર્થ માટે સતત બાળકોને માર્ગ બતાવતા રહ્યા છે.

* * *

લંડનમાં સ્વામીશ્રી ઠાકોરજી જમાડી રહ્યા હતા. ત્યારે એક બાળકે બીજા બાળકની ફરિયાદ કરીઃ 'બાપા! આ ચંદુને ભણવાની ઇચ્છા જ નથી થતી.'

સ્વામીશ્રી પ્રેમથી કહેઃ 'અલ્યા ચંદુ, સાચી વાત છે આ?'

ચંદુએ હકારમાં માથું હલાવ્યું.

સ્વામીશ્રી કહેઃ 'અત્યારથી આવા વિચારો આવશે, તો સાવ એવાને એવા-સામાન્ય રહેશો. માટે ધ્યાન રાખવું. અભ્યાસમાં પાછળ ન રહેવું. અત્યારથી એમાં મન ઊઠી જાય, તો દુઃખી થશો. માટે તોફાન મૂકી મંડી પડો...' ચંદુએ ભણવા માટે કમર કસવાની વાત તરત સ્વીકારી લીધી...

બાળકો અને સ્વામીબાપાની ગોઠડીમાં જે આદર્શોની આપ-લે હોય, તે દેવતાનેય દુર્લભ હોય એવું લાગે.

એક દિવસ બાળકોએ સ્વામીશ્રી સામે કીર્તન ગાયુંઃ 'તારી એક એક પળ જાય લાખની...' આ કીર્તનમાં એક પંક્તિ આવીઃ 'તમે ચેતીને ચાલોને જમના મારથી.' સ્વામીશ્રીએ તરત બાળકોને પૂછ્યું, 'વોટ ઈઝ 'જમ?' જમ એટલે?'

બધા બાળકો એકબીજા સામે જોવા લાગ્યા.

સ્વામીશ્રીએ હસતાં હસતાં 'જમ'ની વ્યાખ્યા કરી, 'જમ એટલે કિંગ ઑફ નરક. અંગ્રેજીમાં તમે જેને હેલ (નરક) કહો છો તેનો રાજા. એ યમ. એની આંખો મોટી મોટી હોય. માથે શિંગડાં હોય. મોટા મોટા દાંત હોય, મોટું મોઢું હોય. જે ભગવાન ન ભજે તેને એ મારે... આડો અવળો ચાલે. ખોટું કામ કરે તેને જમ મારે. જેમ અહીં ચોરી કરીએ તો પોલીસ મારે છે ને! તેમ ભગવાનનો ગુનો કરીએ તો જમ મારે.'

પછી સૌ બાળકોને તોફાન ને કરવા ન કોઈનું ખરાબ ન કરવાની વાતો કરીને ખૂબ હેતથી પૂછ્યુંઃ 'સવારે માળા કરો છો ને! એ બધું કરવું. ન કરીએ

તો ભગવાન દંડ કરે...'

આમ, બાળકો વચ્ચે ઊભા ઊભા જ સ્વામીશ્રીએ થોડી પળોની અનૌપચારિક સભા યોજી દીધી.

લંડનમાં સામે જ બેઠેલા બાળકોને સ્વામીશ્રીએ કેક આપી. ચંદ્રેશ નામનો બાળક કેક ખાતો હતો. સ્વામીશ્રીએ પૂછ્યું: 'કેમ?' કેક કેવી લાગે છે?' ચંદ્રેશ કહે: ' મીઠી મીઠી...'

સ્વામીશ્રી કહે: 'ભગવાનનું નામ કેવું લાગે?'

ચંદ્રેશ તો કેકમાં મશગૂલ હતો. સ્વામીશ્રી કહે: 'જેમ કેકમાં ગળપણ છે ને, સ્વીટ છે ને, તેમ ભગવાનમાં પણ ગળપણ છે. ભગવાનમાં છે એવું કોઈમાં નથી. તમને કોઈ કડવું આપે તો બધાનું મોઢું કેવું થઈ જાય? તેમ ભગવાન વિના, મંદિર વિના, સત્સંગ વિના એવું થવું જોઈએ. ભગવાનના મંદિરે જવાનું થાય ત્યારે સારું લાગે છે ને! હાં... માતા-પિતા કહે તેમ કરવું. ને કહે: 'વહેલા ઊઠો, પૂજા કરો, પ્રાર્થના કરો, અભ્યાસ કરો...' ત્યારે આપણે કહીએ : 'ના, હું નહીં કરું...' તો તે કડવું લાગ્યું કહેવાય, બાળસભામાં બેસવું. પૂજા-પાઠ-દર્શન બધું ગળ્યું લાગવું જોઈએ. ઓલ રાઈટ?'

એમ કહી હાથ ઊંચો કરી બાળકોને 'બાય બાય' કર્યું! ને બાળકો આનંદમાં ઝૂમતા છૂટા પડ્યા.

* * *

બાળકોના સંસ્કારજતન માટે સ્વામીશ્રીએ વિદેશમાં ઠેરઠેર હાકલ કરી છે. આપણા ગુજરાતીઓમાં ઘરોઘર ગુજરાતી જ બોલાય, ઈંગ્લીશમાં ઊછરતા બાળકો પણ ગુજરાતી જ શીખે તેવો આગ્રહ તેમણે ઠેરઠેર સેવ્યો છે. આહારશુદ્ધિ માટેનો તેમનો આગ્રહ તો ટોચ કક્ષાનો છે. એમના સંગમાં આવેલ એક પણ બાળક કે વાલી એવા નહીં હોય કે જે સ્વામીશ્રીએ ડ્રગ્સ-દારૂ-માંસથી મુક્ત રહેવા સમજાવ્યા ન હોય.

અમેરિકામાં નિકુંજ અને નિર્મળ નામના બાળકો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા. ૩૫૦ માઈલની મુસાફરી કરીને, નિકુંજ-નિર્મળ સ્વામીશ્રી માટે ખાસ કુણી કુણી મકાઈ લાવેલા. સ્વામીશ્રી એનો ભાવ સ્વીકારીને હરિકૃષ્ણ મહારાજને મકાઈ ધરાવી. પછી નિર્મળને પ્રસાદી આપતાં કહ્યું: 'તું સ્કૂલમાં

મીટ લે છે?'

વિદેશની શાળાઓમાં માંસ અને ઈંડાં સાહજિક અપાતાં હોય છે. સ્વામીશ્રીએ નિકુંજને આ વિષે પૂછ્યું ત્યારે તે ઘવાયેલા હૃદયે, કંઈક ભૂલ-ચૂક પડી છે તે દહેશતે પોપચાં ઢાળી ગયો. સ્વામીશ્રીએ વહાલથી તેના વાંસા પર હાથ ફેરવ્યો, માથાના વાળમાં આંગળીઓ સેરવી. નિકુંજે શરમાતાં કહ્યું, 'મારે ક્યારેક લેવાઈ જાય છે.'

સ્વામીશ્રી કહે: 'હવે ક્યારેક પણ નહીં. નો મીટ - નો એગ્સ!' એવા તો હેતથી સ્વામીશ્રીએ કહ્યું કે નિકુંજના હૃદયમાં એ કોતરાઈ ગયું. નિર્મળને કહે : 'તું જો માળા કરીશ ને ભગવાનને યાદ કરીશ તો ભણી-ગણીને સારો ડૉક્ટર થઈશ.' એમ કહી બે માળા બંનેને, પોતે જાતે ફેરવી બતાવી પછી આપી.

* * *

એક દિવસ બાળકોએ યોગીજી મહારાજનું પ્રિયભજન ગાયું.

'હાંજી ભલા સાધુ...' ખૂબ સુંદર રાગ-ઢાળમાં બાળકો ગાતા હતા. સ્વામીશ્રી વચ્ચે વચ્ચે બાળકોને પંક્તિઓના અર્થ સમજાવે ને પૂછે: 'બોલો જોઉં. હવે કઈ કડી આવે છે?'

બાળકોએ ગાયું: 'ત્યાગે તીખાં તમ તમા, રસના ભોગ વિલાસ...'

સ્વામીશ્રીએ કહ્યું, 'તમને બધાને સારું સારું ભાવે છે ને! આમાં તો એ છોડવાની વાત કરી છે. શું શું ભાવે છે તમને? આમાંથી કોને પીઝા ભાવે? જેને ભાવતા હોય તે ઊંચો હાથ કરે...'

પીઝાનું નામ પડતાં જ એક સાથે બધાએ હાથ ઊંચા કર્યા. સ્વામીશ્રી કહે, 'પીઝા બધાને ભાવે છે પણ પછી મૂકી દેવા પડશે... હોં....'

કોઈ વચ્ચે બોલ્યું: 'ઇન્ડિયામાં પીઝા નહીં મળે...'

સ્વામીશ્રી એકદમ કહે: 'મળશે હોં મળશે. પણ જ્યારે મળે ત્યારે ખાઈ લેવા. ન મળે ત્યારે ઇચ્છા ન કરવી અને આપણે બજારના પીઝા ન ખવાય હોં! દરેક વસ્તુ ઘરે બનાવી હોય તે જ ખાવી. બહારની વસ્તુ આપણે ન ખવાય. ભગવાનને ધરાવી હોય, ઘરે કે મંદિરે બનાવી હોય એવી વસ્તુ ખાઈએ તો બુદ્ધિ સારી રહે. બધું યાદ કહે, ભગવાનનું ભજન થાય. બહારનું ખાવાથી બુદ્ધિ બગડે, જે તે ખાઓ પછી શું થાય! ગળું પકડે! લૉક (Lock)

થઈ જાય. માટે એ તો નિયમ જ રાખવો...'

ખૂબ સરળ શબ્દોમાં આચાર સાથે નિરોગી રહેવાની વાત પણ સ્વામીશ્રીએ બાળકોના ગળે ઉતારી દીધી.

પશ્ચિમની ધરતી પર જન્મેલી, એ જ વાતાવરણમાં ઉછેર પામતી આપણી હિંદુ પ્રજામાં સંસ્કારનું સિંચન કરવામાં વાલીઓ નિષ્ફળ ગયા છે પરંતુ સ્વામીશ્રીની નિઃસ્વાર્થ હેતસરવાણી દરેકને સ્પર્શી છે. બિનસત્સંગીઓ તો પોતાના સંતાનને સમાજના વહેણમાં વહેવા દે છે, પછી જ્યારે છીછરાં જળ ધીરે ધીરે મોટી-ઊંડી ખાઈ તરફ સંતાનને ખેંચી લઈને ડૂબાડે છે ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે...

* * *

ભાદરા પધારે ત્યારે સંસ્થા સંચાલિત હાઈસ્કૂલમાં સ્વામીશ્રી અવશ્ય પધારે. બાળકો, શિક્ષકોને મળે ને સભા હોય ત્યારે પ્રેરણા પણ આપે. અહીંની એક સભામાં સ્વામીશ્રીએ જણાવેલું કે 'આ સ્કૂલમાં તમે અભ્યાસ કરો છો, એ ભાગ્યની વાત છે. સંતોની જ્ઞાનવાર્તાનો પણ લાભ મળે છે. વિદ્યા ને સંસ્કાર બંને મળે છે. આપણી સ્કૂલનું રિઝલ્ટ વધતું રહેવું જોઈએ. પાછા પડીએ એ બરાબર નહીં. ભાગેડુ કહેવાઈએ. તમારે અત્યારે અભ્યાસનું જ કામ છે. સ્કૂલમાં જવું, ભણવું ને માતાપિતાનું કામ કરવું. બાકી આડા અવળા વિચારો આવે તેમાં પરિણામ ઓછું જ આવે...'

સ્વામીશ્રી શિક્ષણની વાત આવે ત્યારે ભારપૂર્વક એકાગ્રતા અને ગંભીરતા, નિયમ પાલન અને ટી.વી.-સિનેમા ત્યાગની દૃઢતા બાળકોને અવશ્ય કરાવે.

બોચાસણની એક બાળશિબિરમાં સ્વામીશ્રી બાળકોને મહેનત કરવા બાબતે કહી રહ્યા હતા. એવામાં માઈક્રોફોન બંધ પડી ગયું. વ્હીસલીંગ થવા લાગ્યું. સ્વામીશ્રી હળવાશથી કહેઃ 'જુઓ, મહેનતની વાત આવી ત્યાં આ પણ ઢીલું પડતું જાય છે. વાત કરી એમાં તો ઠંડી લાગી ગઈ. આપણે અધિવેશનમાં-ભણવામાં બધામાં મહેનત કરવી. તેનાથી સંસ્કારો મળશે એ મોટી સેવા થશે. મહેનત વિના કોઈ વસ્તુ સિદ્ધ થતી નથી. અમારે-મહાત્માને ય સાધના તો કરવી જ પડે છે ને! સાધના કરે તો સિદ્ધ થાય. તમારાં જીવન સારાં થશે, તો એનાથી સમાજને ને દેશને લાભ થશે.' સ્વામીશ્રીએ બાળકોને

સુંદર પ્રેરણાઓ આપી કૃતાર્થ કર્યા...

સ્વામીશ્રી સારંગપુરમાં હતા. ગામના કેટલાક બાળકો સ્વામીશ્રીનાં દર્શને આવ્યા હતા. મેલા-ઘેલા, કપડાંનાયે ઠેકાણાં નહીં પણ સ્વામીશ્રીએ તેમને પોતાની નજીક બોલાવ્યા ને બેસાડ્યા. બાળકોની ઓળખાણ મેળવી. સ્વામીશ્રીએ સત્સંગની વાતો કરી, ગુરુપરંપરા અંગે પ્રશ્નો પૂછ્યા, ગુરુપરંપરાના જન્મસ્થળો બોલાવડાવ્યાં. પછી પૂછ્યું: 'દરરોજ સવારે કોણ નહાય છે?' બધા એકબીજા સામું જોવા લાગ્યા.

સ્વામીશ્રી કહે: 'સવારે નહાવું જોઈએ, જૂઠું ન બોલવું, ગાળો ન બોલવી, બીડી ન પીવી...' ત્યાં જ વચમાં એક બાળક કહે: 'આ પીએ છે.' સ્વામીશ્રી તેને કહે: 'હવે ન પીતો હોં.' પેલા બાળકે દલીલ કરી કે: 'બીડી પીવાથી શરીરમાં મઝા રહે ને સારું લાંબું દોડાય.' તરત સ્વામીશ્રી કહે: 'ઘોડો ક્યાં બીડી પીએ છે? તોય આપણા કરતાં ફાસ્ટ દોડે છે...' સ્વામીશ્રીએ એટલા હેતથી વાત કરી કે બાળકો રાજી થઈ ગયા ને બીડી ન પીવાનો નિયમ લઈ લીધો.

બાળકોના માનસને અનુકૂળ દલીલો કરીને સત્ય સમજાવવાની વિશેષતા આવા પ્રસંગે જણાઈ આવે છે.

* * *

શિકાગોમાં સ્વામીશ્રીની આસપાસ શિશુઓ-બાળકો વીંટળાઈને બેઠા હતા.

સ્વામીશ્રીએ બાળકો સાથે આધ્યાત્મિક ગોઠડી માંડી.

સ્વામીશ્રી કહે: 'આમાંથી સ્વામીની વાત કોને આવડે છે?'

'હું બોલું? આપણે ભગવાનના છીએ પણ માયાના નથી.' એક બાળક સડસડાટ બોલી ગયો.

'વાહ! બરાબર, ભગવાનની સાથે આપણે ઓળખાણ થઈ એટલે હવે આપણે માયાના ન રહ્યા...'

ત્યાં તો બીજા બાળકે શરૂ કર્યું: ' કેટલાકને મન રમાડે છે ને કેટલાક મનને રમાડે છે. આ વાત નિત્ય વિચારવા જેવી છે.'

સ્વામીશ્રી કહે: 'એ...મ? તને કોણ રમાડે છે?'

'મને મન રમાડે છે...'

'કેવી રીતે રમાડે છે?'

'ટીવી જોવામાં મજા પડે ને મંદિર આવવામાં ને બાળસભામાં આવવું ન ગમે...' બાળકે આંતરખોજ કરીને જવાબ આપ્યો.

સ્વામીશ્રી કહેઃ 'હવે ખબર છે કે મન આપણને રમાડી જાય છે, તો આપણે મનને રમાડવું કેવી રીતે? તો જ્યારે સત્સંગ સભાનો ટાઈમ થાય કે તરત જ ટીવી બંધ કરીને પહોંચી જ જવું. ટીવી જુઓ પણ તમારા કામનું હોય તેટલું જ જુઓ. અમુક સમય પૂરતું જ જુઓ. ટીવી પર ચીટકી ન રહેવું. જો એમ કરી શકીએ તો આપણે મનને રમાડ્યું. ને જો એમ ન થાય ને ટીવી મૂકી ન શકાય તો મન આપણને રમાડી ગયું. આપણે મનને રમાડવું પણ મન આપણને રમાડી ન જાય તે જોવું...'

કેટલાંક અઘરાં વચનામૃતો કે વિદ્વત્તાસભર વાર્તાલાપો ચાલતા હોય ને બાળકો આવી ચડે તો તરત જ સ્વામીશ્રી તેમને અગ્રિમતા આપે છે. એકવાર લંડનમાં બપોરે જમ્યા બાદ નિયમમુજબ વચનામૃત વંચાયું. તેમાં બાળકોને શી ગમ પડે? ને તેમાંય મુખ્યત્વે અંગ્રેજીભાષી બાળકો જ હોય,. ત્યારે તો મહામુશ્કેલી થાય. સ્વામીશ્રી આ સમજ્યા અને તરત જ બાળકોને વાતમાં ભેળવી દીધાઃ 'શું ચંદુ, શું વાત આવી?'

તે બોલી ન શક્યો તેથી સ્વામીશ્રી કહેઃ 'મનને એકાગ્ર કરવાની વાત આવી. મન એકાગ્ર કરવું એટલે શું? મન આમથી તેમ ફર્યા કરે ને આપણને જ દોડાવે. માટે આપણે ભગવાનનાં દર્શન કરતી વખતે આડુંઅવળું ડોલવું નહીં. અભ્યાસમાં પણ એકાગ્રતા રાખીએ તો કલાસમાં શું ચાલે છે, તેનો ખ્યાલ આવે. જેમ કલાસમાં બરાબર બેસીએ તો શિક્ષક રાજી થાય તેમ અહીં પણ ભગવાનનાં દર્શન કરતી વખતે એકાગ્ર થવું. બે ઇન્દ્રિયોને ખાસ નિયમમાં રાખવી; આંખ અને કાન. આંખ જુએ ને કાન સાંભળે, એટલે મન ઉપડે...'

વચનામૃત સારંગપુર ૨નાં કઠિન રહસ્યો સ્વામીશ્રી બાળકના સ્તરે પહોંચીને સમજાવી રહ્યા હતા. બાળકોને મજા પડી ગઈ... તેઓ સ્વામીશ્રી પાસે પળે પળે કંઈક ને કંઈક પામતા રહે છે... બાળકોના વર્તન-ઘડતર અને અભ્યાસ ત્રણેનું સંગમતીર્થ એમના સાંનિધ્ય રચાતું રહે છે.

* * *

વિદેશમાં ઊછરતી આપણી ભારતીય પેઢી હવે અંશતઃ જ ભારતીય રહી

હોય તેવી તેમની રહેણી કરણી છે. જ્યાં સ્વામીશ્રીએ વાવેલા સત્સંગના સંસ્કારો છે, હેત-પ્રેમના સંબંધો છે ત્યાં ભાષા, રહનસહન, ખોરાક અને પ્રવૃત્તિઓ મહદ્અંશે આપણી સંસ્કૃતિના પરિચાયક બની રહે છે. અને એ દેશોમાં આટલી સિદ્ધિ એ સ્વામીશ્રીની દિવ્ય પ્રતિભાનો જ આવિષ્કાર કહી શકાય.

સ્વામીશ્રી અહીંના બાળકોને વતનની સુગંધ પારખતા શીખવે છે. ભાષાનું ગૌરવ દઢાવે છે. ભારતીય સંગીતમાં નિપુણતા અપાવે છે અને હિન્દુત્વની અસ્મિતા જગાડી આપે છે.

ચંદુ જીતુભાઈ નામે બાળક લંડનથી યુવક અધિવેશન વખતે ભારત આવેલો. યુવકો સાથે હતા. છતાં અહીંના ગરમ વાતાવરણથી તે ફફડી ઊઠ્યો હતો. મૂંઝવણ થયા કરતી હતી. લંડન પાછા જવું હતું. સ્વામીશ્રી પાસે વાત આવી. તેથી તેને બોલાવ્યો. પછી પ્રેમથી માથે હાથ ફેરવતાં કહેઃ 'તને ગરમી નથી ગમતી, તેમ અમનેય લંડનમાં ઠંડી નથી ગમતી. તોય અમે લંડન આવીએ છીએને! તેમ અહીં થોડી ગરમી લાગે તો ખમી લેજે, હં? મોળી વાત ન કરવી. બળની વાતો કરવી. આ આપણો દેશ છે. એટલે ફાવી જશે...' તે બળમાં આવી ગયો.

* * *

આબુમાં સંસ્થા સંચાલિત બાળકોનું છાત્રાલય છે. અહીં છાત્રાલય શરૂ થયું તે પછીના થોડા જ સમય બાદ હેમાંગ પોંડા અને હરીશભાઈ પટેલે ત્યાંનો રિપોર્ટ આપ્યો. બધું સાંભળીને સ્વામીશ્રી કહેઃ 'છોકરાઓને બધું જ અંગ્રેજીમાં ન કરી નાખવું. બોલવા-ચાલવાનું ગુજરાતી-હિન્દીમાં રહે. ગુજરાતી વાંચવા-લખવાનો અભ્યાસ પણ છૂટી ન જાય તે ધ્યાન રાખવું...

સ્વામીશ્રીને ભાષાના સામર્થ્યની જાણ છે. પરભાષા ક્યારેય સંવાદિતા અને આત્મીયતા પ્રગટાવી શકતી નથી, તેથી જ સ્વામીશ્રીનો આવો આગ્રહ અવારનવાર પ્રગટ થતો જોયો છે.

સ્વામીશ્રીની આજ્ઞાથી લંડન, ન્યૂયોર્ક જેવા શહેરોના બાળમંડળોમાં તબલાંવાદનના વર્ગો પણ ચલાવવામાં આવે છે. ન્યૂયોર્કમાં આ માટે બંગાળી શિક્ષક દુલાલ ભૌમિક બાળકોને તૈયાર કરી રહ્યા હતા. તૈયાર થયેલા બાળકો ત્રિતાલ, દાદરો, રૂપક આવા અઘરા અઘરા તાલ ખૂબ સરળતાથી બજાવી

રહ્યા હતા. સ્વામીશ્રી સહિત આખી સભા પ્રસન્ન થઈ ગઈ. સૌને તાળીઓથી વધાવતા સ્વામીશ્રી પોતાના કાર્યની આ પણ એક સફળતા જોઈ રાજી થયા હતા. ઇંગ્લેન્ડ-અમેરિકાની રોક મ્યુઝિક ને પોપ મ્યુઝિકમાં ઊછરતી પેઢી ભારતીય સંગીતના સૂર અને તાલમાં વહેતી થતી જોઈ માતા પિતા પણ કેમ રાજી ન થાય?

સ્વામીશ્રીએ ભારતીય શાસ્ત્રો- પ્રણાલીઓ- દેવો- સંગીત- ચિત્ર અને ભાષાઓથી આપણી પેઢી આપણા સંસ્કારો જાળવે- વૃદ્ધિ પમાડે એ માટે જ લંડનમાં સ્વામિનારાયણ સ્કૂલની ભેટ ધરી વિદેશનિવાસી ભારતીયોની ઘણી મોટી સમસ્યાનો અંત આણ્યો છે.

સ્વામીશ્રીએ બોચાસણમાં અમેરીકાના બાળસંચાલકો સમક્ષ જે ભાવના વ્યક્ત કરી હતી, તેમાં તેઓના હૃદ્‌ગત અભિપ્રાયનું સ્પષ્ટ પ્રતિબિંબ જોવા મળે છે. સ્વામીશ્રીએ કહ્યું હતું: 'આપ બધા અમેરિકા-લંડન છોડીને અહીં આવ્યા તેથી આભાર. તમે આવ્યા એટલે શાસ્ત્રીજી મહારાજ, યોગીબાપા રાજી થશે. આપણે મૂળ ભારતીય છીએ એટલે અહીંનું વાતાવરણ, અહીંના સંસ્કાર એ બધું જાણવાની જરૂર છે. ત્યાગની સંસ્કૃતિ, ખોરાક અને ધર્મ આપણાથી જુદો છે. આ વૈદિક ધર્મ આત્માની ઉન્નતિ કરવા અને બધાં ઉપર પ્રેમ કરવાનું શિખવાડે છે. એમાંય આપણે સ્વામિનારાયણ છીએ. હિંદુ ધર્મનો આ વિશેષતાવાળો ધર્મ છે. આપણા ધર્મનું જ્ઞાન પણ આપણને જોઈએ. બીજા ધર્મ વિષે પણ જાણવું જોઈએ. આપણે આપણા ગુરુઓનું કાર્ય પણ સમજવું જોઈએ. આપણો ધર્મ અને સંસ્કૃતિ એ દેશને આપી શકીએ. આપણને ત્યાંના વાતાવરણની અસર ન થાય. આપણી ભાષા આવડે. આ બધું કરવાનું છે. એ માટે તમને જવાબદારી સોંપી છે. તો આશીર્વાદ છે કે તમારા દ્વારા તે કાર્ય થાય...'

હા, આ તો સંચાલકોને સોંપાયેલી જવાબદારી છે. બાળકો શું કરશે? સ્વામીશ્રીએ બાળકોની શક્તિ પર પણ અપાર વિશ્વાસ મૂક્યો અને તેમાંથી સર્જાઈ યોગીશતાબ્દી મહોત્સવના આકર્ષણ રૂપ બાળનગરી! જેમાં બાળકોનું જ સંચાલન, વ્યવસ્થા, સેવા, આયોજન અને નિદર્શન! આ યુગનો આ નવો અભિગમ હતો. આ સદીની આ આશ્ચર્યકારી ઘટના હતી.

સ્વામીશ્રીએ મુંબઈમાં કેટલાક બાળસેવકોને સંબોધતાં કહ્યું હતું :

'બાળમંડળો યોગીબાપાના સંકલ્પે ચાલુ થયાં છે. એમના માટે આપણે સં મંડી પડવું. બધા તૈયાર છોને? અક્ષરધામ સ્મારકની સાથે ગાંધીનગરમાં બાળનગરી પણ છે, ત્યાં સ્વયં બાળકોએ સંચાલન કરવાનું છે. જે ચ તેમને શાંતિથી સમજાવવાનું. વિવેકથી વાત કરવાની. તમને કો'ક પૂછશે, 'અહીં ખાવા-પાવા આવ્યા છો! તો શું કહેશો?'

'રાજી કરવા!'

'હા, બસ, એ કહેવાનું. યોગીબાપાએ અમને સેવાની વાત શીખવી છે. એ કહેવું... યોગબાપાએ પણ નાનપણમાં સેવા કરીને મહારાજને રાજી કર્યા છે એમ આપણે યોગીબાપાને રાજી કરવા છે. સાથે સાથે અભ્યાસ પણ બરાબર કરવો. મા-બાપને પગે લાગવું. ત્યાં ઉત્સવમાં અગવડ હશે પણ એ ન ગણકારવું. એમાં કોઈ ભૂલ ના થઈ જાય એની સાવધાની રાખવી. આવનારને આપણો ગુણ આવે તો એ પણ સત્સંગી થશે. જે કામ સોંપ્યું હોય એ બરાબર કરવું તો કામ શોભી જશે. ત્યાં પોતાની જાતે જ સવારે પથારીઓ લઈ લેવી. કપડાં ધોઈને સૂકવી દેવાં. પોતાની સર્વિસ પોતે જ કરવી. ને અંદરોઅંદર તકરાર ના કરવી. કોઈ બોલી જાય તો ખોટું કદાચ લાગે તોય દુઃખ ન લગાડવું. ભગવાન આપણી ખબર રાખનારા બેઠા છે. આ સેવા બધાને જિંદગીભર યાદ રહેશે. મમ્મી-પપ્પા બધું મૂકીને જવાનું છે. ત્યાં યોગીબાપા જ આપણા મા-બાપ છે. આપણે મહિમાથી સેવા કરીએ તો ડંકો વાગે. સૌને આશીર્વાદ છે.'

જવાબદારીનો આખો દોર બાળકોના હાથમાં મૂકી દેવાની હિંમત અને આટલો વિશ્વાસ સ્વામીશ્રી જ મૂકી શકે!

વ્યક્તિત્વ વિકાસના બિંદુથી શરૂ થયેલી બાળકની યાત્રા સંસ્કારવિકાસના અંતિમે પહોંચે છે, ત્યારે 'દેવ લોકમાંથી ભૂલા પડેલા મુસાફર' જેવા બાળકને સફળતાનાં પગથિયાં દેખવા લાગે છે.

કહ્યું છેઃ 'બાળક માનવકુળનો વિશ્રામ છે.'

- જો એમાં માણસાઈનાં મૂળ ઊંડાં ઊતરે તો,
- જો એમાં સંસ્કાર અને સદ્‌ગુણોની વડવાઈઓ ફૂટે તો,
- જો એમાં વ્યક્તિત્વ વિકાસની ઘટા છવાય તો...

સ્વામીશ્રીએ પ્રત્યેક બાળકમાંથી આ ત્રણે ફલશ્રુતિઓ નિષ્પન્ન કરી છે...

૬. સાંસ્કૃતિક વારસાના પુરસ્કર્તા

'લોકો જૂની મર્યાદાઓને છોડવા પ્રયત્ન કરે છે. અને તેની વ્યાખ્યાની માંગ કરે છે. હું પણ આધુનિક છું, પણ એમ માનું છું કે આધુનિકતાનો અર્થ છે પોતાના વારસાની મૂલ્યવાન વાતોને સ્વીકારી વ્યર્થ વાતોને છોડી દેવી જોઈએ...' - સ્વામી વિવેકાનંદ.

મોન્ટુ, પિન્ટુ, રિન્કુ, ચિન્ટુની અર્થહીન સભ્યતા આપણા લોહીમાંસમાં ભળવા માંડી છે. આંબલી પીપળીથી માંડીને ગિલ્લી દંડા સુધીની રમતો માટે સરસ કબ્રસ્તાન ખોદાઈ ગયું છે. પૂજા-પાઠ કે તિલક, શાસ્ત્રોનું પઠન-પાઠન કે વ્રત-નિયમનું મર્યાદાબંધન હાંસી-મશ્કરીનો વિષય બન્યા છે.

કારણ કે માણસ આધુનિક બન્યો!

હા, પ્રણાલિકાઓનું શીર્ષાસન કરી-કરાવી નાખવાથી જ આધુનિક બની જવાતું હોત તો સ્વામી વિવેકાનંદ અને તેમના જેવા અસંખ્ય બુદ્ધિશાળી મહાનુભાવો બંધન તોડીને વર્ત્યા હોત. પરંતુ 'પોતાના વારસાની મૂલ્યવાન વાતો'ને સ્વીકારવી એ આધુનિક માનવની પ્રથમ ફરજ બને છે. આપણે વિરાસતમાં સંપત્તિ, શણગારો અને જમીનો આપીને આપણા બાળકને શું આપી જઈશું? બસ, એકડા ઉપર થોડા મીંડાઓ!

સ્વામીશ્રી કહે છે : 'આપણી સંસ્કૃતિ, આપણો વારસો આપણે સાચવવાનો છે. એ માટે બાળકોને રોજ પૂજા કરાવો, મંદિરે લઈ જાવ.... તીર્થોમાં યાત્રા કરાવવા લઈ જાવ. આપણે જ હૉટેલો ને બાર ને સિનેમા-નાટકમાં પડ્યા રહીશું તો બાળકો શું શીખવાના છે? ઘરમાં એકાદશી થાય, વાણીવિવેક આવે, એકબીજાને આદરભાવ રહે - ઝઘડા-ટંટા ન થાય તો બાળકમાં પણ એ વારસો ઊતરશે. નહીં તો ભણશે ખરો, કમાશે ખરો, પણ લક્ષણ વગરનું શિક્ષણ ભક્ષણ કરે છે...'

સ્વામીશ્રી આપણા અમૂલ્ય સાંસ્કૃતિક વારસાનું જીવની પેઠે જતન કરતા-કરાવતા રહ્યા છે. ઘણી વાર તો એમનો આ બાબતે એટલો ઉત્સાહ જણાય કે જાતે જ બાળકોને શીખવવા લાગે, આદેશો આપી દૃઢતા કરાવવા લાગે એમને એવા માનવો નથી જોઈતા, જે આધુનિકતાના નામે સ્વચ્છંદને પોષે.... જે આધુનિકતાના નામે નાસ્તિકતાને પોષે... જે આધુનિકતાના નામે અર્થહીન જિંદગી જીવતા રહે....

* * *

'સ્વામી! મારા બાબાનું નામ પાડવાનું છે.' સુરતમાં એક ભાઈએ કહ્યું.

'રાશિ જોવડાવી છે?'

'હા, મિથુન. આને પણ અમે મિથુન જ કહીએ છીએ...'

સ્વામીશ્રીએ પૂછ્યું: 'મિથુનનો અર્થ શું?'

'આ તો એક એક્ટરનું નામ મિથુન છે.'

સ્વામીશ્રી અકળાયા : 'એવા નામનો કોઈ અરથ ખરો? એવાં નામ રાખવા નહીં. મુકુંદ રાખજો.. ભગવાનનું નામ કહેવાય...' ભગવાનનો સંબંધ ભેળવી સ્વામીશ્રી આવા અનર્થને એક અર્થ આપતા હોય છે. 'What is in the name?' નામમાં શું છે? શેક્સપિયરના આ પ્રશ્નનો ઉત્તર આપીએ કે એમાં વારસાનું મૂલ્ય છે!

* * *

અમેરિકામાં ઉજવાયેલા સી.એફ.આઈ. દરમ્યાન એક બાળકે સ્વામીશ્રીને પૂછ્યું હતું: 'ભગવાન છે?'

'હા છે જ! તો જ તું ને હું બોલી શકીએ છીએ. તો જ આખું જગત ચાલે છે... માટે ભગવાન નથી એમ ન માનવું. માળા-પ્રાર્થના-ભજન કરશું તો રાજીપો થશે, અનુભવ થશે...' બાળકની અસ્તિકતાને આવા શબ્દોથી પોષણ મળ્યા કરે છે...

* * *

સ્વામીશ્રી લંડનમાં હતા. કૉન્ફોરન્સ રૂમમાં સ્વામીશ્રી પાસે અશોક આશીઅરનો પુત્ર દર્શન ઊભો હતો. સ્વામીશ્રીએ તેને નજીક બોલાવ્યો. માથે હાથ ફેરવતાં કહે: 'દર્શન, સંતો ને પગે લાગ!' એ નીચે નમીને પગે લાગ્યો.

સ્વામીશ્રી કહે: 'ના, એમ નહીં, દંડવત્ કર...'

તેણે દંડવત્ પ્રણામ કર્યા. સ્વામીશ્રી રાજી થયા. કહેઃ ‘હં.. હવે હાથ લાંબા કર... બરાબર, આમ દંડવત્ કહેવાય...’ તેણે એમ કર્યું. સ્વામીશ્રી ખુશ થયાઃ ‘હા... એમ.’ કહી પ્રેમથી ધબ્બો આપી દીધો.

સત્સંગની પ્રણાલીમાં બાળકોને ગોઠવવા સ્વામીશ્રી સ્વયં કેવું વાતાવરણ ઊભું કરે છે!

મુંબઈમાં ઘણા દિવસે નાનકડો ઘનશ્યામ સ્વામીશ્રીનાં દર્શને આવ્યો. સ્વામીશ્રી હેતથી કહેઃ ‘તું આવ્યો?’

‘હા.’

‘કેમ રોજ નથી આવતો? માળા કરે છે?’

‘ના.’

‘હવે રોજ કરજે... લે... ‘એમ કહી તેને પ્રસાદી આપી. ને કહેઃ ‘આજે દંડવત્ નથી કર્યા ચાલ જોઉં, દંડવત્ કર...’ તેણે દંડવત્ કરી લીધા ત્યાં સુધી સ્વામીશ્રી બેઠા ને માથે હાથ મૂકી રૂમમાં પધાર્યા. સૌ આ બંને ‘બાળક’ની ગોઠડી જોઈ રહ્યા હતા....

* * *

યુક્લીડ, અમેરિકામાં નીલેશ સુરેશભાઈ સ્વામીશ્રી પાસે આવ્યો. તેણે થોડા સમયથી પૂજા બંધ કરી હતી. પણ સંતો સાથે વિચરણમાં જોડાયો તેથી પુનઃ પૂજા કરવાની ઇચ્છા થઈ. તે નવી પૂજા સ્વામીશ્રી પાસે પ્રસાદીભૂત કરાવવા લાવ્યો.

સ્વામીશ્રી કહેઃ ‘કેમ પૂજા મૂકી દીધી હતી?’

‘ભણવામાં રિઝલ્ટ બરાબર ન આવ્યું એટલે.’

સ્વામીશ્રી સ્મિત કરતાં કહેઃ ‘ગ્રહણ પહેલું પૂજાને જ નડે છે.’ એમ કહીને બોલ્યાઃ ‘શરીરને કાંઈ થયું તો પૂજા મૂકી દે. પરીક્ષામાં રિઝલ્ટ બરાબર ન આવ્યું કે પૂજા મૂકી દે. થોડું આઘું પાછું થાય તો પૂજા કટ થઈ જાય. પૂજા કટ કરતાં આપણે કટ થઈ જઈએ એ ન વિચારે, કટ ઘણું કરવાનું છે. સ્વભાવ કટ કરવા, પૂજા તો રાખવી, રીઝલ્ટ બરાબર ન આવ્યું તો વિચારવું કે કેમ એમ થયું? તું બીજા જોડે ફર્યા કરતો હો, વાંચ્યું ન હોય, ટી.વી. જોતો હો, ક્લાસમાં ધ્યાન ન આપ્યું હોય પછી છેલ્લે પરીક્ષા એવી જ જાય ને! પછી રીઝલ્ટ કેવું આવે? હવે સારું રીઝલ્ટ લાવવું હોય તો પૂજા નિયમિત કરજે.

જ્યાં જવાનું થાય ત્યાં સાથે જ લઈ જવી. તિલક-ચાંદલો કરવો. એમાં શરમ શાની? શરમ તો બીજી ઘણી વસ્તુમાં કરવાની છે. આ તો આપણું પ્રતીક છે. આ લાંબા વાળ રાખ્યા છે તેની શરમ હોવી જોઈએ. હવે કપાવી નાખજે હોં...' એમ કહી એવી વહાલભરી નજર કરી કે નીલેશે બધી જ વાત રાજીપે સ્વીકારી લીધી.

* * *

ગોંડળમાં સ્વામીશ્રીએ ઉકાળાપાણી કરતી વખતે મુંબઈના કુમારિલ દવેને બેઠેલો જોયો, તેના ગળામાં માળા હતી.

સ્વામીશ્રીએ પૂછ્યું: 'માળા ફેરવે છે કે ખાલી રાખી છે?'

'ફેરવું છું.'

'ક્યારે?'

'અક્ષરદેરીમાં-પ્રદક્ષિણા કરું ત્યારે.'

'પૂજામાં ફેરવે છે?'

'એમાં પણ.'

સ્વામીશ્રી રાજી થયા: 'વાહ! રાત્રે સૂતી વખતે પણ યાદ કરી લેવા....' સ્વામીશ્રીને એ ભાવના રહ્યા કરે છે કે બુદ્ધિવાદીઓના શુષ્કતર્કો બાળકોની આસ્થા પર રોલર ફેરવી દે, તે પહેલાં તેમના અંતરમાં ભક્તિનું મધુવન તૈયાર કરી દેવું જોઈએ...

* * *

પાર્લા બાળમંડળ ચિતરામણના પશુપંખીઓનો હાર લાવ્યું હતું. સ્વામીશ્રી બાળકોને પૂછવા લાગ્યા: 'તમને શું ગમે? (હાથી? ઘોડો? વગેરે...)

બાળકોએ તદન અનપેક્ષિત જવાબ આપ્યો 'ભક્તિ!'

સ્વામીશ્રી ખુશ થઈ ગયા. ને કહે: 'આ હારમાં પશુ-પંખી છે, તેવા પશુપંખી કોણે બનાવ્યા? ભગવાને. માટે ભગવાન જ કર્તાહર્તા છે. એમની પાસે ભક્તિ જ માગવાની. ભગવાનનો મહિમા સમજીએ તો ભક્તિ થાય.'

અમદાવાદમાં સ્વામીશ્રી પ્રસાદ જમતા હતા ત્યારે બે બાળકો આવી પહોંચ્યા. આ દિવસો દરમ્યાન ગુજરાતમાં વરસાદની ઘણી ખેંચ હતી. તેથી સ્વામીશ્રી કહે: 'તમે બંને રોજ પૂજામાં ભગવાનને પ્રાર્થના કરજો કે વરસાદ મોકલે... કર્યા કરશો?

'આપની આગળ.' બાળકે કહ્યું.

સ્વામીશ્રી કહે: 'ભગવાન પાસે કરવાની.'

'આપની પ્રાર્થના વહેલી પહોંચશે.'

સ્વામીશ્રી હેતથી કહે: 'બાળકોની જલદી સાંભળે. આજે તમે બધા આવ્યા તો વરસાદ આવ્યોને!' પછી કહે: 'આપણે તો પ્રાર્થના કરનારા. વરસાદ પાડનારા તો ભગવાન છે...'

અમદાવાદમાં કિશોરોએ સ્વામીશ્રી સમક્ષ ડિબેટ રજૂ કરી. વિષય હતો 'નાની ઉંમરમાં ભગવાનનું ભજન કરવું કે નહીં?' સરસ રજૂઆત થઈ. અંતે સ્વામીશ્રીએ દરેકના પ્રશ્નનું સુંદર સમાધાન કર્યું. તેમાં કુમળા માનસમાં ભક્તિ દૃઢ કરાવવાની પારદર્શક દલીલો હતી.

સ્વામીશ્રીએ કહ્યું: 'બંને પક્ષ તરફથી રજૂઆત સુંદર હતી. ભક્તિ નાનપણથી જ થાય છે. જેટલા મહાપુરુષો થઈ ગયા એમણે નાનપણથી જ ભક્તિ કરી છે. ધ્રુવ, પ્રહ્લાદ, શંકરાચાર્ય વગેરેએ પોતે ભક્તિ કરી અને બીજા હજારોને આ માર્ગે વાળીને સારો સમાજ ઊભો કર્યો છે. મહારાજ પોતે ઘરે હતા ત્યારે નિયમિત દેવદર્શન કરવા જતા. મોટી ઉંમરે સંસ્કારો આવે એ વાત શક્ય નથી. માણસને કોઈપણ ક્ષેત્રમાં આગળ આવવું હોય તો એણે નાનપણથી જ ઉચ્ચ વિચાર કરીને પુરુષાર્થ કરવો પડે. અત્યારથી જ ટી.વી.-સિનેમા જોયા કરે તો પછી એ ગુંડો જ પાકે. શાસ્ત્રીજી મહારાજ નાની ઉંમરે મંદિરો બનાવતા, નાની ઉંમરે કથા કરતા. યોગીજી મહારાજ પણ ભણતા ત્યારથી મંદિરમાં જતા, સાધુ સંતોની સેવા કરતા, સત્યનું આચરણ પહેલેથી જ. મૂળ નાનપણથી જ સંસ્કારો હોય એ છેલ્લે સુધી રહે જ છે. આ શરીરનો કોઈ નિર્ધાર તો છે જ નહીં એટલે ઘડપણમાં ભક્તિ થશે એવું કહી શકાય? ગુણાતીતાનંદ સ્વામીએ ગામમાં જોયું તો ભગવાનની વાતો હતી જ નહીં. મોટા થઈએ એટલે બેમાંથી ચાર ને ચારમાંથી આઠ પગ થાય. એ બધા સંચાલનમાં એકાગ્રતા આવે જ નહીં.'

* * *

વડોદરામાં શ્વેતાંશુ કે અમદાવાદમાં અક્ષર, લંડનમાં દર્શન કે ભરુચમાં દિવ્યકાંત-આવાં તો કેટલાય બાળકોને સ્વામીશ્રીએ પ્રાતઃપૂજા દરમ્યાન જાતે જ તિલક-ચાંદલો કરી આપ્યો છે. તિલક-ચાંદલો થઈ જાય એટલે પોતાની

પૂજાનો જ અરીસો બાળક સામે ધરે. ને કહેઃ 'જો કેવું દેખાય છે?' બાળક મસમોટો ચાંદલો જોઈ મલકી ઊઠે.... અને સ્વામીશ્રી પણ ખડખડાટ હસી પડે... આ ક્ષણો માણવા જેવી હોય છે....

* * *

'આજે તેં શું ખાધું હતું?' સ્વામીશ્રીએ પાંચેક વર્ષના દર્શનને પૂછ્યું.

'રોટલી ને શાક.' તે નિખાલસતાથી બોલી ગયો. સ્વામીશ્રી સ્મિત કરતાં કહેઃ 'આજે એકાદશીનો દિવસ છે, ને રોટલી ખાધી? બારોટ, તેં શું ખાધું?' સ્વામીશ્રીએ તેની જ ઉંમરના અંબરીષને પૂછ્યું. તે પણ એ જ નાતનો હતો. સ્વામીશ્રી તેના દાદા ચંદ્રકાન્તભાઈને જોઈને કહેઃ 'અરે, છોકરાને શું ખવડાવો છો? યોગીબાપાના આપેલા નિયમમાં રહેવું...' પછી અંબરીષને કહે : 'આજનો દિવસ પવિત્ર કહેવાય. આ દિવસે અનાજ-રોટલી (વગેરે)ન ખવાય.'

'આવું જ ખવાય?' અંબરીષે બદામપુરી બતાવીને કહ્યું.

સ્વામીશ્રી મલકી ઊઠ્યા, 'હા, આવું જ ખાવાનું.'

પ્રણાલિકાને સજીવન રાખે તેવી કોઈ સામાન્યમાં સામાન્ય પરંપરા હોય કે નાનામાં નાનો નિયમ હોય તે સ્વામીશ્રીને મન સુવર્ણ બરાબર છે. 'ખાવા-ન ખાવા' કરતાં આ પ્રસંગમાં સ્વામીશ્રીની સંસ્કાર જતનની દૃઢતા અને આર્ષદૃષ્ટિનો સંયોગ વધુ સ્પષ્ટતાથી જણાઈ આવે છે.

* * *

'રોજ દર્શને જવું. આરતી-અષ્ટક મોઢે આવડવા જોઈએ. દંડવત્ થાય પછી જ મંદિરમાંથી નીચે ઊતરાય... કઈ કઈ મૂર્તિ છે, તે યાદ રાખવું. વાઘા કેવા? શણગાર કેવા? તે બરાબર જોયા હોય તો સંભારવા થાય...' સ્વામીશ્રી આવા આદેશો દ્વારા આવતી પેઢીમાં અધ્યાત્મને ધીરે ધીરે દૃઢ કરી રહ્યા છે.

ભાદરામાં શ્વેતાંશુ પણ ઠાકોરજીનાં દર્શન કરતો ઊભો હતો. સ્વામીશ્રીએ પ્રેમથી પૂછ્યું,' આ કોની કોની મૂર્તિઓ છે?'

'મને નથી ખબર... ' તેનો આ ઉત્તર સાંભળી સ્વામીશ્રીએ જાતે જ દરેક મૂર્તિઓનો સરસ મહિમા કહ્યો. પછી કહે, ' હવે યાદ રાખજે, કાલે હું પાછો પૂછીશ! નાની કાળજી બાળકને ભક્તિમાં પરોવવા અને મૂર્તિમાં આસ્થા પ્રગટાવવા માટે જ સ્વામીશ્રી લેતા હશે?!

અમદાવાદમાં હરિકૃષ્ણ મહારાજને ચંદનના વાઘામાં વર્ણીવેશે સજાવ્યા હતા. સ્વામીશ્રી દર્શને પધાર્યા ત્યારે લંડનથી આવેલા બાળકો સાથે હતા. સ્વામીશ્રી કહે,' આ કોણ?'

'નીલકંઠ વર્ણી.' બાળકોએ કહ્યું.

'નીલકંઠ તમારા જેવડા હતા ત્યારે ઠેઠ હિમાલયમાં ફર્યા હતા. ત્યાં કેટલી બધી ઠંડી! તમે લંડનની ઠંડીમાં શું કરો?'

'ઓવરકોટ પહેરીએ...'

સ્વામીશ્રી બાળકના બંને ગાલ હાથ વડે ઢાંકીને કહે, 'આખું મોઢું ઢંકાઈ જાય કેમ? અને નીલકંઠને તો કાંઈ જ નહીં. માઈનસમાં હોય એવી ઠંડીમાં ફર્યા. ખુલ્લું શરીર. પગમાંય કશું નહીં. પાછા ત્યાં તો વાઘ, સિંહ, વરુ બધું જ મળે. છતાંય નિર્ભય. એમ આપણે પણ નિર્ભય બની જવું...'

સ્વામીશ્રી જાણે મૂર્તિને નહીં, પ્રત્યક્ષ નીલકંઠને નિહાળી રહ્યા હતા. આવા સહજ વાર્તલાપો દ્વારા તો જાણે બાળકોના મન પર આસ્તિકતાની વિરાટ ઘટા છવાઈ જાય છે...

બાળકો કીર્તનો ગાય કે સ્વામીની વાતો બોલે ત્યારે રાજી થઈને સ્વામીશ્રી ખૂબ વહાલ કરે. ક્યારેક કીર્તનો કે વાતોના શબ્દોના અર્થો પણ પૂછે. એક વખત સવારે અલ્પાહાર સમયે બાળકોએ સ્વામીશ્રી સામે એક કીર્તન ગાયું:

'અક્ષરધામના બાળક અમે...' સ્વામીશ્રીએ તેની પંક્તિ યાદ રાખી. અલ્પાહાર પછી બાળકોની વચ્ચે જઈને પૂછ્યું, 'What is Aarti?' 'આરતી એટલે શું?'

પછી પોતે જ તેનો ઉત્તર કરતા કહ્યું, 'આપણે ભગવાન પાસે દીવો લઈને ગોળગોળ ફેરવીએ છીએ, આરતી કહેવાય! આરતી ઉતારવાથી ભગવાનનું તેજ આપણામાં આવે.' પછી બીજો સવાલ, 'What is Dandavat?' દંડવત્ જેને આવડતા હોય તે કરીને બતાવો..' હરિ દેપાલાએ ઊભા થઈને દંડવત્ કર્યા એટલે રાજીપાનો ધબ્બો મળ્યો, પછી બધાને સંબોધીને કહે, 'આપણે જે કાંઈ ગાઈએ તે સમજીને ગાઈએ તો બધી ખબર પડે. આરતી-દંડવત્ બધું બોલીએ પણ સમજીને ગાવું તો મજા આવે.'

નાના શિશુઓના દિલમાં પણ નિયમ-ધર્મની દૃઢતા કરવામાં સ્વામીશ્રી ભારે નિપુણ! સી. એન. પટેલ (લંડન) તેમના પૌત્ર અંબરીષને લઈને

શ્રીનાં દર્શને આવ્યા હતા. સ્વામીશ્રીએ અંબરીષના ગળામાં કંઠી નહોતી એટલે તરત પૂછ્યું, 'અલ્યા અંબરીષ, કંઠી ક્યાં ગઈ? કે પહેરી જ નથી?

અંબરીષને ભાંગ્યું તૂટ્યું ગુજરાતી બોલતા આવડે છે. ઇંગ્લીશમાં તે કહે, 'ધેર ઈઝ ઈન માય હોમ.' (મારા ઘરે છે.)

ઘરે ન રખાય.' એમ કહીને તેના હૃદય ઉપર હાથ ફેરવતાં સ્વામીશ્રી કહે, 'ધીસ ઈઝ યોર હોમ - આ જ તારું ઘર છે. કંઠી ત્યાં રાખવાની. પેલું ઘર તું બહાર જાય ત્યારે તારી સાથે ક્યાં આવે છે? હવેથી આ ઘરમાં કંઠી રાખજે હોં.' એમ કહેતાં નવી કંઠી બાંધીને ધીરેથી પૂછ્યું, 'તું મીટ (માંસ) ખાય છે? અંબરીષ કહે 'નો, નો, આઈ ડોન્ટ ટચ ધ મીટ.' (હું માંસને અડકતોય નથી.) સ્વામીશ્રીએ તેને પ્રસન્નતાપૂર્વક થાબડ્યો ને કહ્યું, 'વાહ! હવે ખરો!'

* * *

એક પ્રસંગે સ્વામીશ્રીએ બાળકોને અદ્ભુત શીખ આપી હતીઃ 'હું ભગવાનનો ભક્ત બનું.... માતાપિતાની સેવા કરું.... સમાજની-દેશની સેવા કરું આવા વિચારો કરવા. સવારમાં જ મનને કહેવું, 'પૂજા કરવાની છે, અભ્યાસ કરવાનો છે...' તો મન મજબૂત થાય.

'આપણે આપણા ધર્મનું ચિહ્ન તિલક-ચાંદલો રાખવાં. અહીં ક્રોસ રાખીને સૌ સ્કૂલે જાય છે ને! તેમ આપણે પણ કરવું. મમ્મી-પપ્પાને જે ગમે તે કરવું. ગુરુ અને ભગવાનને જે ગમે તે કરવું.

'મા-બાપને શું ગમે? તેમનું કહ્યું કરો તે. ને ગુરુને શું ગમે? પ્રાર્થના કરો - નિયમિત સભામાં જાવ. એ પણ નિયમિત કરો તો બહુ રાજી થાય. આજે કર્યું ને કાલે નહીં - એમ નહીં. આ ત્રણેનું ધાર્યું કરવું એમાં આપણો પ્રોગ્રેસ...'

સ્વામીશ્રી આ જ વાત વડીલોને પણ એ જ ઉત્સાહથી કહે છેઃ 'આજે બહાર તો વિકૃતિ જ જોવા મળે છે. ભગવાન અને ધર્મનું અનુસંધાન રાખીને જો કાર્ય કરવામાં આવે તો જ સંસ્કાર રહેશે. આજે આપણે વધારે પડતા મોર્ડન થઈ ગયા છીએ. ગાંડપણ અને મોર્ડન(પણું) સરખાં થઈ ગયાં! ખ્રિસ્તીઓનાં છોકરાં ક્રિસમસને દિવસે ચર્ચમાં જાય, ને હિંદુઓના છોકરા જન્માષ્ટમીએ કલબમાં જાય! કેવું કહેવાય? છોકરાં આવાં આયોજનો કરે,

મા-બાપ રાજી થાય કે મારાં છોકરાં સુધર્યાં, શું સુધર્યાં? આનાથી આપણું કલ્ચર સમૂળું જાય, માટે જાગો! નહીં તો ઘરમાંને ઘરમાં જ જવાનું છે બધું! પહેલાં મોટા સુધરશે પછી છોકરાં સુધરશે. ધર્મ ને સંસ્કૃતિ આપણું મૂળ છે. એ મૂકશો તો દુ:ખ આવશે. આપણું જીવન ધર્મની રીતે થવું જોઈએ. એટલી જ શોભા છે, તેના પર ખૂબ ધ્યાન રાખવું.'

સ્વામીશ્રીએ કલકત્તામાં બાળમંડળના કાર્યક્રમ પછી આવું ધારદાર માર્ગદર્શન આપી સાચી દિશાએ સુકાન વાળ્યું હતું.

'સમષ્ટિની પ્રગતિનાં પગથિયાં સમાન' બાળકમાંથી અનુભવના ટાંકણે અને સાંસ્કૃતિક વારસાના ટચકે ટચકે સ્વામીશ્રી 'પયગંબર'નું શિલ્પ ઘડી રહ્યા છે. કારણ કે સ્વામીશ્રી સાચા અર્થમાં આધુનિક છે. પોતે જાણે છે કે ભૌતિક બુદ્ધિવાદના જોશમાં સાંસ્કૃતિક સંપત્તિની હરાજી કરીશું તો આધુનિકતા નહીં, બર્બરતા જ શેષ રહેશે....

૭. અધ્યાત્મસિંચન

'અરે પુત્ર, રુએ તું શા કારણે,
તું છે શુદ્ધ ચિદાનંદ ધામ, કલ્પ્યું હમણાં નામ,
હેતે ગાયાં હાલરડાં....
નથી જન્મમરણ સુત તાહરે,
કહેવા માત્ર તું ભૂપકુમાર, એ ભૂતવિકાર...
હેતે ગાયાં હાલરડાં...
જી રે માતા ભલી રે મદાલસા, જેણે પુત્રને પોષ્યું છે જ્ઞાન...

હા, આ સત્યુગનાં હાલરડાં છે. સાત સાત પુત્રોની માતા રાજરાણી સતી મદાલસાએ પોતાના સાતે કુંવરોને હાલરડાં ગાતાં ગાતાં આત્મજ્ઞાનની ગળથૂથી પાઈ. અને એ માતાનો 'શુદ્ધોઽસિ બુદ્ધોઽસિ નિરંજનોઽસિ...' (તું શુદ્ધ છે, બુદ્ધ છે, નિરંજન છે...) નો નાદ યુગો વીંધીને શ્રીમદ્‌ભાગવત જેવા સદ્‌ગ્રંથ પર સવાર થઈને આપણા દિલને આજે પણ રણઝણાવી મૂકે છે.

'કિં તદ્ બ્રહ્મ? કિમધ્યાત્મમ્?' - ઉપનિષદ્ કાળના બાળકો આંતરખોજની યાત્રા પર આવી પ્રશ્નોત્તરીના માધ્યમથી આગળ સરકતા રહેતા.

એ વાતાવરણમાં કદાચ એ શક્ય પણ હતું અને એ સિવાય બીજાં આકર્ષણો પણ અતિસામાન્ય જ હોવાં જોઈએ...

આજનો બાળક આવા પ્રશ્નો પરંપરા સર્જે એ આ યુગનું મહાન વિસ્મય કહેવાય... આજનો બાળક આવું સાંભળે-સ્વીકારે-કૈંક અંશે અનુસરે એ કોઈ સમર્થના સાથ વિના શક્ય નથી. આજે સ્વામીશ્રી પાસે આ બંને વાત બની રહી છે - અતિ સહજ રીતે...

સ્વામીશ્રી બાળવિકાસના સામાજિક ઉદ્‌ગાતા જ માત્ર નથી, એ આત્મવિકાસના આધ્યાત્મિક પુરસ્કર્તા છે. જીવતરના સુખની શિક્ષા પછીનો

સ્વામીશ્રીનો તબક્કો દેહભાવને મુકાવી આત્મભાવની દીક્ષા આપવાનો રહે છે. તેમને એ સમયે બાળકની બાળઅવસ્થા જણાતી નથી. જીવાત્માની બદ્ધઅવસ્થા દેખાય છે. અને સમજણની તલવારે અજ્ઞાનનાં બંધન કરવાનું કાર્ય પોતે અત્યંત સરળતાથી કરવા લાગે છે... જો કે એ વાર્તાલાપનું સ્તર બાળકના સ્તરનું જ રહે છે, એ સ્વામીશ્રીની વાણીની વિશેષતા છે...

સારંગપુરમાં બોટાદના સર્જન ડૉ. કનુભાઈ ધાનાણીનો પુત્ર વિક્રમ સ્વામીશ્રી સમક્ષ 'સ્વામીની વાત' બોલ્યો: 'કેટલાક મનને રમાડે છે. ને કેટલાકને મન રમાડે છે, એ વાત નિત્યે વિચારવા જેવી છે.'

સ્વામીશ્રીએ તરત પૂછ્યું: 'તું મનને રમાડતાં શીખ્યો છે?'

'ના.'

'કેવી રીતે રમાડવું તે આવડે છે?'

'ના.' નાનકડો વિક્રમ મુંઝાતો હતો.

સ્વામીશ્રીએ બાળકને સમજાય તેમ કહ્યું: 'જો, મનને જે જોઈતું હોય તે ન આપવું. મન કહે: 'નિશાળે નથી જવું...' તો તેની સામે થાવું. ને નિશાળે પહોંચવું. એ રીતે મનને રમાડજે...'

બાળકને અધ્યાત્મની દૃઢતા આ પગથિયેથી સ્વામીશ્રી શરૂ કરાવે છે.

* * *

ડલાસનો હરિ બોચાસણમાં સ્વામીની વાતો બોલ્યો: 'આ તો ભગવાન જેવા સાધુ છે. બાવા કે વૈરાગી નથી...'

સ્વામીશ્રીએ પૂછ્યું: 'બાવા ને વૈરાગી એટલે શું? ખબર છે?'

'ના.' અમિરિકન વાતાવરણમાં ઊછરેલા એ બાળકે ઉત્તર આપ્યો.

સ્વામીશ્રી કહે: 'આ બધા સાધુઓ બેઠા છે. એની પાસે બેસીએ, તો નથી લાગતીને?'

'ના.'

સ્વામીશ્રી કહે: 'જેની પાસે જવાથી બીક લાગે એવા હોય તે બાવા-વૈરાગી કહેવાય. શરીર ઉપર ચટાપટા કર્યા હોય, ચીપિયા પછાડતા હોય, આંખો લાલઘૂમ હોય, ભીખ માગતા હોય એ બધા બાવા કહેવાય. તેને ભગવાન સાથે લેવા દેવા ન હોય. તેની પાસે જવાથી શાંતિ ન થાય. જ્યારે આ સાધુ તો ધરમ-નિયમ રાખે. એનાથી સુખ આવે. ખોટે રસ્તે લઈ જાય એ

બાવા...'

સત્ અસત્‌નો વિવેક આ ઉંમરથી જ દૃઢ થાય એ સ્વામીશ્રીનો ઉદ્દેશ છે...

* * *

બે ભાઈઓના એક એક પુત્રો. ઉંમર આશરે બારેક વર્ષની. બંને ૮ કંઈક બોલવાનું થયું અને બંનેએ અબોલા લીધા. વાત ફરતી ફરતી સ્વામીશ્રી પાસે આવી. બાળકોમાં તો આમેય આવું ચાલ્યા જ કરતું હોય, તેમાં માતા-પિતાઓ પણ બહુ રસ નથી લેતાં, પણ સ્વામીશ્રીથી રહેવાયું નહીં. એક બાળકને બોલાવ્યો, ને પૂછ્યું: 'કેમ બેય બોલતા નથી...?'

તે કહે: 'પિન્ટુને શંકા છે કે હું તેના વિષે કોઈક પાસે ખરાબ બોલ્યો છું. તેણે જ બોલવાનું બંધ કર્યું છે.'

સ્વામીશ્રી હસીને કહે: 'આપણે જાણીએ કે મોટાઓ વચ્ચે જ આંટી પડતી હશે. પણ નાના છોકરાઓમાંય આવું થાય છે.'

પછી કહે: 'આપણે આંટી ન પડવા દેવી, કહી જાય તો સહન કરવું. સરળતા રાખવી. તારું નામ શું?'

'કમલ.'

તરત સ્વામીશ્રીએ કહ્યું: 'ના કમલ નથી, આત્મા છીએ. કમલને શબ્દ લાગે. આત્માને ન લાગે!' અને બન્ને વચ્ચે સમાધાન થઈ ગયું! બાળ-મનોવિજ્ઞાનીઓ માટે આ પ્રકારની સમજ આપવાની પદ્ધતિ પડકારરૂપ । પણ સ્વામીશ્રી આ પ્રકારમાં હંમેશાં સફળ નીવડ્યા છે. કારણ કે આ સમજણો વિજ્ઞાનની શિક્ષામાંથી મેળવાયેલી નથી. પોતાના અનુભવની માંથી કેળવાયેલી રહી છે.

* * *

રાજેન્દ્ર અને ચિરાગ નામનાં સાવ નાનાં ભૂલકાંઓ એક બપોરે ભોજન વેળાએ સ્વામીશ્રી સામે આસન જમાવીને બેસી ગયા. 'નિષ્કુળાનંદ કાવ્ય' ગ્રંથ લઈને 'સારસિદ્ધિ'ની પંક્તિઓ ખૂબ સુંદર લયમાં તેમણે ગાઈ બતાવી. જાણે કોઈ પીઢ અદાકાર ન હોય એ છટા અને અદાથી સ્વામીશ્રીને પ્રસન્ન જોઈને બાળકોના હરખમાં ભરતી આવી ગઈ. એક બાળક સ્વામીની વાત બોલ્યો: 'ઘરમાં મહેમાનની પેઠે રહેવું.'

સ્વામીશ્રી કહે: 'What is Maheman?' મહેમાન એટલે?' બાળકો એકી અવાજે બોલી ઊઠ્યા: 'ગેસ્ટ ગેસ્ટ...'

'હા બરાબર... હવે મોટા થઈને પાછું આ ભૂલી નહીં જવાનું. મહેમાનની જેમ રહેવાનું એટલે? તમારા ઘરમાં કોઈ મહેમાન આવે તો એને એમ થાય છે કે આ ઘર મારું છે? ના. એમ આપણનેય આપણા ઘરમાં રહીને એવું માનવું કે આ ઘર મારું નથી. ભગવાનનું છે. તો સુખી થવાય.'

જ્ઞાનની ગહન વાતો સ્વામીશ્રીએ એવી સરળતાથી રજૂ કરી કે બાળકો એને હોંશેહોંશે ગટગટાવી ગયા. પ્રસંગ સાથે બોધને એ રીતે સાંકળી લે કે સોંસરવો હૈયામાં ઊતરી જાય. બાળકો સ્વામીશ્રીએ આપેલી કેક મમળાવતાં પડ્યા ત્યારે મોંમાં શબ્દો રમતા હતા: 'છીએ અમે તો છોટાજી, પણ ૫ચારો મોટાજી...'

* * *

લંડનમાં સ્વામીશ્રી સમક્ષ બાળકો ઉપનિષદ્‌નાં મંત્રો, કીર્તનો, સ્વામીની વાતો, સાખીઓ, શ્લોકોની એવી રમઝટ વરસાવે કે જાણે વેદની જંગમ સંસ્કૃતિનું જીવંત દર્શન કરી લ્યો! પોતાની કાલીઘેલી વાણીમાં પ્રગટ બ્રહ્મને આરાધીને આ ભૂલકાંઓ, કદાચ વડીલો-યુવકો કરતાં ય સ્વામીશ્રીનો વધુ લાભ લૂંટતા, નિત્યે સવાર-બપોર ને સાંજ, સ્વામીશ્રીની પીસે વીંટળાઈને દર્શન, પ્રસાદી, મળવું ને વાતો એ ચારેય સુખના ભોક્તા બનતા રહેતા.

એક દિવસ બધા બાળકોને બાળમંડળ સંચાલકે પૂછ્યું: 'ત્રણ પ્રકારના દુ:ખ ક્યાં ક્યાં?' બાળકો એકી અવાજે બોલ્યા: 'આધિ, વ્યાધિ, ઉપાધિ.'

સ્વામીશ્રી બાળકોની વચ્ચે જઈને આ સંવાદ સાંભળતા હતા. સ્વામીશ્રીએ બાળકોને પૂછ્યું: 'આ તમે દુ:ખની વાત કરી, એ દુ:ખ ક્યારે ટળે તે જાણો છો?'

બાળકો કહે 'ના.'

સ્વામીશ્રી કહે: 'ભગવાન ભજીએ તો બધાં દુ:ખ ટળે. ત્રણ દુ:ખ આધિ, વ્યાધિ ને ઉપાધિ. આપણે બીજાને મારીએ, સ્કૂલમાં ઝઘડો કરીએ, મંદિરમાં મસ્તી કરીએ ને સભામાં આવીએ ત્યારે બીજાને દબડાવીએ, તોડફોડ કરીએ... તો એ થઈ ઉપાધિ. તો ઉપાધિ દુ:ખ આવે. ઉપાધિ ક્યારે ટળે? ભગવાનનું ભજન કરીએ તો. ભજન કરીએ તો ભજનથી વિદ્યા વધે. ને

ખાવાનું ય મળે પણ વ્યવસ્થિત ભજન કરવું. 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' ભજન કરવું. આધિ, વ્યાધિ, ઉપાધિ કંઈ ન રહે. બધું દુઃખ ટળી જાય...'

દિલીપ પટેલનો નાનકડો સાતેક વર્ષનો તિલક સ્વામીશ્રીની બરાબર સામે બેસી ગયો. સહસા સ્વામીશ્રીએ પ્રશ્ન પૂછ્યોઃ 'તું પટેલ છે કે બ્રાહ્મણ?'

'એકે નહીં.' તેણે તરત જવાબ આપ્યો.

'વાહ!' સ્વામીશ્રીએ કહ્યુંઃ 'એ બરાબર છે. કોઈ પૂછે તો કહેવું, 'બ્રહ્મ છું. આત્મા છું...'

* * *

ગોંડળ, સભામંડપમાં સ્વામીશ્રી પીસે માઈક મુકાયું ત્યાં શ્રીકૃષ્ણ પંડ બોલ્યાઃ 'અલભ્ય લાભ છે.'

સ્વામીશ્રીએ તેમાંથી જ વાત ઉપાડીઃ 'વાતો કરીએ છીએ કે અલભ્ય લાભ મળ્યો છે, પણ લઈ શકાતો નથી. કારણ કે સ્વાભાવિક રીતે જ દેહમાં પ્રીતિ રહેલી છે. આપણે હું ને મારું કરતા આવ્યા છીએ. પણ દેહ છૂટ્યા પછી આપણું શું છે? પંડ્યા આપણું નામ નથી, પાળજ ગામ નથી...'

આટલી વાત કરી ત્યાં શ્રીકૃષ્ણ પંડ્યાનો દસેક વર્ષનો પુત્ર યોગિન આવી ચડ્યો.

સ્વામીશ્રીએ તેને પૂછ્યુંઃ 'તારું નામ શું?'

તે પઢાવેલો હતો. તેથી તરત કહ્યુંઃ 'આત્મા!'

સ્વામીશ્રીએ વળતો ઘા કર્યોઃ 'આ પંડ્યા તારા પપ્પા છે ને?'

'હા...' તેનાથી બોલાઈ ગયું. પણ 'આત્મા' યાદ આવ્યો એટલે કહેઃ 'ના...ના...' સ્વામીશ્રી હસી પડ્યા ને કહેઃ 'આવું છે. એક હરિજનના છોકરાને મહારાજે સો વાર કહેડાવ્યું તોય છેલ્લે કહે, 'ઢેઢ છું!' એમ આનેય 'પંડ્યા મારા બાપ' એમ થઈ ગયું છે. દેહ અને આત્માની વિક્તિ જુદી પાડી નથી... પણ સાધુ છે તે બુંદસૃષ્ટિમાંથી નાદસૃષ્ટિમાં લઈ જાય...'

બાળકને નિમિત્ત બતાવીને સ્વામીશ્રીએ આત્મજ્ઞાનના કેફમાં સભાને હિલોળે ચડાવી દીધી...

* * *

ભાદરામાં સ્વામીશ્રીની પૂજામાં લંડનના બાળક દેવેને કીર્તન ગાયું હતુંઃ

'આ કાયામાંથી હંસલો રે કે પળમાં ઊડી જશે...'

સ્વામીશ્રી દર્શન કરીને દાદરો ઊતરતાં દેવેનને કહેઃ 'વોટ ઈઝ હંસલો?'

તેને ખબર ન હતી. તેથી સ્વામીશ્રીએ લંડનમાં આવેલા 'હન્ટ્સ્લો' વિસ્તારને યાદ કરાવતાં કહ્યું, 'એરિયા ઑફ લંડન?'

'નો.' તેને એટલી તો ખબર હતી.

સ્વામીશ્રી સમજાવવા લાગ્યા, 'તો શું? હંસલો એટલે આપણા બોડી(શરીર)માં જે આત્મા હોય ને, એ હંસલો. અંદરથી આત્મા જતો રહે પછી આ શરીરનું શું કરવાનું?'

'ગ્રેવયાર્ડમાં નાખી દે...' તેણે વિદેશી રીત પ્રમાણે કહ્યું.

'હં... બરાબર. સ્મશાનમાં લઈ જાય.' સ્વામીશ્રી આવી ગહન ચર્ચા સરળતાથી કરીને આ વિદેશમાં ઊછરેલા બાળકને દેહ-આત્માની વિક્તિ સમજાવી રહ્યા હતા...

જાણે મદાલસાનું હાલરડું ગુંજતું હતુંઃ

'જી રે વાહન સરીખો આ દેહ છે,
તેમાં અવર પુરુષ આરૂઢ, ગુણાતીત ગૂઢ
હેતે ગયાં હાલરડાં...

સ્વામીશ્રીના હેતાળ સૂરમાં આવાં હાલરડાં નાનાં નાનાં ભૂલકાંઓને સંભળાતાં રહે છે... જેમાંથી ઋષિકાળના સંતાનો સમા યુવાનો સમાજને ભેટ મળતા રહે છે...

૮. બ્રહ્મનાં પુષ્પો

મહાકવિ કાલિદાસ રાજા દિલીપ વિષે લખે છે:

'फलानुमेयाः प्रारम्भाः संस्काराः प्राक्तना इव ॥'

દિલીપનાં કાર્યો એવાં હતાં કે પરિણામ આવે ત્યારે જ તેની મહત્તાનો ખ્યાલ આવતો કે કંઈક અસામાન્ય પ્રારંભ કર્યો હશે. જેનું પરિણામ પણ એવું જ શકવર્તી આવ્યું...!

સ્વામીશ્રીના જીવનમાં થયેલા શકવર્તી કાર્યોમાંનું એક કાર્ય આ છે, બાળપ્રવૃત્તિ. નિર્દોષ પેઢીને સંસ્કારવાનો અદ્ભુત યજ્ઞ... પાંદડે પાંદડે દીવા પ્રગટાવવાની મહેચ્છા!

'યુગયુગ પણ ગાશે, તવ પગલાંની ગાથા કે ઘરઘરની વેદનાઓ પીધી,
તારાઓ ટાંપશે કે અંધારે વાટ, પ્રમુખ સ્વામીએ જનજનને ચીંધી!'

સમય સમજાવશે કે સ્વામીશ્રીના બાળકલ્યાણના અભિયાનમાંથી બાળકે બાળકે સદ્ગુણની એક ગાથા રચાઈ છે. જેમાં યુગ પલટી નાખવાની તાકાત ઊઠી છે. હજારો-લાખોના ધ્વસ્ત જીવન આશ્વસ્ત બન્યા છે... સમાજના નવનિર્માણનો જાણે કે પાંચજન્ય ફુંકાયો છે.

વિદ્યાનગરમાં ૧૪,૦૦૦ જેટલા સ્વામીશ્રીના સંસ્કાર સપૂતોની અદ્ભુત ક્રિયાશક્તિ-બુદ્ધિશક્તિ અને આંતરભક્તિ જોઈને માજી કેન્દ્રીય નાણાંમંત્રી અને ચારુતર વિદ્યામંડળના ચૅરમૅન એચ.એમ. પટેલે કહ્યું હતું: 'પ્રમુખસ્વામીએ બાળકોમાં સંસ્કાર રેડવાનું જે મહત્ત્વનું કામ હાથમાં લીધું છે તેનાથી દેશને અવશ્યપણે મોટો ફાયદો થશે. દેશના હિત માટે જેનામાં તમન્ના હોય તેવા નાગરિકો પેદા કરવાનું કામ તેમના દ્વારા સહજ રીતે થઈ રહ્યું છે...'

યુનિસેફના ઝોનલ વડા શ્રી કાર્ટરે કહ્યું કે આજે તમારા બાળ મહોત્સવમાં

આવીને મને લાગે છે કે હું વીસમી સદીનો માનવી એકવીસમી સદીને રહ્યો છું...'

તત્કાલીન મંત્રીશ્રી અમરસિંહ વાઘેલા આશ્ચર્યથી બોલી ઊઠ્યા હતા કે 'પ્રમુખસ્વામીનો આ પ્રયોગ સાચે જ આશ્ચર્ય પમાડે તેવો છે. ખરેખર ધર્મ જે કામ કરી શકે તે રાજ્ય કે કેન્દ્રની સરકાર કે કાયદો પણ કરી શકતો નથી. આ દ્વારા પ્રમુખસ્વામી માનવમાંથી દેવ બનાવવાનું અભિયાન ચલાવી રહ્યા છે...'

તો તે સમયના ભારતના વિદેશપ્રધાન માધવસિંહ સોલંકી વિરાટ બાળસેના જોઈને બોલ્યા હતા કે 'સારે જહાં સે અચ્છા, હિન્દોસ્તાઁ હમારા...' આ કવિ ઇકબાલની પંક્તિઓ મહાન ભારતનું ચિત્ર આપે છે. આ જે આ પ્રવૃત્તિ દ્વારા મને આશા બંધાય છે કે પ્રજા પણ મહાન થવાના માર્ગે આગળ વધી રહી છે... એ પ્રક્રિયા પ્રમુખસ્વામીએ બાળકો દ્વારા શરૂ કરી દીધી છે...'

હા, આ સંસ્થાને શ્રેષ્ઠ બાળપ્રવૃત્તિ અંગેનો આંતરરાષ્ટ્રીય એવોર્ડ રાષ્ટ્રપતિશ્રી શંકરદયાળ શર્માના હસ્તે અપાયો કે સંસ્થા દ્વારા પ્રતિવર્ષ સંપ્રદાય તથા સાંસ્કૃતિક જ્ઞાન અંગેની પરીક્ષાઓ દ્વારા જ્ઞાન અપાયું એ સ્વામીશ્રીને મન પૂરતું નથી. ભલે સંસ્થા દ્વારા ૨૩૦૦ જેટલાં બાળકેન્દ્રો વિશ્વભરમાં ફેલાયેલાં હોય કે બાળકો માટે સંસ્કારપ્રેરક બાળસાહિત્ય કે ઑડિયો કેસેટ્સ પ્રકાશિત થયા કરતાં હોય, શૈક્ષણિક વિકાસ માટે હજારો બાળકોને સ્કોલરશીપની યોજનાઓ હાથ ધરી હોય કે ગુરુકુળ જેવી સંસ્થાઓ શરૂ થઈ હોય, પણ સ્વામીશ્રીને મન આમાં હજુ વધુ ગુણવત્તા ઉમેરાય તે અપેક્ષિત છે.

આ પ્રવૃત્તિની ગુણવત્તાની ઊંચાઈ સ્વામીશ્રીએ આ શબ્દોમાં આપી હતી: 'યોગીજી મહારાજ - જે અમારા ગુરુ હતા. તેમને બાળકો પ્રત્યે ખૂબ પ્રેમ હતો. તેમની આજ્ઞા છે (બાળપ્રવૃત્તિ કરવાની). ને બાળકોને સંસ્કાર મળે, સારા ચારિત્ર્યવાન થાય તે દૃષ્ટિએ આ પ્રવૃત્તિ કરવામાં આવે છે. યોગીબાપાની આજ્ઞા પણ છે. અને સાથે સાથે બાળકોમાં ધર્મના સંસ્કાર પડે, તેનું આરોગ્ય પણ સારું રહે અને કોઈ જાતનાં દૂષણ પેસી ન જાય તેમજ, સારું શિક્ષણ મેળવીને સારા નાગરિક બનીને દેશની-સમાજની-સત્સંગની સેવા કરે તે આ પ્રવૃત્તિનો હેતુ છે...'

અને આજે એ સંસ્કારી, ચારિત્ર્યવાન, સમર્પણનિષ્ઠ, પ્રામાણિક કે

l-નિયમી બાળક એમના વિશાળ ખોળા સમી સંસ્થામાં ઊછરી રહ્યો છે... આવતી પેઢીના કંઈ કેટલાય રાહબરો આ જ રીતે ખીલીને ખેલી રહ્યા છે...

'દુનિયા બદલવી હોય તો પ્રથમ બાળક બદલો...' જવાહરલાલ નહેરુનું આ નિરીક્ષણ કદાચ સૌથી વધુ સ્પષ્ટપણે સ્વામીશ્રીના કાર્યમાં પ્રતિબિંબિત થાય છે.

સ્વામીશ્રીના બ્રહ્મસંબંધમાં પાંગરેલાં બ્રહ્મનાં પુષ્પોની સુવાસ કેવી છે? આવો, પથ્થરોને પણ મહેકાવે તેવી દિલની ફોરમો માણી લઈએ... કેવળ આંખના ખૂણાને જ નહીં, હૃદયની પ્રત્યેક સંવેદનાઓને પણ પાવનતાનો સ્પર્શ કરાવીએ...

* * *

અતુલ (વલસાડ) ગામનો નાનકડો બાળક મયૂર પટેલ ધો. ૮માં અભ્યાસ કરે. કલ્યાણી હાઈસ્કૂલનો વિદ્યાર્થી. સાધારણ પિતાનો આ બાળક ઘરમાં જ થતી સત્સંગસભાને કારણે એક વાત શીખ્યો હતોઃ 'પ્રામાણિકતા.'

એક બપોરે રિસેસમાં શાળાના મેદાનમાં એક સોનાની કડી તેની નજરે ચડી. તેણે તરત જ આચાર્ય સુધી પહોંચાડી દીધી. મનમાં એ સૂત્ર રમતું હતું 'પડી વસ્તુ કોઈની હાથે ન ઝાલે રાજ, અક્ષરના વાસી વ્હાલો આવ્યા અવની પર...'

આચાર્યશ્રીએ જાહેરાત કરી, અને જે વિદ્યાર્થિનીની કડી હતી તે નિશાની આપી લઈ ગઈ. તેના ઘરે તેણે વાત કરી કે આ કડી ખોવાઈ ગઈ હતી. પણ સાંજે જ મળી ગઈ!! માતા-પિતા બંનેના આનંદનો પાર ન રહ્યો. કારણ કે એ કડી રૂપિયા ૧૬૦૦ની કિંમતની હતી! વિદ્યાર્થિનીના પિતા ધીરુભાઈ દેસાઈએ તરત તપાસ કરાવી કે આ કડી પાછી આપનાર બાળક કોણ હતો? મયૂરનું નામ મળી ગયું. તપાસ કરી તો તિલક-ચાંદલાથી શોભતા કપાળવાળો તેજસ્વી વિદ્યાર્થી મયૂર પોતાના ગામનો જ હતો! ધીરુભાઈએ આ બાળકનો ખભો થાબડ્યો ને કહ્યુંઃ 'બેટા, બીજું તો શું આપું, આ બોલપેનનો સેટ ભેટ આપું છું... આવી ને આવી શુદ્ધ જિંદગી જીવીને દરેકને પ્રેરણા આપતો રહેજે...'

મયૂરે નમ્રતાથી કહ્યુંઃ 'અમારા ગુરુ પ્રમુખસ્વામી મહારાજે મને એ જ

શીખવ્યું છે...

* * *

સ્વામીશ્રી વિદ્યાનગરમાં અલ્પાહાર કરી રહ્યા હતા, ત્યાં હેમંત ખંભોળિયાએ સ્વરચિત થાળ ગાયો. સ્વામીશ્રીએ તેને રાજી થઈને પ્રસાદી આપી. હેમંતે તેનો અડધો ભાગ મોટાભાઈ ભરતને આપ્યો. સ્વામીશ્રી કહે, 'વાહ! કાયમ આમ વહેંચીને ખાજે... મોટા થયા પછી ઝઘડો થાય નહીં...'

અને એ તેર વર્ષના બાળકે તરત જ જવાબ આપ્યો: 'મારે તો સાધુ થવું છે, પછી શું ઝઘડા?!'

સ્વામીશ્રી આ બાળકમાં કેળવાયેલી સંઘભાવના અને સાંખ્યનિષ્ઠાના સમન્વયને પ્રસન્નતાથી નિહાળી રહ્યા કહે: 'ઓહો... તો તો 'મિટ ગયા સર્વે ઝઘડા!!'

બાળકો પણ સ્વામીશ્રીને રાજી કરવા ક્યાં સુધી લક્ષ્ય રેખા બાંધી ચૂક્યા હોય છે, તેનો આ અણસાર હતો...

* * *

૧૧ વર્ષનો હરિ અમેરિકાથી ગુજરાત આવ્યો હતો. માત્ર સ્વામીશ્રી સાથે વિચરણમાં લાભ લેવા માટે જ! તેણે એકવાર સંતોની સાથે જ ઉપવાસ કર્યો. સ્વામીશ્રીએ તેને બોલાવ્યો. પ્રેમથી પૂછવા લાગ્યા: 'કેવો ઉપવાસ કર્યો છે?'

'કશું નહીં ખાવાનું.' તેણે પોતાની રીતે જવાબ આપ્યો. સ્વામીશ્રીએ બાજુમાં ઊભેલા લંડનના બાળક ચંદ્રેશને પૂછ્યું, 'તેં કેવો કર્યો છે?'

'નિર્જળા!'

'વાહ!' સ્વામીશ્રી રાજી થઈ ગયા.

સર્વમંગલ સ્વામી કહે: 'ચંદુ આજે 'તપ' ઉપર પ્રવચન કરવાનો છે...'

સ્વામીશ્રી કહે: 'એ સારું, પોતે તપ કરે તો જ તપ ઉપર બોલી શકાય ને!' પછી સ્વામીશ્રીએ બંને બાળકોને આશીર્વાદ આપ્યા કે આજનો દિવસ બળમાં રહીને ઉપવાસ પાર પાડી દેજો...'

આવડી ઉંમરમાં વિદેશમાં ઊછરેલી પેઢીને વ્રત-નિયમની પ્રેરણા સ્વામીશ્રીના સહવાસ વિના ક્યાંથી શક્ય બને?

* * *

વિદ્યાનગરની ઢળતી સાંજ હતી. આંતરરાષ્ટ્રીય બાળમહોત્સવનો માહોલ

ચોતરફ ઊભરાતાં બાળકોને કારણે ઉલ્લાસપૂર્ણ લાગતો હતો. છાત્રાલયની લીલી છમ લોન ઉપર બે બાળકો હાથ જોડી મંદસ્વરે પ્રાર્થના કરી રહ્યા હતા: 'હે મહારાજ! હે સ્વામી! બાળ મહોત્સવ આવી રહ્યો છે. અમારા જેવા કેટલાય બાળકોએ તૈયારી કરી છે. તો હે સ્વામી, અમને હિંમત આપજો કે અમે પરીક્ષામાં બરાબર પાસ થઈએ. અને હે સ્વામી, અમને ખબર મળી છે કે અમદાવાદના એક બાળકે ૧૪૦૦ સ્વામીની વાતો મોઢે કરી છે, પણ તે સાહેબ પાસે (નિર્ણાયક) રજૂ કરી શકતો નથી... તેને બહુ બીક લાગે છે. તો સ્વામી, અમારા બધાની હિંમત તેનામાં આવી જાય, તેવી અમે ખાસ પ્રાર્થના કરીએ છીએ...' હદ થઈ હતી!

સ્વામીશ્રીએ એવી તે શી સમજણ પૂરી હતી કે આ બાળકો પોતાના પ્રતિસ્પર્ધીઓ માટે પ્રાર્થના કરતા હતા!

* * *

સ્વામીશ્રી મુંબઈમાં સ્થાનિક બાળમંડળોનો પરિચય મેળવી રહ્યા હતા. એક નામની જાહેરાત થઈ: 'શ્રીકાંત!' એક સ્વસ્થ-સ્વચ્છ બાળક હાથ જોડી ઊભો થયો. ગરીબાઈ સ્પષ્ટ જણાતી હતી. સંચાલકે કહ્યું: 'બાપા! એને આપનાં દર્શને આવવાની બહુ ઇચ્છા. પણ પૈસા ક્યાં? એક દિવસ તેણે મજૂરી કરી. પૈસા મળ્યા ને બીજે દિવસે ભાડું ખર્ચી એ દર્શને આવી ગયો...'

સ્વામીશ્રી એ બાળકને મીટ માંડીને જોઈ રહ્યા હતા.

સંચાલકે સ્વામીશ્રીને કહ્યું: 'અને બાપા, તેનો એક મિત્ર છે, શ્યામ. નિરાધાર છે. રહેવા ઘર નથી. મા કશું કમાતી નથી, પણ એ બાળમંડળમાં આવતો, તેમાંથી વાત મળી કે માબાપની સેવા કરવી. તેથી પોતે મજૂરી કરે છે. રોજના ૧૦ રૂપિયા કમાય છે, ને માને આપે છે... ઘર ચાલ્યા કરે છે...' સ્વામીશ્રીની આંખો તરલ બની રહી હતી. આ બાળકોએ ધર્મ માટે જે દૃઢતા બતાવી હતી તે સ્વામીશ્રીને પણ ભાવભીના કરી ગઈ...

શૈક્ષણિક કે વ્યક્તિત્વ વિકાસમાં કોઈ પણ બાળકે સિદ્ધિ પ્રાપ્ત કરી હોય ને સંપર્કમાં આવે કે તેનું સન્માન કરવાનો-વધાવવાનો સ્વામીશ્રીને ઊમળકો આવે.

મુંબઈમાં આવા સાત બાળકોને સ્વામીશ્રીએ એક સાથે વધાવ્યા. ને પ્રોત્સાહન પારિતોષિકો પણ એનાયત કર્યાં.

૧. આલોક દેસાઈ, ઉંમર ૭ દિલ્હીથી મુંબઈ ૧૬૦૦ કિ.મિ. સાઇકલ પ્રવાસી.

૨. હિમાંશુ જોષી, ઉંમર ૧૧ મિમિક્રીમાં પારિતોષિક વિજેતા.

૩. કુમાર જાવેદ, ઉંમર ૧૪ કંઠ્ય સંગીતથી સૌનાં મન ભરનાર.

૪. ગૌરવ દોશી, ઉંમર ૧૦ જૂડો ચેમ્પિયન-નેશનલ લેવલ!

૫. પૂર્ણવસુ, ઉંમર ૯ બાઇબલ સિરિયલનો બાળનાયક.

૬. સુનીલ કારિયા, ઉંમર ૧૪ ટીપુ સુલતાનમાં ટીપુનું પાત્ર ભજવનાર

૭. રોમિલ પરમાર, ઉંમર ૧૦ 'ગુરદેવો ભવ' સંસ્થાકીય વીડિયોનો બાળ કલાકાર.

અમદાવાદના સંનિષ્ઠ સત્સંગી ડૉ. ભરત પંચાલના ૬ વર્ષના પુત્ર કુણાલે ૧૨,૦૦૦ હરિફોમાંથી ચિત્રસ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવ્યો હતો. તેને સ્વામીશ્રીએ પુનઃ ગોલ્ડ મેડલ પહેરાવી પ્રસાદ આપી ખુશ કર્યો હતો...

સદ્‌ગુણોની સાથે બાળકનું એકેડેમિક જીવન પણ વધુ સંગીન બને તેવા એમના પ્રયત્નોનું પરિણામ એજ બાળમહોત્સવો. રમતગમત, નૃત્ય, સંગીત, સાંપ્રદાયિકજ્ઞાન, વક્તૃત્વ કલા, અભિનય અને લેખન, ચિત્ર કે હસ્તકલા જેવી આંતર શક્તિઓનો આ મહોત્સવોમાં જાણે કે ગુલાલ ઊડે છે. ગુજરાતને તેમાંથી પાંગરતી પ્રતિભાઓ લીધે છે અને માતાપિતાઓને એક આદર્શ સંતાન લાધે છે.

* * *

સ્વામીશ્રી ગાંધીનગરથી વિદાય લઈ રહ્યા હતા. સૌને પૂજામાં પેંડાનો પ્રસાદ વહેંચાયો હતો. સાતેક વર્ષનો અમિત ચૌહાણ પણ પેંડો હાથમાં લઈ સ્વામીશ્રીની વિદાય ઘડીઓ માણતો ઊભો હતો. સ્વામીશ્રી પસાર થતાં તેની નજીક આવ્યા. ત્યાં સેવક સંત અમિતને કહે: 'ખાઈ જાને! કેમ રાખી મૂક્યો છે?'

ધીરેથી તેણે કહ્યું: 'હજુ મારે પૂજા કરવાની બાકી છે!'

સ્વામીશ્રી પ્રસન્નતાથી તેને માથે હાથ ફેરવવા લાગ્યા. પોતે આપેલા સંસ્કારો તેણે ઝીલ્યા છે, એવો કંઈક આભાર તેમના મુખ પર તરી રહ્યો હતો. બાળકના હાથમાં પેંડો એ ઘીની બાજુમાં પ્રગટાવેલા અગ્નિ બરાબર છે. ઘી ઓગળે જ. પણ આ બાળક ન પીગળ્યો એ સત્સંગ સંસ્કારોની બલિહારી છે!

* * *

મુંબઈમાં 'ગુજરાતી સંગીત અધિવેશન' યોજાયું હતું. ખ્યાતનામ ગાયકો એકત્રિત થયા હતા. સત્સંગીબંધુ અને વિખ્યાત સંગીતજ્ઞ દિલીપભાઈ ધોળકિયાએ ગીતો રજૂ કર્યાં સાથે સાથે બાળમંડળના ત્રણ બાળકો - વિવેક મિસ્ત્રી, ભાવેશ ચૌહાણ, દેવાંશ ઓઝા પાસે એક ગીત તૈયાર કરાવી ગવડાવ્યું.

બાળકોના કંઠની મીઠાશ પર સૌ આફરિન થઈ ગયા. 'વન્સમોર' થયું. ભાવેશ બોલ્યો: 'હું ફરીથી ગાઈશ, જો આપ સૌ 'જય' ઝીલો તો...' તેણે ગુરુપરંપરાની જય ઝીલાવી. અને ફરીથી ગીત ગવાયું...

દિલીપભાઈ સ્વામીશ્રીને આ કાર્યક્રમનો અહેવાલ આપતા હતા: 'કાર્યક્રમમાં રાતના દોઢ વાગી ગયો. સાંજે બાળકો જમ્યા ન હતા. ભૂખ બહુ લાગી હતી. ત્યાં તો બધું કેન્ટીનમાં બનાવેલું. તેથી છોકરાઓ કાંઈ જ ન જમ્યા. છેલ્લે પુરસ્કાર રૂપે આયોજકો દરેકને ૧૨૫ રૂપિયા આપવા લાગ્યા, ત્યારે પહોંચની સહી કરી, પણ રૂપિયા ન લીધા.... અંતે 'મંદિર માટે રાખો' - એમ કહ્યું એટલે ત્રણેએ ૧૨૫ રૂપિયાની મહાપૂજા નોંધાવી દીધી! બાળકોના આવા સંસ્કાર જોઈ સૌ આભા બની ગયા...'

સ્વામીશ્રીએ પણ સૌની સાથે તાળી પાડી... ત્રણે ત્યાં જ હતા, તેથી નજીક બોલાવી ધબ્બા આપી દીધા. રાજી થઈને કહે: 'છોકરાઓએ ગાયું તો સારું જ પણ વર્તનથી છાપ પાડી. બાકી નાના છોકરા તો ખાવામાં ને પૈસામાં તરત લલચાઈ જાય...'

વિશ્વવંદ્ય વિભૂતિને બાળકોને સંસ્કારવાનો-વધાવવાનો સમય મળી રહે છે, કારણ કે તેમણે આ બાળકોને અક્ષરના મુક્તો માન્યા છે, પોતાના આત્મીય માન્યા છે....

* * *

વલસાડ પાસે નેડા ગામ છે. આ વિસ્તારમાં લગ્ન પ્રસંગે બકરા કાપીને માંસાહારની મિજબાની કરવાનો એક રિવાજ છે. સ્વામીશ્રી અને સંતોના વિચરણથી એ ગામોમાં ધીમે ધીમે સત્સંગનું વાતાવરણ પ્રસરી રહ્યું છે અને આવી ક્રૂર પ્રણાલી છોડીને કેટલાય લોકો શુદ્ધ જીવન તરફ વળી રહ્યા છે.

એક દિવસ નેડા ગામમાં લગ્નપ્રસંગ હતો.

લગ્નની સાથે સાથે બકરાનાં માંસની મિજબાની પણ ખરી. લગ્ન પ્રસંગે આજુબાજુનાં ગામોમાંથી ઘણાં સગાંસંબંધીઓ પણ આવ્યા હતાં.

લગ્નમંડપની બહાર એનો આનંદ માણતા કેટલાક બાળકો રમી રહ્યા હતા. વાતવાતમાં ચકમક ઝરી. બાળકો વચ્ચે મારામારી થઈ. એ બાળકોમાં એક બાળક સત્સંગી હતો. નામ હતું પ્રવીણ. ઝપાઝપીમાં વચ્ચે એ પણ આવી ગયો. વળી, ચાર-પાંચ માથાભારે બાળકોને ખબર પડી કે એ પ્રવીણ માંસ નથી ખાતો. એટલે સૌએ એને પરાણે બકરાનું માંસ ખવરાવવાનું નક્કી કર્યું. તેના ગળામાંથી કંઠી ખેંચીને તોડી નાંખી. તેને ઢસડીને માંસના ઢગલા સુધી ખેંચી ગયા અને પછી બે બાળકોએ એને મારની બીક બતાવી માંસ ખાવાનો આગ્રહ કર્યો.

બાળકે ખૂબ આજીજી કરી, ના પાડી, પણ પેલા તો વિફર્યા હતા. એને માર મારવાનું શરૂ કર્યું. એ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ બોલતો સહન કરતો રહ્યો પણ મચક ન આપી. તેની એક જ દલીલ હતી કે 'જે મોઢેથી મેં સ્વામિનારાયણનું નિયમ લીધું છે તે મોંઢે હું માંસ નહી ખાઉં...'

અંતે બધાએ નક્કી કર્યું કે બે જણા એને પકડી રાખે, બે જણા એનું મોઢું ફાડે અને એક જણ એના મોઢામાં માંસ નાંખે...

આ સાંભળી બાળક ધ્રૂજી ઊઠ્યો... સ્વામીશ્રીને સંભારીને એણે મનં પ્રાર્થના કરવા માંડી. બધાને સમજાવવા માટે પ્રયત્નો કર્યા પણ વ્યર્થ! અન છેવટે અતિ પ્રચંડ આત્મબળના સહારે બધાને ધક્કો મારીને એ ત્યાંથી નાસી યો... પ્રવીણને પોતાની પ્રતિજ્ઞા પાળ્યાનો ઊંડો સંતોષ હતો...

* * *

નિયમધર્મની સાથે ભક્તિ-સમર્પણના રંગે રંગાયેલા બાળકો જોઈએ ત્યારે સંપ્રદાયનો ઈતિહાસ જાણે પુનર્જિવિત થતો હોય તેવું જણાયા વિના ન રહે. સંસ્થાનાં વિરાટ માનવઉત્કર્ષનાં અભિયાનોમાં બાળકોનું યોગદાન અભૂતપૂર્વ હોય છે, તેની ઘણાને જાણકારી પણ નહીં હોય - અને હા, બાળકોને એવી કીર્તિની વાંછનાયે ક્યાં હોય છે? આ તો બ્રહ્મનાં પુષ્પો!

ફૂલ તો એની ફોરમ ઢાળી રાજી.

કોઈનું નહીં ફરિયાદી ને કોઈનું નહીં કાજી!

આ બાળકોએ સમર્પણના સાથિયાં પૂર્યા, ભક્તિના રંગો પૂર્યા અને સ્વામીશ્રીનાં કાર્યોને નંદનવનની મહેંક આપી...

* * *

'બાપા! મારે ૧૦૦૧ રૂપિયા સેવા લખાવવી છે.' નવ વર્ષનો શ્યામ સ્વામીશ્રીને કહી રહ્યો હતો.

સ્વામીશ્રીએ પૂછ્યુંઃ 'તું ક્યાંથી લાવીશ?'

'ગમે તેમ કરીને લાવીશ...' તે હજુ સ્પષ્ટ નહોતો.

સ્વામીશ્રી કહેઃ 'એમ નહીં, તને તારા પપ્પા વાપરવાના પૈસા આપે, બચત કરવી, ભેગા થાય તેમાંથી આપવા...'

હા, આ બાળકોનું સમર્પણ 'અક્ષરધામ'ના નિર્માણ કાર્યમાં વપરાવાનું હતું.

છ બહેનોનો એકનો એક ભાઈ નિશાંત દાદર મંદિરે આવ્યો. ૯ વર્ષની ઉંમર. ઘરમાં એકલો જ સત્સંગી. ભભકાબંધ તિલક-ચાંદલો કરેલો. આવીને સ્વામીશ્રીને કહેઃ 'મારે સેવા કરવી છે.'

'કેટલી કરીશ?' સ્વામીશ્રીએ પૂછ્યું.

તે કહેઃ '૨૫૦૦ મારી બચતના છે...!'

સ્વામીશ્રી રાજી થયા. તે સ્વામીશ્રી પાસે જઈ કાનમાં કહે, 'નિરંતર વધે, તેવા આશીર્વાદ આપજો..

સ્વામીશ્રી ખુશ થઈ ગયા... આવડી ઉંમરે આવા સંસ્કાર કોણે આપ્યા હતા? બાળસત્સંગ સભાએ જ તો!

* * *

દીપક ઘનશ્યામભાઈ પટેલ ૮ વર્ષનો બાળક. પોતાની સેવિંગ્સ પાસબુક લઈ સ્વામીશ્રી પાસે આવ્યો. તેના પિતા સાથે હતા. સ્વામીશ્રીને કહેઃ 'આ પાસબુક...'

સ્વામીશ્રીએ જોઈ. બચતમાં રૂપિયા ૨૫૦૦ લખ્યા હતા. સ્વામીશ્રી એ બુક પાછી આપી. પણ સંતો કહેઃ 'સ્વામી! એને સેવા કરવાની ઇચ્છા છે...'

'કેટલી કરવી છે?' સ્વામીશ્રીએ પૂછ્યું.

'બધી જ!' તેણે કહ્યું.

સ્વામીશ્રી કહેઃ 'ના, બધી ન લેવાય. થોડી આપજે...' પછી ૫૦૦ રૂપિયા લખાવવાની આજ્ઞા કરી.

* * *

'પપ્પા, મારો ગલ્લો લાવોને...'

'કેમ?' અમૃતભાઈએ પૂછ્યું.

'એમ.' બારેક વર્ષનો સંકેત થનગનતો હતો. અમૃતભાઈએ બચતનો ગલ્લો આપ્યો.

સંકેતે ફરી પૂછ્યું, 'આમાં કેટલા રૂપિયા હશે?'

'ખબર નહીં. પણ શું કામ છે અત્યારે?'

'પપ્પા, આ ખોલું?'

'નહીં ખૂલે. માટીનો છે બેટા, તોડવો પડે...'

'એમ! તો... તો...' કહી તેણે ગલ્લો હાથમાંથી પડતો મૂક્યો... અને ખણણણ... 'આ... હા... હા... પપ્પા, કેટલા બધા પૈસા!' તે ગણવા મંડી પડ્યો. પૂરા ૫૦૦ રૂપિયા થયા. તે બોલ્યોઃ 'પપ્પા, આ પૈસા મારે કેટલ કેમ્પમાં આપવા છે...'

અમૃતભાઈ પણ અવાચક થઈ ગયા. સત્સંગસભામાં થયેલી ઢોરોના દુઃખની વાત આ બાળકે બરાબર ઝીલી હતી... દુષ્કાળ રાહતમાં સંસ્થા દ્વારા યોજાયેલા ચારેય કેટલકેમ્પ આવા 'નાના' હૈયાના મોટા સમર્પણથી શોભી ઊઠ્યા હતા...

* * *

સત્સંગસભામાં સંતો-કાર્યકરો દ્વારા થતી વાતોની અસર કેટલી ઊંડી થાય છે. તે સમજવું હોય તો સંસ્કારગંગાને અવળી દિશા આપનાર બાળકો સુધી પહોંચવું પડે... એક યુગ હતો જ્યારે શિવાજીનાં માતા જીજાબાઈએ તેમને શૌર્યનાં શણગારો સજાવ્યાં હતાં... ગાંધીજી કહેતા કે મારી માતાએ મને સલાટની જેમ કંડાર્યો છે... નાનાઓ માટે ઘર એ પ્રયોગશાળા હતું. શિક્ષણશાળા હતું. જ્યાંથી બાળક સંસ્કારની શિક્ષા અને માનવતાના પ્રયોગો શીખતો. આજે કેટલાય ઘરોમાં નાનાં ભૂલકાંઓ માતાપિતાને સંસ્કારનું શિક્ષણ આપે છે! આ ચમત્કાર નથી, વાસ્તવિકતા છે. સ્વામીશ્રીના સંનિષ્ઠ બાળસેવકોના જીવનની...

અમેરિકાના પ્લાન્ટેશન શહેરમાં રહેતા રોહિતભાઈનો આઠ વરસનો પુત્ર ધવલ તો સ્વામીશ્રી પાસે તેના પપ્પાને લઈને આવ્યો. કહે, 'સ્વામીબાપા! મારા પપ્પા સ્મોકિંગ (ધૂમ્રપાન) કરીને શરીર બહુ ખરાબ કરે છે. તે આજે મારે એમને બતાવવું છે.' એમ કહી તેણે એક માણસનું મોટું ચિત્ર દોરેલું તે ખોલ્યું.

સ્વામીશ્રી કહેઃ 'તું પલંગ પર ચઢી જા ને આખું ચિત્ર પાથરી દે.' તેણે પલંગ પર ચિત્ર પાથરી દીધું. ચિત્રની વિશેષતા એ હતી કે શરીરમાંનાં મુખ્ય મુખ્ય અવયવોને જુદાં જુદાં ચીપકાવ્યાં હતાં, તે ફેફસાંને ઊંધું કરીને, સ્વામીશ્રીને કહે, 'પપ્પા સ્મોકિંગ કરે ને એટલે લંગ્સ (ફેફસાં) આવાં સડી જાય ને કાળાં થઈ જાય. પછી તેને કાઢી નાંખવું પડે. પછી પણ જો ચાલુ રાખે તો બીજું સડી જાય ને પછી પપ્પા મરી જાય. પછી એનો કોઈ ચાન્સ જ નથી. માટે મારા પપ્પાને સ્મોકિંગ છોડાવી દો.'

ધવલની બૌદ્ધિક અને હિંમતભરી રજૂઆતથી સ્વામીશ્રી તેના પર પ્રસન્ન થઈ ગયા. માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા અને ઠાકોરજીનો પ્રસાદ આપ્યો. પછી રોહિતભાઈને ધૂમ્રપાન છોડવાનું સમજાવતાં સ્વામીશ્રીએ કહ્યું: 'રોહિતભાઈ, આ ધવલનું તમારે માનવું પડશે.'

પુત્રની કાલીઘેલી પણ માર્મિક રજૂઆત અને સ્વામીશ્રીની કરુણાભારી જાવટ રોહિતભાઈને સ્પર્શી ગયા. સ્વામીશ્રી સમક્ષ તેમણે વ્યસનને ંજલિ આપી. રોહિતભાઈએ વ્યસન છોડવાનો નિયમ લીધો કે તરત જ ધવલ દોડીને સિગારેટની એશ-ટ્રે(રાખદાની)ને કચરાપેટીમાં ફેંકી આવ્યો. સ્વામીશ્રી પ્રસન્નતાભરી નજરે ધવલ ભણી મલકી રહ્યા.

* * *

સ્વામીશ્રી પાસે બાળસંચાલકો અમદાવાદમાં કેટલાક અનુભવો કહી રહ્યા હતાઃ 'બાપા! અમારા વિસ્તારમાં જયેશ નામે બાળક છે. તેણે તેના દાદાને વાત કરી કે બીડી ન પીવાય. બાપાએ સભામાં સમજાવ્યું છે. માટે કરો.... પણ દાદા માન્યા નહીં. છેવટે તેણે નટખટ ઉપાય શોધી કાઢ્યો. દાદાના કોટમાં જ બીડીની ઝૂડીનો ભૂકો કરી નાખે. દાદા જો ખાટલાના ઓશિકા નીચે બીડી-બાકસ રાખે તો ત્યાંથી ગુમ કરી નાંખે. દાદા દ કંટાળ્યા.. એને માર્યો પણ ખરો, છેવટે દાદાની બીડી છોડાવ્યે પાર કરી....' સ્વામીશ્રી પ્રસંગ સાંભળતા મલકી રહ્યા હતા... બાળક બદલાઈ રહ્યો હતો...

* * *

અમદાવાદ, શાહપુરમાં રહેતો બારેક વર્ષનો જગત પંચાલ તેના પિતા સાથે દર્શને આવ્યો. સ્વામીશ્રીના ચરણ પકડીને રડી પડ્યો. કહેઃ 'બાપા! મારા પપ્પાને બધાં વ્યસન છૂટી જાય તેવા આશીર્વાદ આપો....'

સ્વામીશ્રીની આંખો કરુણાથી આર્દ્ર થઈ ગઈ. બાળકના પિતાને ખભેથી જરા નમાવીને ધબ્બો આપતાં કહેવા લાગ્યા: 'તમે કેવાં ભાગ્યશાળી છો કે છોકરા સારા થયા. તમને વ્યસન મુકાવે છે... એમાં રહીને ભગવાન બોલે છે, એમ માની આજે પાપને કાઢો... આપણા હિત માટે જ છે, પૈસા બચશે, તો છોકરાને કામ આવશે. એ રસ્તો જ બંધ. બિલકુલ મોંમાં જ ન નાખવું. રોજ કેટલા પૈસા જાય છે?'

'મહિને હજારેક...' ધીમે સ્વરે તેમણે કહ્યું.

'લો, ૧૨,૦૦૦ રૂપિયા વર્ષે એમનેમ જાય છે. તે કરતાં આ છોકરા માટે વાપરતા જજો.... ભણાવજો...'

અને જગતના પિતાએ સંમતિ બતાવી... જગત ખુશ થઈ રહ્યો હતો...

* * *

દક્ષિણ ગુજરાતના બલવાડાના યુવક સુમનભાઈ પોતાના પરિવર્તનની વાત કરતાં કહે છે:

'મૂળ મારાં છોકરાઓ અક્ષરપુરુષોત્તમ બાળમંડળમાં જતા થયા. સંતો છોકરાઓને વાત કરે કે દારૂ ન પીવાય, માંસ ન ખવાય. મારો આ ધર્મ સામે સખત વિરોધ કે આ ધર્મ તો લેવો જ નહીં. મારી હાઈ-વે પર જ માંસની હૉટેલ. આ માટે મેં મરઘાં પાળેલાં. છોકરો રોજ મને દારૂમાંસ ન લેવાની વાત કરે, પણ હું દાદ ન દઉં પણ ધીમે ધીમે મને ખટકવા લાગ્યું. બાળકો ઘરમાં સ્વામિનારાયણની પૂજા કરે છે ને હું આ ધંધો કરું તે ઠીક નહીં.

'એ અરસામાં મારા પંદર હજાર રૂપિયાનાં પાળેલાં મરઘાંનો નાશ થઈ ગયો. પછી મેં એ ધંધો બંધ કર્યો. મને ક્રોધ બહુ. ચાલીસ જેટલાને તો મેં એવા માર્યા હતા કે મારા ઘર આગળથી પસાર થતાં આખું ગામ ડરે. પણ પછી સત્સંગના યોગે છોડી દીધું. કો'કવાર હું 'સાલા' જેવા શબ્દ બોલું તો પણ તરત છોકરાઓ કહે: 'પપ્પા! જય સ્વામિનારાયણ.' પછી હું સત્સંગી બન્યો. હવે રીક્ષા ચલાવું છું. મેં પછી પચાસ-સાઠ જણાને ને દારૂ પણ મુકાવ્યો. મારા બાપા ૮૨ વર્ષના છે. વર્ષોથી દારૂ પીતા હતા, હવે તમાકુ સુદ્ધાં લેતા નથી!!'

* * *

વાલ્ડોસ્ટામાં બનેલો રોમિનનો પ્રસંગ તો બહુ રોમાંચક છે. રોમિન તેના

પિતા હિમાશુંભાઈ સાથે ૧૮૦૦ માઈલ દૂરથી ત્રણ દિવસની મુસાફરી કરીને ખાસ સ્વામીશ્રીનાં દર્શને તેના માસાને ત્યાં આવ્યો હતો. હિમાંશુભાઈને સ્વામીશ્રી વર્તમાન ધરાવતા હતા. ત્યારે રોમિન કહેઃ 'સ્વામી, ડેડીને મીટ છોડાવો ને!'

સ્વામીશ્રીએ હિમાંશુભાઈ તરફ જોયું. તેઓ કહેઃ 'કોઈ કોઈ વાર લઉં છું.'

સ્વામીશ્રી કહેઃ 'આપણે એ લેવાય જ નહીં, આ નાનો બાળક કેટલો સંસ્કારી છે!' સ્વામીશ્રીએ તેમને સમજાવ્યા.

હિમાંશુભાઈ કહેઃ 'અમે ઘરમાં ફ્રીજ પર માંસાહારનિષેધનું લેબલ જ લગાવી દઈશું.'

રોમિન કહેઃ 'ફ્રીજમાં તો રાખવાનું નહીં. એટલું જ નહીં, ઘરમાં પણ નહીં લાવવાનું. એ માટે તો મારે જ બારણા પર લેબલ મારવું પડશે કે 'Meat is not allowed' હું આ લેબલ લખી જ નાખવાનો છું. ને ડેડી, આજથી સ્વામીબાપાએ તમને મુકાવ્યું છે ને જો હવે પછી લેશો ને ઘરમાં મીટ રંધાશે તો હું ઘરે નહીં રહું. અહીં માસાને ત્યાં આવતો રહીશ.'

રોમિનની 'ચેતવણી' સાંભળીને સ્વામીશ્રી હસી પડ્યા. 'શાબાશ' કહીને એને થાબડ્યો. પછી હિમાંશુભાઈને કહ્યુંઃ 'આ તમારો દીકરો નાનો છે પણ કેટલો સંસ્કારી છે!' આવા દીકરા હોય તો તમારું ઘર શોભે. એને કેટલું લાગી આવ્યું હશે કે ડેડી મીટ ખાય છે તે સારું નથી... તો આ બાળકની ભાવનાને સમજીને પણ તમે કાયમ માટે છોડી દો. દારૂ પણ ન પીવો ને માંસ પણ ન ખાવું.' રોમિનને આગળ ધરીને સ્વામીશ્રી કહેઃ 'આ કુમળા બાળકને કોઈ કાપી નાંખે તો તમને કેવું લાગે? પ્રાણીઓમાં પણ એવી લાગણી હોય છે. એ માંસના લોચા પેટમાં નાંખો તો તેમાં લાગણીઓના હાયકારા ભળે છે. આપણું માંસ કોઈ કાપે તો આપણને કેવું થાય? એવું એને પણ થાય. વ્યસન રાખો પણ કામ કરવાનું, ભજન કરવાનું ને શાકાહારી ભોજનનું. ગમે તેવી મુશ્કેલી આવે તો 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' ભજન કરવું. ભગવાનને સંભારવા. આ નિયમ લીધો છે તો મક્કમ રહેજો.'

સ્વામીશ્રીના આવાં સંસ્કારશુદ્ધ બાળકો માતાપિતાની જીવનશુદ્ધિમાં નિમિત્ત બને એ આશ્ચર્યજનક વાત છે.

* * *

બપોર થઈ તોય મહેશ જમવા આવ્યો નહીં એટલે માએ બૂમ પાડી. રોજ જમવા માટે ઉતાવળો થતો પોતાનો એ દસેક વર્ષનો લાડકો પુત્ર જે સૂનમૂન બેઠો હતો એનું આશ્ચર્ય માને મનમાં ક્યારનું અકળાવતું હતું.

'ચાલ, જમવા નથી બેસવું?' માએ વહાલથી પૂછ્યું.

'ના.' ટૂંકો અને ઉદાસ જવાબ મળ્યો.

'કેમ? પેટમાં દુઃખે છે? બીમાર છે?'

'ના! બસ, મારે નથી જમવું.'

'પણ કેમ? રિસાયો છે?'

'ના! પણ મેં નક્કી કર્યું છે કે બાપુજી બીડી ન છોડે ત્યાં સુધી જમવું.'

માતા અને પુત્રનો આ સંવાદ આગળ ધપે તે પહેલાં જ ઘરમાં પિતાનો પ્રવેશ થયો.

'આ મહીલો આજે ખાવાની ના પાડે છે!' માએ ફરિયાદ કરી.

પિતા પૂછે એ પહેલાં જ બાળકે સ્પષ્ટતા કરી દીધી કે જ્યાં સુધી તમે બીડી પીવાનું નહીં છોડો ત્યાં સુધી હું નહીં જમું...

'જા જા હવે! આવા ગાંડા કાઢવાનું ડા'પણ તને કોણે શિખવાડ્યું છે?'

'બાળમંડળમાં જાઉં છું, ત્યાં મેં પ્રમુખસ્વામી મહારાજની વાત સાંભળી કે આવું ન કરાય... એનાથી શરીર બગડે ને પૈસા બગડે...'

પણ એ નાના બાળકનો જવાબ પૂરો થાય એ પહેલાં તો એને પડતો મૂકીને બાપુજી પોતાને કામે લાગી ગયા.

બાળક ભૂખ્યો રહે કે જમે એની એમને પડી નહોતી. એમને તો કામ અગત્યનું હતું. જીવતો બાળક નહીં!

એ દિવસની સાંજ થઈ.

બીજા દિવસની સવાર થઈ.

ત્રીજા દિવસની સવાર થઈ.

ત્રણ ત્રણ દિવસ સુધી પિતા, પુત્ર અને માતા વચ્ચે જીભાજોડી અને ક્યારેક બળનો પ્રયોગ પણ થયો, પરંતુ એ બાળકે મચક ન આપી.

બાપુજી બીડી પીતા રહ્યા અને બાળક ઉપવાસ કરતો રહ્યો.

ત્રણ દિવસના ઉપવાસના અંતે બાળકની જીત થઈ, બાપુજી હાર્યા.

વર્તમાન ધરાવી સત્સંગી થયા અને જિંદગીભર બીડીને તિલાંજલિ આપી દીધી.

મહેસાણા જિલ્લાના કરણનગર ગામના એ નાના બાળકને પૂછ્યું: 'તેને કેવી રીતે એમ લાગ્યું કે બાપુજી આ રીતે બીડી મૂકી જ દેશે?'

એણે કહ્યું 'હું રોજ સવારે પ્રાર્થના કરતો કે 'સ્વામીબાપા! મારા બાપુજીના મનમાં પ્રવેશ કરીને મારી વાત સમજાવોને!' મને વિશ્વાસ હતો કે મારી પ્રાર્થના ભગવાન જરૂર સાંભળશે... બસ, વિશ્વાસ...'

* * *

અંબેરાવપુરા, ખેડા જિલ્લાનું એક નાનું ગામ.

૧૪ વર્ષનો ફતેહસિંહ એના પિતા સાથે બરાબર ટક્કર ઝીલી રહ્યો હતો...

'નાલાયક! મારી સામે બોલતા શીખ્યો છે? શરમ નથી આવતી? તું મારો બાપ છે કે હું તારો? ચાલ હલાવવા બેસી જા ડહાપણ કર્યા વગર... પિતાએ દારૂ ભરેલું પીપ બતાવીને બાળકને ધમકાવ્યો.

'મેં ના પાડી ને! હું નથી બેસવાનો. આ ધંધો મને નથી ગમતો. આ ધંધો બંધ જ કરી દેવો જોઈએ. બંધ કરી દ્યોને બાપુજી!' બાળકના સ્વરમાં આર્ત પોકાર હતો...

'હવે નથી ગમવાવાળી! રોટલા તારો બાપ આમાંથી કાઢે છે, ખબર છે? મારે જાવું છે બા'ર, ચાલ બેસવું છે કે નહીં?'

'જુઓ બાપુજી! આ દારૂ ગાળવાનો ધંધો એ પાપનો ધંધો છે. આ તમે દારૂ બનાવો, એ દારૂ પીને કેટલાય લોકો ખલાસ થઈ જાય - એનો તમને વિચાર આવે છે? કેટલાય છોકરાના બાપ આમાં જ મરી જાય છે, એ બધાનું પાપ કોને માથે?'

'હવે મૂક તારાં પાપ ને પુણ્ય! કોણે એનાં ત્રાજવાં ભાળ્યાં છે! આ બધું તને કોણે ભરમાવ્યું છે!'

'પ્રમુખસ્વામી મહારાજે! બાપુ, આ પાપનો ધંધો રે'વા દ્યો. આ બધું તમને ન મનાય તો કાંઈ નહીં પણ એવા મોટા સંતમાં વિશ્વાસ રાખવો જોઈએ. તમારે ન રાખવો હોય તો તમે પાપ કરો. દારૂ ગાળવાના આ ધંધામાં મને ક્યાંય ન બોલાવવો.'

'એટલે તું જાણે શાહુકારનો દીકરો થઈ ગયો છે એમ? હરામખોર! આ... મારા સામું દલીલ કરે છે? અહીં આવ...'

...અને એ ૧૪ વર્ષના બાળક પર ગાળો અને લાતોનો વરસાદ થયો. પણ તોય એ 'સ્વામિનારાયણ' મંત્ર બોલતો ઢોરમાર ખાતો રહ્યો. આવું ઘણા દિવસો સુધી ચાલ્યું. ફતેહસિંહ માર ખાતો રહ્યો અને બાપને દારૂનો ધંધો બંધ કરવા સમજાવતો રહ્યો. એક રાતે પથારીમાં સૂતાં સૂતાં બાપને નિર્દોષ પુત્રને માર્યા બદલ અંતર ડંખવા લાગ્યું તેના હૈયે પશ્ચાત્તાપની ગંગાનું અવતરણ થયું આખી રાત ફતેહસિહનો ચહેરો આંખોમાં ઘૂંટાતો રહ્યો ને 'બાપુ! આ પાપનો ધંધો રેવા દ્યો...' એ શબ્દો પડઘાતા રહ્યા. અને સવાર પડી ત્યાં સુધીમાં દૃઢ નિર્ણય લેવાઈ ગયો હતોઃ 'આજથી દારૂની ભઠ્ઠી બંધ!'

* * *

એટલાન્ટાના ઉપનગર 'ફેરબન'માં રહેતા દિનેશભાઈ સોનીને ત્યાં સ્વામીશ્રી પધાર્યા ત્યારે તેમના નાનકડા બાળક ઋષિએ ભારતીય પદ્ધતિથી શ્રીફળ-ચોખા-કુમકુમથી સ્વાગત કર્યું. દિનેશભાઈએ મોટો શમિયાણો બાંધીને પોતાના સગા સ્નેહીને આમંત્ર્યા હતા. ઋષિનું મોંઢું તો આ પ્રસંગે રતુમડા હરખથી રાતું થઈ ગયું હતું.

સાંજે સ્વામીશ્રી દિનેશભાઈ, હરીશભાઈ વગેરેને સત્સંગ દૃઢતાની વાતો કરી રહ્યા હતા. ત્યાં ઋષિ આવ્યો કહેઃ 'સ્વામીબાપા! ડેડી સિગારેટ પીવે છે તો એને છોડાવી દો ને!' ઋષિની રજૂઆતમાં આજીજી હતી.

સ્વામીશ્રીએ દિનેશભાઈને કહ્યું: 'આ ઋષિને તમારા 'ગુરુ' તરીકે માનીને તમે છોડી દો. નાનું બાળક તો ભગવાનનું સ્વરૂપ ગણાય. આ ઋષિમાં રહીને ભગવાન વાત કરે છે. તમારે સુખી થવું હોય, શરીરે કુશળ રહેવું હોય તો હવે છોડી દો. અને અમે અહીં આવ્યા. જમ્યા, સૂતા તો એનો કંઈ લાભ તમને થવો જોઈએ ને!'

સ્વામીશ્રી પૂરું કરે તે પહેલાં ઋષિ વચ્ચે જ બોલ્યો: 'સ્વામીબાપા! ડેડી તો ક્યારેક બિયર પણ પીવે છે!'

ઋષિની નિખાલસ ફરિયાદથી સ્વામીશ્રી એકદમ હસી પડ્યા. દિનેશભાઈને આગ્રહ કરતાં કહેઃ 'નાનું બાળક કેટલું નિર્દોષ હોય છે! હવે તો તમારે આ બધું છોડવું જ પડશે. આ બાળકના સંસ્કાર જુઓ! અમે અહીં

રહ્યા તે કાંઈ સારો બંગલો જોઈને નથી આવ્યા. બંગલા તો ઘણાંય આથી ય સારા છે. અમને એમાં શું મોહ? તમે તમારું જીવન સુધારો એટલું જ કરો તો અમે આવ્યા તે સાર્થક ગણાય. અમારે તો એક જ (ઇચ્છા) છે કે તમે સુખી થાઓ. ભગવાનનું સુખ પામો. આપણે ભક્તિ કરીએ, દેવોને માનીએ ને આવું નાનું નાનું આડું આવ્યા કરે!! આ તમારો ઋષિ પહેલાંનો મુક્ત છે. એનું ભવિષ્ય તો વિચારો! તમે બંગલા બાંધો, મોટર વસાવો, કપડાં બે નહીં ચાર જોડ રાખો, એની ક્યાં ના છે? પણ આ પેઠું છે ને કાઢો તો અમે આ તે સાર્થક થાય.'

સ્વામીશ્રીના કરુણાભર્યા આગ્રહથી દિનેશભાઈએ અને બધા ભાઈઓએ સ્વામીશ્રી સમક્ષ જીવન શુદ્ધ બનાવવાની પ્રતિજ્ઞા લીધી ત્યારે ઋષિ હરખી ઊઠ્યો. સ્વામીશ્રી તરફ એક ઉપકારની લાગણી એની આંખોમાં ઊતરી રહી હતી.

* * *

અને અંતે...

પ્લાન્ટેશન, અમેરિકામાં આઠ વર્ષના કુમળા ધવલે સ્વામીશ્રીને પ્રશ્નો પૂછ્યા, કેવા ગહન?

'બાપા! હું એમ પૂછું છું કે આ બોડી(શરીર)નું ડેથ (મૃત્યુ) થાય પછી લાઈફ હોય છે? ને જો હોય તો કેવી હોય? ને હેં બાપા, બધાને ગોડ (ભગવાન) લેવા માટે આવે? કે પછી જેને જ્યાં ફાવે ત્યાં જાય? ને જાય પછી શું કરે? ત્યાં કેવી રીતે રહે?'

એક સાથે કેટલા રહસ્યમય સવાલો તેણે પૂછી લીધા હતા?!

સ્વામીશ્રી તેની બુદ્ધિમાં બેસે તેવી સરળતાથી સમજાવવા લાગ્યા, 'આ બોડીનું ડેથ થાય પછી તેને એક ડિવાઈન બૉડી (દિવ્યદેહ) મળે. એ મળ્યા પછી ક્યારેય ડેથ ન થાય. ને જો માણસ સારાં કામો કરે તો તેને ગોડ (ભગવાન) લેવા આવે ને ખરાબ કામો કરે તો નર્કમાં જાય, ત્યાં દુઃખી થાય... જેને ભગવાન લઈ જાય તે સુખી થાય...'

જીવતરના પ્રભાતે મૃત્યુ વિષયક ચર્ચા સ્વામીશ્રી સાથે ચાલતી હોય એવા પ્રસંગો ભલે જૂજ હોય, પણ અમૂલ્ય છે! બાળકને આવા અનુભવમાંથી પસાર થવાનું બને છે ત્યારે મૃત્યુની ગંભીર ઘટનામાં સહજસ્વસ્થ રહી શકે

છે, સ્વામીશ્રીની સમજણ આવા બાળકની આધારશિલા હોય છે માટે.

* * *

હીબકાં ભરીભરીને આક્રંદ કરતા પિતા, બહેન, મામાઓ અને સંબંધીઓ વચ્ચે દસેક વર્ષનો ધર્મેશ સૂનમૂન ઊભો હતો. વાતાવરણ કરુણ અને હૃદયદ્રાવક હતું. ધર્મેશની માતાનો મૃતદેહ સામે જ પડ્યો હતો!

બાળકને સ્મશાને ન લઈ જવાય, એમ કેટલાક બોલતા રહ્યા. પણ ધર્મેશે પિતાની પાછળ પાછળ દોટ મૂકી... ચિતા તૈયાર થઈ, પિતા જીતુ ચાવડાએ ચેહ ચાંપી ત્યારે ધર્મેશ અદ્ધર શ્વાસે આ ક્રમ જોઈ રહ્યો હતો. ભડભડ સળગતા અગ્નિને જોઈ પિતાએ કલ્પાંતની અંતિમ ચીસ નાખી... ધર્મેશ દોડીને પિતાની સોડમાં લપાયો. કહેઃ 'પપ્પા... પપ્પા... રડો નહીં... મમ્મી પાછી આવશે? એ તો ભગવાનના ઘરે ગઈ છે ને? આપણે પણ એકવાર ત્યાં જવાનું જ છે ને? ત્યાં એને મળશું... હોં પપ્પા!? ગુણાતીતાનંદ સ્વામીની વાત છે તે યાદ કરો, 'મરનારાને શીદ રડો છો, રડનારા રહેવાના... તોપને મોઢે તુંબડાં, બધાં ઊડી જવાનાં! પપ્પા, મારી મમ્મી તો અક્ષરધામમાં ગઈ છે... હે ને?' તેણે આજુબાજુ ઊભેલા બંને મામાને સામે જોઈને સંમતિ માગી.. વાતાવરણ ધીરે ધીરે શાંત થયું... આ બાળકની અદ્ભુત સ્વસ્થતા જોઈ તેના બિનસત્સંગી મામાઓ દિગ્મૂઢ થઈ ગયા... પરંતુ આઘાત કારમો હતો. યુવાન અવસ્થામાં વિધુરપણાનું દુઃખ જીતુભાઈને ખૂબ સાલ્યું. અને એ પછીના બેજ દિવસે પુત્રીના મૃત્યુના આઘાતમાં ધર્મેશનાં નાનીમાનું અવસાન થયું...

સ્વામીશ્રી મુંબઈમાં હતા. આખું કુટુંબ આ પછી ત્રીજા દિવસે દર્શને યું. મામા સ્વામીશ્રીને કહેવા લાગ્યા, 'મહારાજ! આ ધર્મેશને કારણે અમારા કુટુંબને બહુ હિંમત મળી. કારણ કે એને આ ઉંમરે માની વધારેમાં વધારે જરૂર હોય, ત્યારે જ તે મા વિહોણો બની ગયો... એણે એની માના શબ પાસે બેસીને 'હે પરમેશ્વર મંગલદાતા...' એ પ્રાર્થના ગાઈ... બહુ જ સ્વસ્થ! અમને લાગ્યું કે આપની પાસે આવીને - મંદિરમાંથી એણે કેટલી સ્વસ્થતા પ્રાપ્ત કરી છે! એવામાં મારાં બા ધામમાં ગયાં. ત્યારે પણ ધર્મેશને જોઈને જ અમને હિંમત રહી...'

સ્વામીશ્રી અદ્ભુત ભાવમાં આવી ગયા. ધર્મેશને માથે હાથ મૂકતાં, બરડે

હાથ ફેરવતાં બોલવા લાગ્યાઃ 'ખરેખર યોગભ્રષ્ટ જીવ છે. બાકી આ ઉંમરે આટલી હિંમત ક્યાંથી હોય? આવા સમયે ગમે તેનું જ્ઞાન સ્રવી જાય. ટાણે જ્ઞાન કામ લાગવું બહુ કઠણ છે...'

અંતે તમામ સ્વજનોએ કંઠી બંધાવી સત્સંગ સ્વીકાર્યો... આવા બાળકોને કોણ 'અબૂધ' ગણશે? - જેમાંથી વડીલો પણ પ્રેરણાનાં પીયૂષ પીતાં હોય? જે વડીલો પહેલાં ધર્મેશને મંદિરે આવવામાં રોકતા, એ વડીલો જ હવે સત્સંગી બન્યા હતા...

૯. સંસ્કાર શિલ્પીનાં પ્રેરણાવચનો

બાળકના ઘડતરમાં જેટલો વધુ રસ લેવાય, તેટલું માનવજાતનું ભવિષ્ય વધુ ઊજળું... આ સરળ ગણિત સાથે સ્વામીશ્રીએ આ સમાજનો કાયાકલ્પ કરવાનું નિર્ધાર્યું હોય તેમ સતત-દિલ દઈને કાર્યરત રહ્યા છે.

તેમના હૃદ્‌ગત અભિપ્રાયને પ્રશ્નોત્તરી રૂપે વિદ્યાનગર ખાતે ઝીલી લેવાયો, એ સમયે ત્યાં ભારતના, કદાચ વિશ્વભરના બાળમહોત્સવોને ઝાંખો પાડે તેવો આંતરરાષ્ટ્રીય બાળમહોત્સવ ઊજવાઈ રહ્યો હતો... આ રહી એમની આંતરભાવનાઓ પ્રશ્નોત્તરી રૂપે...–

પ્રશ્નઃ આ પ્રવૃત્તિમાં મુખ્યત્વે સંસ્થાના સંતો જોડાયેલા છે. સંતોનું જીવન તો સાધનામય હોય છે. તો શું આ પ્રવૃત્તિથી તેઓને સાધનામાં વિક્ષેપ નથી પડતો?

સ્વામીશ્રીઃ ના, આમાં કોઈ વિક્ષેપ પડતો નથી. ભગવાન સ્વામિનારાયણે ૫૦૦ સંતો કર્યા ત્યારે તે વખતે પણ સમાજમાં રહીને સાધના કરવાનું સંતોને તેમણે કહ્યું હતું. સમાજને પણ સંતો પાસેથી કંઈક મળવું જોઈએ. તે દૃષ્ટિએ ભગવાન સ્વામિનારાયણનો આ આદેશ હતો કે ગામોગામ જઈ નાનામાં નાની વ્યક્તિ સુધી, ઝૂંપડાં સુધી જઈને લોકોને વાતો કરો. ત્યાર પછી પણ સંતોએ દાખડો - પુરુષાર્થ કર્યો છે. અને કોઈ રીતે વાંધો આવ્યો નથી. સમાજમાં રહેલાં દૂષણો દૂર થાય, વ્યસનો નીકળે અને તંદુરસ્ત સમાજ થાય એ પણ એક મોટી સેવા-સાધના છે, એ પણ ભક્તિ છે. એ રીતે અનુભવ કર્યો છે કે આત્મવિકાસમાં - આત્મસાધનામાં કોઈ વિક્ષેપ થતો નથી. આત્મસાધના પણ થઈ શકે છે અને સાથે સાથે સમાજની આવી સેવા કરવાથી લોકોમાં જીવન જીવવામાં સારી જાગૃતિ આવે છે, એટલે સમાજ પણ સારો થાય છે.

પ્રશ્નઃ બાળકના ઘડતરની મુખ્ય જવાબદારી માબાપ અને શિક્ષણ સંસ્થાઓની છે. તો આટલા મોટા પાયા ઉપર આ ધર્મસંસ્થા બાળપ્રવૃત્તિ કરે છે તે કઈ પ્રેરણાથી?

સ્વામીશ્રીઃ મુખ્યત્વે માબાપની જવાબદારી છે જ પણ આજે જે લોકો ભૌતિક સુખમાં પડ્યા છે તેથી આ ચૂક્યા છે. આજે જે શિક્ષણ બાળકને મળતું નથી તે ધર્મનું શિક્ષણ પહેલાં માબાપ દ્વારા મળતું હતું. શિક્ષણ દ્વારા શાળાનું શિક્ષણ પણ મળતું અને સાથે સત્ય - અહિંસા - દયા - બ્રહ્મચર્ય વગેરેનું શિક્ષણ પણ મળતું હતું. ધર્મં ચર, સત્યં વદ, માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ - એ બધા સંસ્કારો મળતા હતા ને એ રીતે સારા સંસ્કાર મેળવી પુત્ર-વિદ્યાર્થી તૈયાર થઈ સમાજની ને દેશની સેવા કરતા પણ અત્યારે એ બાબતમાં ઉપેક્ષા આવી છે. તેથી આ સંસ્કાર અહીં અપાય છે. જેથી બાળકનો સારો ઉત્કર્ષ થાય અને સાથે સાથે સમાજની અંદર પણ એ સારું કાર્ય કરી શકે બાળકો ધર્મના સંસ્કાર મેળવી પોતે સુખી થાય અને બીજાને સુખી કરે તે માટે આ પ્રવૃત્તિ યોગીજી મહારાજે શરૂ કરી છે.

પ્રશ્નઃ આપણા ભારતનાં બાળકોનું ભાવિ આપની દૃષ્ટિએ કેવું છે?

સ્વામીશ્રીઃ ભારતના બાળકોનું ભાવિ પહેલેથી જ સારું છે. સંતોને લઈને ધર્મના સંસ્કાર મળતા રહ્યા છે એનાથી આપણને શાંતિ છે જ. પણ એમ છતાં હવે પછી જો બાળકોને સારા સંસ્કાર આપવામાં આવશે તો જ બાળકોનું ભાવિ ઊજળું છે. જેટલા સંસ્કારો આપવામાં આવશે એટલી ભાવનાઓ સારી થશે અને એટલું ભાવિ ઉજ્જવળ થશે. ભગવાનમાં વિશ્વાસ રાખી, શ્રદ્ધા રાખી ધર્મનું આચરણ કરીશું તો કોઈ વાંધો નહીં આવે.

પ્રશ્નઃ બાળકોને ધર્મનું જ્ઞાન આપવાથી એ ધર્મભીરુ બની જશે - એવું સામાજિક કાર્યકરોનું માનવું છે એ બાબતમાં આપનું શું મંતવ્ય છે?

સ્વામીશ્રીઃ બાળકોને ધર્મનું જ્ઞાન આપવાથી તે ધર્મભીરુ બને છે એ માન્યતા ખોટી છે. આપણે ત્યાં ભારતીય સંસ્કૃતિમાં પહેલેથી જ આપણાં બાળકોને શિક્ષણની સાથે ધર્મનું જ્ઞાન આપવામાં આવ્યું છે. ઋષિમુનિઓના આશ્રમમાં બાળકો રહેતા હતા ત્યારે ય આ જાતનું ધર્મનું શિક્ષણ આપવામાં આવતું હતું પણ એમાંથી કોઈ ભીરુ થઈ ગયા નથી. આપણે દાખલાઓ પણ જોઈએ છીએ. પાંડવો એવું જ શિક્ષણ પામ્યા હતા છતાં અર્જુન જેવો વીર

તેમાંથી થયો. ભરત રાજા થઈ ગયા, જેના નામ પરથી આ દેશનું નામ પડ્યું છે, એવા એવા મહાન ઋષિઓ અને શિવાજી જેવા રાજાઓ થઈ ગયા. તેઓ ધર્મભીરુ નથી બની ગયા. તેનાથી તો ઊલટું આત્મબળ વધે છે આત્મશક્તિ વધે છે. ગાંધીજીએ જે સ્વરાજ્ય મેળવ્યું તે આત્મબળથી મેળવ્યું. અહિંસા, સત્ય અને બ્રહ્મચર્યમાં એમને નિષ્ઠા હતી. તેમને શારીરિક બળ કાંઈ ન હતું પણ આત્મબળ હતું. પૂર્વે જે મહાન બાળકો થઈ ગયા છે તેમાં બંને હતું. ધર્મનું જ્ઞાન પણ હતું અને સાથે સાથે જીવનનિર્વાહનું જ્ઞાન પણ હતું. સત્યકામ જાબાલિ પાસે ધર્મનું બળ હતું. એના ગુરુનું બળ હતું તો એને વિદ્યા પણ પ્રાપ્ત થઈ. જેની પાસે ભગવાન અને સંતનું બળ છે, ધર્મનું બળ છે એ માણસ ધર્મભીરુ બને છે એ વાત ખોટી છે. ઊલટું એને આત્માનું ચિંતન નહીં આપવામાં આવે તો એ કાંઈ કરી શકશે નહીં. તેનાથી તો આત્માને શક્તિ મળે છે ને સમાજની ને દેવની પણ સારી - સાચી સેવા થાય છે. તેથી, ધર્મના જ્ઞાનથી ધર્મભીરુ બને છે એ વાત ખોટી છે.

પ્રશ્નઃ બાળકોના વિકાસ માટે એમનાં માબાપ માટે આપનો કંઈ સંદેશો?

સ્વામીશ્રીઃ બાળકોના વિકાસ માટે મા-બાપને જરૂર કહેવાનું છે. વ્યવસાય વેપાર, ધંધો કરવો એ બધું બરાબર છે પણ સાથે સાથે, બાળકો આપણી એક મોટી સંપત્તિ છે. જેમ ખેતી, વાડી, બંગલા, મોટર એ બધું બાહ્ય સંપત્તિ છે. ને તેની કાળજી રાખી છીએ તેમ બાળકો પણ સંપત્તિ છે. તેની કાળજી લેવાવી જોઈએ. આપણાં બાળકો જ ખરી સંપત્તિ છે, તે બાળકો કેમ સારાં બને ને તેમનો કેમ વિકાસ થાય તે જોવાની માબાપની ફરજ છે. તે પ્રમાણે તેમણે પ્રયત્ન કરવો જ જોઈએ, જેથી એને સારા વિચારો મળે, શરીર તંદુરસ્ત રહે, સંસ્કારો મળે સાથે સાથે એ શારીરિક રીતે પણ તંદુરસ્ત થાય. એટલે માબાપની પહેલી ફરજ તેઓ બાળકને સંસ્કાર આપે તે છે. આજના સમયમાં, બાળકો તરફ માબાપ બધુ ધ્યાન રાખે તે બહુ જ જરૂરી છે.

પ્રશ્નઃ બાળકોના સર્વાંગી વિકાસ માટે કઈ બાબત તરફ વધારે ધ્યાન આપવું જોઈએ?

સ્વામીશ્રીઃ સર્વાંગી વિકાસ માટે તો સંસ્કાર આપવા એ બહુ અગત્યનું છે. સાથે સાથે એને સારું શિક્ષણ મળે અને એનું ચારિત્ર્ય જળવાઈ રહે તે અગત્યનું છે. સારી રીતે અભ્યાસ કરે ને અભ્યાસ કરતાં કરતાં પોતાનું

ચારિત્ર્ય સારું થાય તો સમાજનું કોઈપણ કાર્ય સન્નિષ્ઠ રીતે કરી શકશે. પોતાના વ્યક્તિગત અને કૌટુંબિક જીવનને પણ તે સુખી બનાવી શકશે. એટલે શિક્ષણ અને સંસ્કાર સાથે જોઈએ.

પ્રશ્નઃ ટી.વી. અને વીડિયો અસરકારક માધ્યમ છે. તેનો ઉપયોગ કઈ રીતે થાય કે જેથી તે સહાયક બને અને તેનાં દૂષણોથી સત્સંગી બાળકો દૂર રહી શકે?

સ્વામીશ્રીઃ વિજ્ઞાનનાં આવાં સારાં સાધનો મળ્યાં છે તે એક રીતે તો આપણને સારો લાભ થયો છે પણ જ્યારે એનો દુરુપયોગ થાય છે ત્યારે એનાથી બાળકોને બહુ નુકસાન થાય છે. ટી.વી.માં જે રીતના પ્રોગ્રામ બતાવવામાં આવે છે તેમાં કેટલાક શિક્ષણના પ્રોગ્રામ સારા પણ હોય છે. પરંતુ સાથે બીજું કેટલુંય ન જોવાનું ય હોય છે. બાળકોને સારા-નરસાનો વિવેક નથી હોતો. એ બધું જ જોવા મંડે છે. અને એના સંસ્કાર ચાલ્યા જાય છે. ટી.વી. દ્વારા બાળકને સારું શિક્ષણ મળે, એની શક્તિઓ ખીલે અને ધર્મના પણ સારા કાર્યક્રમો મળે તો ટી.વી. જરૂર ઉપયોગી થાય, અને બાળકોનો સારો વિકાસ પણ થઈ શકે. પરંતુ આજે એમાં એવાં બધાં ખરાબ દશ્યો બતાવવામાં આવે છે. મારામારીનાં ખૂનનાં અને બીજાં - ત્રીજાં ય દૃશ્યો - એની બાળકો પર ખૂબ ખરાબ અસર પડે છે. ટી.વી. માધ્યમ સારું છે, પણ જો એના દ્વારા શિક્ષણના-ધર્મના સારા કાર્યક્રમો આપવામાં આવે તો નહીંતર નહીં...

પ્રશ્નઃ શૈક્ષણિક સંસ્થાઓના શિક્ષકોએ આપની દૃષ્ટિએ બાળકોના વિકાસ માટે કઈ બાબત પર ધ્યાન આપવું જોઈએ?

સ્વામીશ્રીઃ જેમ પહેલાંના ગુરુકુળોમાં શિક્ષણની સાથે ધર્મનાં વ્યાખ્યાનો અપાતાં તેવું શિક્ષણ આપવાનું શક્ય બને તો ઘણું સારું. બહુ લાભ થાય. પરા ને અપરા વિદ્યા આપણાં શાસ્ત્રોમાં કહી છે. જ્ઞાન-વિજ્ઞાન-ભૂગોળ-ખગોળ - આ લોકનું જ્ઞાન તે અપરા વિદ્યા છે. પણ આત્મા-પરમાત્માનું જ્ઞાન તે પરા વિદ્યા છે. એ બાબતમાં શિક્ષકો જાગૃત થાય તે જરૂરનું છે.

માતા-પિતાઓને...

'આજે અભ્યાસ સાથે ધર્મની ભાવના ગઈ. પહેલાં તો મા-બાપ થકી પણ ર મળતા એ મોટી ઉંમરે પણ રહેતા પણ આજે એ નવરાશ પણ નથી.

પશ્ચિમના રંગે રંગાઈને મા-બાપની અવજ્ઞા પણ થાય. એટલે જો સંસ્કાર નહીં આપીએ તો આપણાં બાળકોમાં આપણી વાત નહીં રહે. એટલે યોગીબાપાએ બાળકો ઉપર ધ્યાન આપ્યું છે. આપણે આપણા બાળકોને બાળમંડળમાં મોકલતા રહીએ તો સમાજ પણ સારો થશે.

* * *

આપણા સંસ્કાર સમૂહજીવનમાં રહેવાના છે જ્યારે દેશમાં એવી સામાજિક ભાવના નથી એટલે ઘણાં પ્રશ્નો થયા છે. આપણા સંસ્કાર જો સાચવવા હોય તો વધારે ને વધારે જાગૃત રહેવાની જરૂર છે. મંદિરોમાં છોકરાઓને સંસ્કાર મળે છે. પણ ઘરમાંથી પણ જો મળે તો છોકરો ખબ આગળ આવશે. સંતોના સત્સંગથી પણ જીવન ઊંચું આવશે માટે એ લેવું.'

* * *

વડીલોએ પણ સમજવાનું કે ઘરમાં ઝઘડા ન કરવા. સત્સંગ રાખીએ તો શાંતિ રહે. બાળકોને સાચવીશું તો એક મોટામાં મોટી સેવા થશે. આપણે આપણા સ્વભાવ-પ્રકૃત્તિ નહીં રાખીએ તો ઉછેર સારો થશે માટે પહેલેથી ઉછેર સારો થાય એવી રીતે પ્રયત્ન કરવો.

* * *

'બાળમંડળે ખૂબ સુંદર રજૂઆત કરી. બાળકોને ધન્યવાદ ને તૈયાર કરનારનેય ધન્યવાદ છે. આજના સમાજમાં છોકરાઓની કેવી દશા થાય છે અને એનું જીવન કઈ રીતે બગડે છે સરસ રીતે બતાવ્યું. જો આપણે સત્સંગ નહીં કરીએ અને બાળકોને મંડળમાં નહીં મોકલીએ તો આવી પરિસ્થિતિ થવા સંભવ છે. આમાં નિરાધાર બાળકને ગુંડો ફસાવે છે એ વાત આવી. શહેરોમાં આજે આવું બહુ જ બને છે. લાલચમાં ફસાઈને છોકરાઓ જિંદગી બરબાદ કરે છે. એટલે છોકરાઓને સંસ્કાર નહીં આપીએ તો આવી દશા થશે. સત્સંગ મળે તો જિંદગી સુધરી જાય. સત્સંગનો મારગ ઉત્તમમાં ઉત્તમ છે જ એટલે બાળકોને સંસ્કાર આપીએ એ મોટામાં મોટી સેવા છે. જો એ નહીં આપીએ તો બીજી બધી જ સંપત્તિ કામ નહીં આવે. આપણે કમાવું છે જ પણ છોકરા ક્યાં જાય છે એ તો ધ્યાન રાખો! સત્સંગ જીવનમાં અગત્યનો છે. એ દૃઢ હશે એટલું કામ સરળ થશે ને ખૂબ લાભ થશે. એટલે અહીં બાળમંડળ

ચાલે છે એમાં બાળકોને જરૂર મોકલજો.' (એક બાળસાંસ્કૃતિક કાર્યક્રમ પ્ર

* * *

બાળકોની વિશિષ્ટસભામાં બાળવિજેતાઓના સન્માન પછી આશીર્વચનનો આરંભ સ્વામીશ્રીએ 'બાળમંડળની જય, જય, જય'થી કર્યો. ત્યાર પછી કહ્યું: 'બાળકોમાં શક્તિ પડેલી જ છે, એ જ રીતે ધર્મના સંસ્કારો આપવામાં આવે તો બાળક એટલો જ આગળ વધે. 'છોટી વયે પડેલી ટેવ'

સારી ટેવ પડે તો એય કાયમ રહે. બાળકને ગર્ભના સંસ્કાર પણ મળે બાળક જ્યારે ઉદરમાં હોય ત્યારે સત્સંગનું સાહિત્ય સાંભળે તો એવા સંસ્કારો બાળકને પડે છે. પ્રહ્લાદનું આપણે સાંભળ્યું છે પણ આજનું વિજ્ઞાન પણ કહે છે. પહેલા ગુરુકુળોમાં પણ આ સંસ્કાર મળતા. જ્યારે અત્યારે નાનપણથી ફ્રેન્ડશીપો ચાલુ થઈ જાય ને મા-બાપ પણ રાજી થઈ જાય. અત્યારે તો બધું જ બગડેલું છે. મા-બાપ પણ ધ્યાન ન આપે. એ રીતે બાળકનો ઉછેર ના થાય. દરેક વસ્તુમાં બરાબર ધ્યાન આપીએ તો જ કામ થાય. યોગીજી મહારાજે એટલે જ બાળકો ઉપર દૃષ્ટિ કરી. કારણ કે દરેક ક્ષેત્રમાં સારા માણસની જરૂર છે. બધાને અર્થદૃષ્ટિ છે પણ સારો માણસ મળશે તો જ દેશનો ઉદ્ધાર થશે. આજે આપણો ધર્મ-ભગવાન અને બાળકોને સંસ્કાર આપવાનું ભૂલ્યા છીએ એટલે જ ધમાલ થાય છે.

* * *

'બાળધન સંસ્કાર વગર વેડફાઈ જાય છે. જો એને સંસ્કારો આપ્યા હોય તો એ જ બાળકો સમાજ અને દેશનો ઉદ્ધાર કરે. એટલા માટે જ યોગીજી મહારાજે બાળકોને સંસ્કાર મળે એ સંકલ્પ કરેલો. સંસ્કાર આપવાથી બાળકને ભગવાન તરફ પ્રેમ થાય, અભ્યાસમાં રુચિ થાય અને માતા-પિતા તરફનો આદરભાવ વધે છે. આપણે બીજું ધન વધારવાનો પ્રયત્ન કરીએ જ્યારે આ ધન સાચવવાનો પણ પ્રયત્ન નથી. ભૌતિકવાદ તરફ આકર્ષણ છે એણે કરીને આ સાચી વસ્તુ ભૂલી ગયા. મૂળ સંસ્કારને વિસરી જઈએ એટલે બાહ્ય ધન મળે છતાં અશાંતિ રહે. આપણા સંસ્કારનો જેટલો ખ્યાલ રાખીશું એટલું કાર્ય થશે. અને તો બધી વસ્તુ સુખદાયી બનશે. સંસ્કાર મુખ્યવસ્તુ છે એ જ જીવન સાચું છે. થોડું પણ ધર્મયુક્ત જીવ્યા એ કામનું. આપના બાળકોને સંસ્કાર મળે એ ધ્યાન રાખજો. પૈસા કમાઓ એનો વાંધો નથી પણ

આ ધ્યાન રાખજો.'

* * *

આપણાં નાનાં બાળકોને પણ ઈતિહાસ કહેતા રહેવું. તો ભવિષ્યમાં પણ સત્સંગ રહે. આ સત્સંગ ઘરનો છે. ઉછીનો નથી. એટલે આપણી દૃઢતા હશે તો સચવાશે...

'પૂજ્ય યોગીજી મહારાજને બાળકો તૈયાર કરવા અને સૌને સંસ્કાર મળે એ ખૂબ ઇચ્છા હતી. એ માટે એમણે બાળ મંડળો તૈયાર કર્યાં. દેશ-પરદેશમાં આજે બાળમંડળો ચાલે છે એનો હેતુ એ જ કે બાળકોને સંસ્કાર પડે. અત્યારથી સંસ્કાર હોય તો આગળ જઈને સારું કામ કરી શકે. આજે દેશની કેળવણીમાં એના સંસ્કાર મળતા નથી. એટલે મા-બાપ અને કાર્યકરોએ મહેનત કરવાની છે. બાળકના જીવનમાં નીતિ-નિયમ આવે અને સાથે અભ્યાસ સારો થઈ શકે, વળી મંદિરે આવતા થાય એ સંસ્કારો આપવાના છે.

* * *

આ જે કાર્ય કરવાનું છે એ વ્યવસ્થિત કરવું. જોગી બાપાને જેવો ઉત્સાહ હતો એવો ઉત્સાહ આપણે પણ રાખવો. થશે કે નહીં એ વિચાર ના રાખવો. બાળકોમાં ચંચળતા હોય એટલે કંટાળો આવે પણ ધીરજ રાખીને પ્રયત્ન કરવો. આપણે કર્યું તો સફળતા મેળવી શક્યા. શતાબ્દીમાં આપણે એ જોયું. આ સેવાથી જોગીબાપા રાજી થશે. એ રીતે સૌ કરો એ આજ્ઞા છે. આ આશીર્વાદ જ છે. આજ્ઞા મુજબ જેટલું કામ કરો એટલા આશીર્વાદ જ છે. વારે વારે આશીર્વાદ મેળવવાના નથી.'

* * *

શિક્ષકોને પણ વિનંતી કે આવતી સાલ પરિણામ સારું આવે એ તકેદારી ખાસ રાખજો. શિક્ષણમાં એકબીજાની આત્મીયતાની ખાસ જરૂર છે. પોતાનાં જ બાળકોને ભણાવીએ છીએ એ રીતે ધ્યાન રાખવું. છોકરાઓએ પણ ગુરુ સાથે સારો વર્તાવ રાખવો. જેથી એમને પણ ભણાવવાનો ઉત્સાહ થાય.

* * *

આપણે ભણીને દુનિયાના છેડે જઈએ તોય આ સંસ્કાર સાથે રહેવા જોઈએ. આ સ્કૂલમાં ભણ્યા એની છાપ હોવી જોઈએ. જ્યાં જઈએ ત્યાં નોકરી તરત મળી જાય. આપણે સારામાં સારા વિદ્યાર્થી થવું. ગમે એવા

રખડતા, લફંગા નહીં. આપણું જીવન અને વર્તન પણ લોકોની ચાહના મળે એવું રાખવું.

* * *

હે શ્રીજીમહારાજ!

હે સ્વામી!

આપે બાળમંડળમાં અમને સંસ્કારો સિંચીને અમારા ઉપર મહાન ઉપકાર કર્યો છે. એ અમે કેમ ભૂલીશું? સ્વામી! મોટા થઈને આપનું-માતાપિતાનું-દેશનું નામ ઉજાળી શકીએ એવી શક્તિ અને બુદ્ધિ આપજો...

આ આખાય જગત ઉપર આપ એવા આશીર્વાદ વરસાવો કે કોઈ ક્યારેય દુઃખી ન થાય. ક્યાંય દુકાળ ન પડે... સૌના દિલમાં શાંતિ રહે... દરેક દેશો સુખી રહે... સૌનું કલ્યાણ થાય...'

૧૫,૦૦૦ બાળકોએ એક સાથે વિશ્વશાંતિ માટે પ્રાર્થના કરી હોય એવો આ પ્રથમ પ્રસંગ હશે, બાળમહોત્સવે વિદ્યાનગરની ધરતી પુલકિત બની... ધન્યભાગી બની...

પ્રભુના પ્રતીક સમા આ બાળકોનો સાદ પરમાત્મા સુધી વહેતો થયો, જે આવતી પેઢીને મંગલમય બનાવશે... સમાજનું સ્વરૂપ ધરમૂળથી બદલાશે...

સ્વામીશ્રીના સંસર્ગે બાળકોના દિલ-દિમાગમાં જે ચેતનાની ચિનગારીઓ જાગી છે, તે હરગીઝ નહીં બુઝાય... એક અનુપમ જ્યોત જાગશે... એ જ્યોત આવતા વર્ષોમાં અનંત દીવડાઓ પ્રગટાવતી રહેશે... અને પાંદડે પાંદડે દીવા પ્રગટાવવાના સ્વામીશ્રીના સંકલ્પને સાકાર કરશે... ભવિષ્યની પેઢી પોતાના જીવનજ્યોતિર્ધર સ્વામીશ્રીને કંઈ અંજલિઓ અર્પણ કરશે? જેથી એમના ઋણ ફેડી શકાય! કેવળ ભક્તિભરી નમસ્કારભરી અંજલિ... આ સિવાય આભાર માનવાની શ્રેષ્ઠ પદ્ધતિ હજુ વિકસી નથી...

• • •



અખૂટ વિસ્મય, અપાર જિજ્ઞાસા, પારદર્શક નિર્દોષતા અને
નિરાળું નિર્દંભપણું એ બાળકની ઓળખ છે.
બાળક જ્યારે એવી જ નિર્દોષતાની સાથે ગોઠડીએ વળગે છે, ત્યારે જ તે
આત્મીયતાનો સ્પર્શ પામે છે.
સ્વામીશ્રી અને બાળકોની એક વિરલ જુગલબંધી છે.
તેઓ દરેક બાળકમાં 'યોગીબાપાનાં દર્શન' કરે છે...
દરેક બાળકમાં એમને 'જગતનો તાત' દેખાય છે...
દરેક બાળકમાં 'આવતીકાલના સમાજઘડવૈયા' દેખાય છે...
અને એટલે જ આ જીવંતપયગંબરોની એમણે વાત્સલ્યથી માવજત કરી છે,
સંસ્કરોથી ઘડતર કર્યું છે, પ્રવૃત્તિઓથી વ્યક્તિત્વ વિકાસ કર્યો છે, સમૂહમાં
રાખી આત્મવિશ્વાસ સીંચ્યો છે.
એમણે બાળકોમાં ભગીરથનું સ્થાપન કર્યું છે... અને
એવા અનેક બાળ ભગીરથોએ સંસ્કારગંગાની દિશા
પોતાનાં દ્વારા માતા-પિતા સુધી વહાવી છે!
ભવિષ્યની આશા સમાં બાળકોને સ્વામીશ્રીએ જાતે પોષ્યાં છે.
ફોન, પત્ર, મુલાકાત કે અન્ય માધ્યમો તો ખરાં જ,
પણ એમાંય પોતાનું હૃદય રેડ્યું છે.
સ્વામીશ્રી હૃદયથી મળે છે. બાળકોનાં હૈયાં કોળી ઊઠે છે.

अमृत महोत्सव ९५